દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 87 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 April 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
સોમવાર, ૧૪ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુર્શિદાબાદમાં હિંદુઓની હાલત કાશ્મીરી પંડિતો જેવી

**▸ સેંકડો લોકોની ભાગીરથી નદી ઓળંગી હિજરત**
**▸ અનેક ઘર, દુકાનો, હૉટેલો પર હુમલા, લૂંટફાટ**
**▸ મહિલાઓ અને છોકરીઓના વિનયભંગની ઘટના**

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના હિંસાગ્રસ્ત મુર્શિદાબાદ જિલ્લામાંથી સેંકડો લોકો, ખાસ કરીને હિંદુઓએ ભાગીરથી નદી ઓળંગીને પાસેના માલદામાં આશ્રય લીધો છે. તેઓની સ્થિતિની સરખામણી જમ્મુ અને કાશ્મીરમાંના કાશ્મીરી પંડિતોની હાલતની સાથે કરાઇ રહી છે. મુર્શિદાબાદમાં હિંદુઓનાં ઘરો, દુકાનો, હૉટેલો પર હુમલા કરાઇ રહ્યા છે અને તેઓને લૂંટવામાં આવી રહ્યા છે તેમ જ મહિલાઓ અને છોકરીઓનો વિનયભંગ કરાઇ રહ્યો છે.

સ્થાનિક વહીવટીતંત્રે હિંસા દરમિયાન હિજરત કરીને બીજે આશ્રય લેનારા લોકોના ખોરાકની વ્યવસ્થા કરી હતી અને તેઓને શાળાઓમાં રહેવાની સગવડ કરી આપી હતી.

પશ્ચિમ બંગાળના મુસલમાનોની બહુમતી ધરાવતા મુર્શિદાબાદના સુતી, ધુલિયાં, જાંગીપુર અને શમશેરગંજ જેવા વિસ્તારમાં સુધારિત વક્ફ કાયદાના વિરોધમાં હિંદુઓનાં ઘરો અને દુકાનો પર હુમલા થઇ રહ્યા છે અને તેને લૂંટવામાં આવી રહ્યા છે.

મુર્શિદાબાદમાં અનેક ઘર, દુકાનો અને હૉટેલોને સળગાવાઇ હતી. અહીં અનેક મહિલાઓ અને છોકરીઓના વિનયભંગની ઘટના નોંધાઇ છે તેમ જ કેટલીક મહિલાઓ બહારના કે સ્થાનિક હુમલાખોરોની ટોળકીથી (જુઓ પાનું ૨) ▸▸

## બંગાળના ચાર જિલ્લા ‘અશાંત’ જાહેર કરવા અમિત શાહને પત્ર

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના પુરુલિયા ખાતેથી ચૂંટાયેલા ભાજપના સાંસદ જ્યોતિર્મયસિંહ મહાતોએ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહને પત્ર લખીને પશ્ચિમ બંગાળના જે ચાર જિલ્લામાં હિંદુઓ પર અવારનવાર હુમલા થાય છે, તેને સશસ્ત્ર દળોને ખાસ સત્તા આપતા ધારા હેઠળ ‘અશાંત’ જાહેર કરવાની વિનંતિ કરી હતી.

તેમણે ૧૩ એપ્રિલે લખેલા આ પત્રમાં આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ, માલદા, નાદિયા અને ૨૪ પરગણામાં હિંદુઓ પર અવારનવાર હુમલા થાય છે, પરંતુ રાજ્યનું વહીવટીતંત્ર તે અંગે ‘આંખ આડા કાન કરી રહ્યું છે’. અહીંના હિંદુઓની સ્થિતિ જમ્મુ અને કાશ્મીરમાંના પંડિતો જેવી થઇ જશે.

જ્યોતિર્મયસિંહ મહાતોએ જણાવ્યું હતું કે રાજ્યમાંની મમતા બેનરજીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કૉંગ્રેસની સરકાર રાજકીય હેતુસર (જુઓ પાનું ૨) ▸▸

## ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં આઠ પાકિસ્તાનીઓની હત્યા

ઇસ્લામાબાદઃ ઇરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં બલૂચ આતંકવાદીઓએ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના આઠ કામદારોની હત્યા કરી હતી. આ માહિતી રવિવારે મીડિયા અહેવાલોમાં સામે આવી હતી.ડોન અખબારના અહેવાલ અનુસાર આ દુઃખદ ઘટના શનિવારે મેહરિસ્તાન જિલ્લાના એક ગામમાં બની હતી. ઇરાની અધિકારીઓએ પાકિસ્તાની નાગરિકોની હત્યાની પુષ્ટિ કરતાં જણાવ્યું કે પીડિતો બહાવલપુરના રહેવાસી હતા અને કાર રિપેરિંગની દુકાનમાં કામ કરતા હતા.

## આંધ્રમાં ફટાકડાના કારખાનામાં આગઃ આઠનાં મોત

વિશાખાપટનમ (આંધ્ર પ્રદેશ) : રવિવારે આંધ્ર પ્રદેશના અનાકપલ્લી જિલ્લામાં ફટાકડાના ઉત્પાદક એકમમાં આગ લાગતાં બે મહિલા સહિત આઠ જણનાં મૃત્યુ થયાં હતાં.

રાજ્યના ગૃહપ્રધાન વી. અનિતાએ કહ્યું હતું કે આગની દુર્ઘટનામાં બે મહિલા સહિત આઠ જણ મરણ પામ્યા છે અને બીજા સાત જણ ઘાયલ થયા છે. ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે. બનાવ પોણાએક વાગ્યે બન્યો હતો. અધિકારીઓએ હાલમાં મૃતદેહો ભેગા કરવા અને ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં ખસેડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

સ્થાનિક લોકો પણ પોલીસને મદદ કરી રહ્યા છે.

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુએ આ બનાવને આઘાતજનક ગણાવ્યો હાતો. તેમણે પ્રધાન અનિતા અને બીજા જિલ્લા અધિકારીઓને ઈજાગ્રસ્તોને યોગ્ય તબીબી સારવાર આપવાની તાકીદ કરી હતી. નાયડુએ આ બનાવની તપાસનો પણ આદેશ આપ્યો હતો અને અધિકારીઓને આનો અહેવાલ તેમને આપવા જણાવ્યું હતું. વાયએસઆરસીપીના વડા જગનમોહન રેડ્ડીએ આ બનાવ અંગે આઘાત વ્યક્ત કર્યો હતો. તેમણે સરકારને દુર્ઘટનાનો ભોગ બનેલાઓને સહાય કરવાની અપીલ કરી હતી. તેમણે તેમના પક્ષના નેતાઓને લોકોને બધી સહાય આપવાનું કહ્યું હતું. (એજન્સી) ■

## વિરાટ કોહલીનો હાફ સેન્ચુરીની સેન્ચુરીનો વિક્રમ

### ટી-૨૦માં ૧૦૦ અડધી સદી ફટકારનાર પ્રથમ ભારતીય બન્યો



કોહલી સહિતના આરસીબીના ખેલાડીઓ ‘ગો ગ્રીન’ અભિયાન હેઠળ લીલો ડ્રેસ પહેરીને રમ્યા હતા. (પીટીઆઇ)

જયપુરઃ વિરાટ કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઉપરાંત ટી-૨૦ ફૉર્મેટમાં પણ નવા-નવા વિક્રમ પોતાને નામે કરી રહ્યો છે અને એ માટે ગઈ કાલે તેણે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)નો સહારો લીધો હતો. બેંગલૂરુ વતી રમતા કોહલીએ જયપુરમાં રાજસ્થાન સામેની મૅચમાં હાફ સેન્ચુરી ફટકારી હતી અને એ સાથે તે સમગ્ર ટી-૨૦ ફૉર્મેટમાં ૧૦૦ હાફ સેન્ચુરી ફટકારનાર વિશ્વનો બીજો અને ભારતનો પ્રથમ બૅટ્સમૅન બન્યો છે.

કોહલીને બાદ કરતા એકમાત્ર ડેવિડ વૉર્નરે ટી-૨૦ ક્રિકેટમાં ૧૦૦ હાફ સેન્ચુરી નોંધાવી છે. તેના નામે કુલ ૧૦૮ હાફ સેન્ચુરી છે.

કોહલીએ ગઈ કાલે રાજસ્થાન સામે ૪૫ બૉલમાં બે સિક્સર અને ચાર ફોરની મદદથી અણનમ ૬૨ રન કર્યા હતા. તેણે ૩૯મા બૉલ પર વિક્રમજનક અડધી સદી પૂરી કરી હતી.

ટી-૨૦ વિશ્વમાં સૌથી વધુ હાફ સેન્ચુરી કરનારાઓમાં વૉર્નર (૧૦૮) અને કોહલી (૧૦૦) પછી બાબર આઝમ (૯૦) ત્રીજા નંબરે, ક્રિસ ગેઇલ (૮૮) ચોથા નંબરે જૉસ બટલર (૮૬) પાંચમા નંબરે છે. આ લિસ્ટમાં ભારતીયોમાં બીજા નંબરના કોહલી પછી રોહિત શર્મા (૭૮) છેક નવમા સ્થાને છે.

કોહલીએ આઇપીએલમાં ફિફ્ટી-પ્લસ સ્કોર્સમાં વૉર્નરની બરાબરી કરી લીધી છે. વૉર્નર ૬૬ ફિફ્ટી-પ્લસ સ્કોર્સ સાથે મોખરે છે અને હવે કોહલી પણ તેની સાથે અવ્વલ સ્થાને છે. ■

## કર્ણાટકમાં પછાત વર્ગના લોકોને ૫૧ ટકા અનામત આપવા ભલામણ

બેંગલૂરુઃ કર્ણાટકના પ્રધાનમંડળને સુપરત કરાયેલા જાતિ પર આધારિત વસતિગણતરીના અહેવાલમાં પછાત વર્ગના લોકોને હાલમાં મળતો ૩૨ ટકા અનામતનો લાભ વધારીને ૫૧ ટકા કરવાની ભલામણ કરાઇ હતી.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે જાતિ પર આધારિત વસતિગણતરીના અહેવાલ મુજબ રાજ્યની કુલ વસતિમાં પછાત વર્ગના લોકોની વસતિ ૭૦ ટકા છે.

અહેવાલમાં પછાત વર્ગના લોકોને રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં પણ ૫૧ ટકા અનામતનો લાભ આપવાની ભલામણ કરાઇ હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે અહેવાલમાં અપાયેલા દૃષ્ટાંતમાં કહેવાયું હતું કે પછાત વર્ગના લોકોની વસતિની ટકાવારીને આધારે તેઓને તમિળનાડુમાં ૬૯ ટકા અને ઝારખંડમાં ૭૭ ટકા અનામતનો લાભ અપાય છે.

રાજ્યમાં સામાજિક - આર્થિક અને શિક્ષણ પર આધારિત સર્વેક્ષણમાં જણાવાયું હતું કે રાજ્યમાંની પછાત વર્ગના લોકોની કુલ વસતિમાં ૧એ કેટેગરીના ૩૪,૯૬,૬૩૮, ૨એ કેટેગરીના ૭૭,૭૮,૨૦૯, ૨બી કેટેગરીના ૭૫,૨૫,૮૮૦, ૩એ કેટેગરીના ૭૨,૯૯,૫૭૭ અને ૩બી કેટેગરીના ૧,૫૪,૩૭,૧૧૩ લોકો છે. (એજન્સી) ■

## ગુનામાં હનુમાન જયંતીના સરઘસ દરમિયાન પથ્થરમારો : નવની અટક

ભોપાલ : મધ્ય પ્રદેશના ગુના શહેરમાં હનુમાન જયંતીના સરઘસ દરમિયાન થયેલા પથ્થરમારાના સંબંધમાં નવ ઈસમની ધરપકડ કરવામાં આવી હતી.

શનિવારે રાત્રે પોણાઆઠ વાગ્યે કર્નલગંજ વિસ્તારમાં બે કોમના સભ્યો આમનેસામને આવી જતાં આ બનાવ બન્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લાવવા સત્તાવાળાઓ ધસી આવ્યા હતા. અધિકારીઓએ કહ્યું હતું કે હવે પરિસ્થિતિ કાબૂમાં છે.

પોલીસના વધારાના સુપરિન્ટેન્ડન્ટ માનસિંહ ઠાકુરે માહિતી આપી હતી કે પથ્થરમારામાં સંડોવાયેલા સહિતના બીજા ગુનામાં સંડોવાયેલા ૮૯ ઈસમને કસ્ટડીમાં લઈ જવામાં આવ્યા છે. બનાવના સીસીટીવી ફૂટેજ અને (જુઓ પાનું ૨) ▸▸

## નક્સલીઓ વિરુદ્ધ લડાઇ અંતિમ તબક્કામાં છેઃ ઝારખંડના મુખ્ય પ્રધાન

રાંચીઃ ઝારખંડમાં નક્સલવાદીઓ વિરુદ્ધની લડાઇ તેના અંતિમ તબક્કામાં છે, એમ રાજ્યના મુખ્ય પ્રધાન હેમંત સોરેને જણાવ્યું હતું.

સોરેન અને રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવારે જવાન સુનીલ ધનના પાર્થિવ દેહને પુષ્પાજંલિ અર્પણ કરી હતી. જે પશ્ચિમ સિંઘભૂમ જિલ્લામાં આઇઇડી વિસ્ફોટમાં શહીદ થયા હતા. રાંચીમાં ઝારખંડ જગુઆર મુખ્યાલય ખાતે શહીદ જવાનના માનમાં પુષ્પાંજલિ અર્પણ સમારોહ યોજાયો હતો. સોરેને પત્રકારોને જણાવ્યું કે નક્સલવાદીઓ વિરુદ્ધની લડાઇ તેના અંતિમ તબક્કામાં છે. નક્સલ વિરોધી અભિયાન દરમિયાન આપણે આપણા ઘણા જવાનો ગુમાવ્યા છે. તેઓના કારણે અમે એક સફળ અભિયાન તરફ આગળ વધી રહ્યા છીએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જવાનોનું બલિદાન વ્યર્થ નહીં જાય અને (જુઓ પાનું ૨) ▸▸

## યુક્રેનના શહેર સુમી પર રશિયાનો મિસાઈલ હુમલો, ૨૦થી વધુ લોકોનાં મોત

કિવઃ રશિયાએ યુક્રેન પર વધુ એક મિસાઇલ હુમલો કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે યુક્રેનના શહેર સુમી પર થયેલા રશિયન મિસાઇલ હુમલામાં ૨૦થી વધુ લોકોના માર્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જ્યારે લોકો પામ સન્ડેની ઉજવણી માટે એકઠા થયા ત્યારે સવારે ૧૦:૧૫ વાગ્યે બે બેલિસ્ટિક મિસાઇલોથી શહેરની મધ્યમાં હુમલો કરાયો હતો. સત્તાવાર ચેનલો પર ઘટનાસ્થળેથી પોસ્ટ કરાયેલા વીડિયોમાં મધ્ય સુમીની આસપાસ કાટમાળ અને ધુમાડા વચ્ચે જમીન પર મૃતદેહો જોવા મળ્યા હતા.

કાર્યકારી મેયર આર્ટેમ કોબઝારે સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં કહ્યું હતું કે આ પામ સન્ડે પર અમારા સમુદાયે એક ભયંકર ત્રાસદી સહન કરી છે. દુર્ભાગ્યવશ, આ હુમલામાં ૨૦થી વધુ લોકો માર્યા ગયાં હતાં.

પ્રાથમિક તપાસને ટાંકીને પ્રોસિક્યુટર જનરલની ઓફિસે જણાવ્યું હતું કે હુમલામાં ઓછામાં ઓછા ૨૧ લોકો માર્યા ગયા હતા. આંતરિક બાબતોના પ્રધાન ઇગોર ક્લીમેન્કોએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, સાત બાળકો સહિત વધુ ૮૩ લોકો ઘાયલ થયા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ પુષ્ટિ કરી હતી કે બચાવ પ્રયાસો ચાલુ છે અને કહ્યું કે બે મિસાઇલ હુમલામાં ‘ડઝનેક’ લોકો માર્યા ગયા છે. પ્રારંભિક માહિતી અનુસાર ડઝનબંધ નાગરિકો માર્યા ગયા અને ઘાયલ થયા હતા. ઝેલેન્સકીએ આ હુમલા માટે વૈશ્વિક પ્રતિક્રિયાની હાકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે વાતચીતે ક્યારેય પણ બેલેસ્ટિક મિસાઇલો અને હવાઇ હુમલાઓને રોક્યા નથી. રશિયા પ્રત્યે એક આતંકવાદીની જેમ વલણ અપનાવવાની જરૂર છે.

આ હુમલો રશિયા અને યુક્રેનના ટોચના રાજદ્વારીઓએ એકબીજા પર ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો નહીં કરવાના એક અમેરિકન મધ્યસ્થતા ધરાવતા કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યાના એક દિવસ કરતાં પણ ઓછા સમયમાં થયો છે. એક દિવસ અગાઉ અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફ શાંતિની સંભાવનાઓ પર ચર્ચા કરવા માટે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મળ્યા હતા.

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઇ લાવરોવે કહ્યું હતું કે યુક્રેન અમારા પર એક-બે અપવાદો સિવાય દરરોજ હુમલાઓ કરી રહ્યું છે. મોસ્કો છેલ્લા ત્રણ અઠવાડિયા દરમિયાન કિવના હુમલાઓની યાદી અમેરિકા, તુર્કી અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને આપશે. યુક્રેનના વિદેશમંત્રી એન્ડ્રી સિબિહાએ આ દાવાનો વિરોધ કરતા કહ્યું હતું કે રશિયાએ મર્યાદિત યુદ્ધ વિરામ માટે સહમતી વ્યક્ત કર્યા પછી લગભગ ૭૦ મિસાઇલો, ૨૨૦૦થી વધુ ડ્રોન અને ૬૦૦૦થી વધુ હવાઇ હુમલાઓ કર્યા છે જેમાં મોટાભાગના નાગરિકો માર્યા ગયા છે.

## અમેરિકા સાથેના વેપારની અનિશ્ચિતતાથી ભારતના વિકાસને માઠી અસર થશેઃ મૂડીઝ

નવી દિલ્હીઃ મૂડીઝ રેટિંગે રવિવારે ભય વ્યક્ત કર્યો હતો કે અમેરિકાની વેપાર નીતિ અંગેની અનિશ્ચિતતાને લીધે ભારત સહિતના એશિયાના દેશોના આર્થિક વિકાસદરને માઠી અસર થશે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીન સિવાયના અનેક દેશથી આયાત કરાતા માલસામાન પરની ટૅરિફમાંના વધારાનો અમલ ૯૦ દિવસ મુલતવી રાખવાની તાજેતરમાં જાહેરાત કરી હતી, પરંતુ ચીનથી આયાત કરાતા માલસામાન પર ૧૨૫ ટકા ટૅરિફ લાદવાનો અને અન્ય દેશોથી આયાત કરાતા માલસામાન પરની ટૅરિફની બેઝલાઇન હાલમાં ૧૦ ટકા રાખવાનો નિર્ણય લીધો હતો.

મૂડીઝ રેટિંગ્સનાં સિનિયર વાઇસ પ્રેસિડન્ટ (ક્રેડિટ સ્ટ્રેટેજી ઍન્ડ ગાઇડન્સ) નિકી ડેંગે જણાવ્યું હતું કે અમેરિકા અને ચીન વચ્ચે વેપાર-યુદ્ધ વણસ્યું છે અને તેની માઠી અસર ભારત સહિતના એશિયાના અન્ય દેશોની બજારોમાં જોવા મળશે.

મૂડીઝની અન્ય કંપની મૂડીઝ એનલિસ્ટિક્સે ભારતનો ચાલુ વર્ષનો આર્થિક વિકાસદર ૬.૪ ટકાથી ઘટાડીને ૬.૧ ટકા કર્યો હતો.

ભારતમાંના નિકાસકારોના મત મુજબ અમેરિકા દ્વારા ટૅરિફમાંનો વધારો ૯૦ દિવસ મુલતવી રાખવામાં આવ્યો છે, તે સમયગાળામાં દ્વિપક્ષી વેપાર-કરાર અંગે મંત્રણા આગળ વધારી શકાય છે. ભારત અને અમેરિકા દ્વિપક્ષી વેપાર લગભગ બમણો એટલે કે ૫૦૦ અબજ ડૉલરનો કરવા કરાર કરી શકે છે. (એજન્સી) ■



**શસ્ત્રો જપ્તઃ** જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડમાં સલામતી દળોએ ઠાર મારેલા ત્રણ ત્રાસવાદી પાસેથી જપ્ત કરાયેલા શસ્ત્રો. (પીટીઆઇ)

## મિઝોરમમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ જપ્ત

નવી દિલ્હીઃ નાણાં મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે ડિરેક્ટરેટ ઑફ રેવેન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)એ મિઝોરમના આઇઝોલના સીમાડા પરથી ૫૨.૬૭ કિલોગ્રામ મેથામ્ફેટામાઇનની રૂપિયા ૫૨.૫૭ કરોડની ગોળીઓ જપ્ત કરી હતી.

પ્રાથમિક તપાસ પરથી માલૂમ પડ્યું હતું કે આ કેફી પદાર્થ મ્યાનમારમાંથી ઝોખાવથાર ક્ષેત્રમાં થઇને મિઝોરમમાં લવાયો હતો. ડિરેક્ટરેટ ઑફ રેવેન્યુ ઇન્ટેલિજન્સે ૧૨ પૈડાંની એક ટ્રક મોડી રીતે અટકાવી હતી અને તેમાંથી કેફી પદાર્થનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. ટ્રકમાં વાળેલા તાડપત્રીના કવરમાંથી ઇંટના કદના કુલ ૫૩ પેકેટ મળ્યા (જુઓ પાનું ૨) ▸▸

## મધ્ય મ્યાનમાર ફરી ભૂકંપથી હચમચ્યું

બેંગકોક : રવિવારે સવારે મધ્ય મ્યાનમારના નાના શહેર મૈકતિલાની નજીક ૫.૫નો ભૂકંપ આવ્યો હતો એવી માહિતી યુએસ જીયોલોજિકલ સર્વેએ આપી હતી. ૨૮ માર્ચે મધ્ય મ્યાનમાર સહિતના વિસ્તારોમાં ૭.૭નો પ્રચંડ ભૂકંપ ત્રાટક્યો ત્યાર બાદ મ્યાનમારમાં રાહતની કામગીરી ચાલુ છે. તાજા ભૂકંપનું કેન્દ્રબિંદુ મ્યાનમારના બીજા નંબરના મોટા શહેર માંડલે અને રાજધાની નોયિડો વચ્ચે હતું. ગયા મહિનાના ભૂકંપમાં માંડલેમાં પ્રચંડ નુકસાન અને જાનહાનિ થઈ હતી. જ્યારે રાજધાનીમાં અનેક સરકારી કચેરીને નુકસાન થયું હતું. તાજા (જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રેખાને ‘ઉમરાવજાન’ કુમુદિની લાખિયાએ બનાવી હતી

**કુમુદિની** લાખિયાનું ૯૪ વર્ષની ઉંમરે અમદાવાદમાં અવસાન થયું એ સાથે જ એક યુગ પૂરો થઈ ગયો. ગુજરાતીઓને શેરબજારમાં પડે છે એટલો રસ શાસ્ત્રીય નૃત્ય-સંગીતમાં નથી પડતો. મોટા ભાગના ગુજરાતીઓને એ બોરિંગ લાગે છે છતાં ગુજરાતમાં શાસ્ત્રી નૃત્ય-સંગીતની પરંપરાને જીવંત રાખવામાં યોગદાન આપનારા જે કેટલાક ગણ્યાગાંઠ્યા દિગ્ગજ આવ્યા તેમાં કુમુદિનીબેન લાખિયાનું નામ સૌથી પહેલાં લેવું પડે. મૃણાલિની-મલ્લિકા સારાભાઈ, નંદન-મંજુબેન મહેતા વગેરે પણ આ કક્ષાનાં દિગ્ગજ છે કે જેમણે એક ભારતીય પરંપરાને જીવંત રાખવા માટે પોતાનું જીવન ખર્ચી નાખ્યું.

કુમુદિનીબેને કથકની પરંપરાને દેશ-વિદેશમાં લોકપ્રિયતા તો અપાવી જ પણ નવા નવા પ્રયોગો દ્વારા નવી પેઢીને તેમાં રસ લેતી પણ કરી. કુમુદિનીબેન કથકની સાથે-સાથે ભરતનાટ્યમ પણ જાણતાં હતાં, પરંતુ તેમણે પોતાની જાતને કથકને સમર્પિત કરી દીધી. ભારતમાં કથક સહિતનાં નૃત્ય સ્વરૂપ અકલ એટલે કે સોલો ગણાય છે. કુમુદિનીબેને કથકને સામૂહિક નૃત્યનું રૂપ આપીને તેની તરાહ બદલી નાખી. કથક નૃત્ય દ્વારા કહેવાતું વાર્તાકથન એટલે કે સ્ટોરી ટેલિંગ છે. તેમાં પરંપરાગત વિષયોની જ વાર્તા કહેવાતી પણ કુમુદિનીબેને નવા નવા વિષયો ઉમેરીને કથકને નવા જમાનાને અનુરૂપ બનાવીને બહુ મોટું યોગદાન આપ્યું. આપણે ત્યાં કથક નૃત્ય કોઠાવાળી, તવાયફો કરે એવી માન્યતા હતી. કુમુદિનીબેને એ માન્યતાનો ભાંગીને ભુક્કો કરવામાં મોટું યોગદાન આપ્યું અને કથક નૃત્ય પર લાગેલું આ લેબલ દૂર કર્યું.

નૃત્યક્ષેત્રે અજોડ પ્રદાન આપવા બદલ કુમુદિનીબેનને ભારત સરકારે પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ એમ ત્રણેય નાગરિક સન્માનથી સન્માનિત કર્યાં પણ કુમુદિનીબેનનું અસલી સન્માન એ છે કે, કથકનો ઉલ્લેખ નીકળે ત્યારે સૌથી પહેલું જીભે ચડતું નામ કુમુદિનીબેનનું છે. ભારતમાં સિતારાદેવી સહિતની મહાન કથક નૃત્યાંગનાઓની સાથે તેમનું નામ લેવામાં આવે છે.

કુમુદિનીબેને બહુ નાની ઉંમરે નૃત્યની સાધના શરૂ કરી દીધી હતી. કુમુદિનીબેન લાખિયા તો સરોદ વાદક રજનીકાન્ત સાથેનાં લગ્નના કારણે બન્યાં પણ એ મૂળ પારસી પરિવારમાં જન્મેલાં. તેમના પિતા પેસ્તનજી ફ્રામજી એન્જિનિયર ને માતા પેરીન ગૃહિણી હતાં. તેમનાં માતાએ નૃત્ય શીખવા માટે પ્રોત્સાહન આપ્યું તેથી એ નાની ઉંમરથી નૃત્ય શીખવા લાગેલાં. પિતા એન્જિનિયર હોવાના કારણે નોકરીઓ બદલાતી રહી તેથી લખનઊ, લાહોર વગેરે સ્થળે રહ્યાં. કુમદિનીબેન ૧૬ વર્ષનાં હતાં ત્યારે તેઓ એ સમયના કથકના મોટા નૃત્યકાર રામ ગોપાલની નૃત્યમંડળીમાં જોડાયાં અને લંડન ગયાં.

કથકમાં રામ ગોપાલને ત્યાં નૃત્યમાં પ્રયોગો થતા જોયા પછી તેમને પણ લાગ્યું કે, કથકને બિબાઢાંળ બનાવવાના બદલે પ્રયોગો જરૂરી છે. લંડનથી ભારત પાછાં આવ્યાં અને લગ્ન થયાં પછી કુમુદિનીબેન દિલ્હીમાં શંભુ મહારાજ પાસે શીખવા ગયાં. બિરજુ મહારાજના કાકા શંભુ મહારાજ કથકના મહાન કલાકાર હતા. દિલ્હીમાં ભારતીય કલા કેન્દ્રમાં ગુરુ શંભુ મહારાજ પાસે દિલ્હીમાં ચાર વર્ષ કથકની તાલીમ લીધી પછી મુંબઈ પાછાં આવીને તેમણે કથકમાં પ્રયોગો શરૂ કર્યા ને તેને જોરદાર સફળતા મળી.

કુમદિનીબેન ૧૯૬૦માં અમદાવાદ આવ્યાં એ પહેલાં મૃણાલિનીબેને ભરતનાટ્યમ અને કથકલી શીખવવા દર્પણ શરૂ કરેલી પણ કથક તરફ લોકોને સૂગ હતી. કુમુદિનીબેને એ સૂગ દૂર કરવાનું કામ કર્યું અને કદમ્બની સ્થાપના પછી તો તેમણે ગુજરાતમાં કથકને લોકપ્રિય બનાવવાનું અભિયાન જ છેડી દીધું જે આજેય ચાલુ છે. ગુજરાતમાં શાસ્ત્રીય ગાયક પંડિત અતુલ દેસાઈની સાથે મળીને તેમણે અદભુત રચનાઓ આપી છે. ગુજરાતમાં પહેલાં માત્ર ધનિક પરિવારોની દીકરીઓ જ નૃત્ય શીખતી હતી. કુમુદિનીબેને મધ્યમ વર્ગની દીકરીઓને પણ કથક શીખતી કરી એ તેમની મોટી સિદ્ધિ છે. કુમુદિનીબેને કરેલી પહેલના કારણે કથક વિશેની માન્યતાઓ બદલાઈ અને હજારો બહેન-દીકરીઓને જીવનને ઉત્સાહથી જીવવાનું કારણ મળ્યું તેની તોલે કશું ના આવે.

કુમુદિનીબેને ગણતરીની હિન્દી ફિલ્મો માટે પણ કોરિયોગ્રાફી કરી છે. મુઝફ્ફર અલીની ‘ઉમરાવજાન’ તેમાં સૌથી યાદગાર છે. કુમદિનીબેન કેટલાં મોટાં નૃત્યકાર હતાં તેની નાની ઝલક અભિનેત્રી રેખાના કારણે વધારે જાણીતી ફિલ્મ ‘ઉમરાવજાન’માં જોવા મળે છે. ખય્યામના યાદગાર સંગીતથી મઢી ‘ઉમરાવજાન’માં રેખાએ નૃત્યોમાં આંખોથી જે અદાઓ બતાવી છે તેનો યશ કુમુદિનીબેનને જાય છે.

શહરીયારે ‘ઉમરાવજાન’ આફરીન થઈ જવાય એવી ગઝલો અને નઝમો લખી. તેમાં એક શેર છે, ‘ઈક સિર્ફ હમીં મય કો આંખો સે પિલાતે હૈં, કહને કો તો દુનિયા મેં મયખાને હજારોં હૈં’. રેખાએ આખી ફિલ્મમાં આ શેરને તાદશ્ય કરી દીધેલો પણ રેખાને આ અદાઓ કુમુદિનીબેને શીખવાડેલી. કથકની બારીકાઈને કુમુદિનીબેને કઈ હદે આત્મસાત કરેલી તેનું ‘ઉમરાવજાન’ શ્રેષ્ઠ ઉદાહરણ છે. મુઝફ્ફર અલીએ પોતે સ્વીકાર્યું છે કે, કુમુદિનીબેન ના હોત તો રેખા ‘ઉમરાવજાન’ ના બની શકી હોત.

વરસો પછી જે.પી. દત્તાએ ‘ઉમરાવજાન’ બનાવી ત્યારે રેખાના સ્થાને ઐશ્વર્યા રાયને ‘ઉમરાવજાન’ બનાવી હતી અ કોરિયોગ્રાફી કુમુદિનીબેનની શિષ્યા વૈભવી મર્ચન્ટને સોંપી હતી. વૈભવી પણ કમાલની કોરિયોગ્રાફર છે ને ઐશ્વર્યા તો ટાઈમલેસ બ્યુટી છે પણ ‘ઉમરાવજાન’ના કુમુદિનીબેન-રેખા જેવો જાદુ ના વૈભવી પેદા કરી શકી કે ના ઐશ્વર્યા રાય. કુમુદિનીબેનની કથક કલાની શ્રેષ્ઠતાનો આ પરચો હતો.

કુમુદિનીબેને ૧૯૮૫ની જયા પ્રદા અને ગિરીશ કર્નાડની સુર સંગમ ફિલ્મની કોરિયોગ્રાફી પણ કરેલી. શાસ્ત્રીય નૃત્ય પર આધારિત સુર સંગમના નિર્દેશક દક્ષિણના દિગ્ગજ ડિરેક્ટર કે. વિશ્વનાથ હતા કે જેમણે હિંદીમાં સરગમ, કામચોર, જાગ ઉઠા ઈન્સાન વગેરે ફિલ્મો બનાવી. સુર સંગમ મુઝફ્ફર અલીની ‘ઉમરાવજાન’ જેવી સુપરહીટ નહોતી પણ કોરિયોગ્રાફીની રીતે આ ફિલ્મ માસ્ટરપીસ છે. મુઝફ્ફર અલીએ ૨૦૧૫માં અવધની તવાયફની લવ સ્ટોરી પરથી જાનિસાર ફિલ્મ બનાવી ત્યારે તેમણે ફિલ્મની કોરિયોગ્રાફી કુમુદિનીબેનને સોંપેલી પણ જાનિસાર ‘ઉમરાવજાન’ ના બની શકી તેથી ફિલ્મની કોઈ નોંધ ના લેવાઈ પણ કુમુદિનીબેને અદભુત કોરિયોગ્રાફી કરેલી. પાકિસ્તાનમાં જન્મેલી પરનિયા કુરેશી આ ફિલ્મની હીરોઈન હતી કે જેની કોઈ બીજી ફિલ્મ આવી નહીં. પરનિયા પરણીને અમેરિકા જતી રહી છે ને અમેરિકન નાગરિક બની ગઈ છે. પરનિયા ટ્રેઈન્ડ ડાન્સર હતી ને તેની પાસે કુમુદિનીબેને અદભુત કામ લીધેલું.

જો કે કુમુદિનીબેનનું મુખ્ય યોગદાન તો કથકની પરંપરાને જીવંત રાખીને લોકપ્રિય બનાવવાનું છે. ગુજરાતમાં ને ખાસ તો અમદાવાદમાં છોકરીઓને કથકમાં રસ લેતી કરી. કુમુદિનીબેન પાસેથી શીખેલી સેંકડો શિષ્યાઓ આજે એ પરંપરાને આગળ ધપાવી રહી છે અને ભારતીય નૃત્યનાં નવ સ્વરૂપોમાંથી એક એવા કથકને જીવંત રાખવામાં યોગદાન આપી રહી છે એ કુમુદિનીબેનની મોટી સિદ્ધિ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,

સોમવાર, તા. ૧૪–૪–૨૦૨૫, ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી,

- ભારતીય દ્નિાંક ૨૪, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ –૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ–૧
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૬મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રે ક. ૨૪–૧૩ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા.ટા., • સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૮, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ •

ભરતીઃ બપોરે ક.૧૩–૦૦, મધ્યરાત્રે ક. ૦૦–૪૭

ઓટઃ સવારે ક. ૦૬–૨૮, સાંજે ક. ૧૮–૫૫,

- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – પ્રતિપદા. ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી, સંક્રાંતિ પુણ્યકાલ સૂર્યોદયથી ક. ૧૨–૩૯, ચૈત્ર સંક્રાંતિ, મેષાદિ (તમિળનાડુ–બંગાળ), કડકપૂજા (બંગાલ), ચિરોબા (મણિપુર).
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ. • મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન. શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા,ચંદ્ર – રાહુ દેવતાનું પૂજન, વાયુદેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. પરદેશ ગમનનું પસતાનું. વિદ્યારંભ, હજામત, શાંતિ પૌષ્ટિક સર્વ શાંતિ પૂજા, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી, વાહન, માલ લેવો, દુકાન–વેપાર, રત્ન ધારણ, પશુ લે–વેંચ, બી વાવવું, ખેતીવાડી, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ઉપવાટિકા બનાવવી. વૃક્ષ રોપવા, નવી તિજોરીની સ્થાપના
- આચમનઃ શનિ–રાહુ યુતિ કૌટુંબિક સંબંધો જાળવવામાં સાવચેતી દાખવવી. • ખગોળ જ્યોતિષઃ શનિ–રાહુ યુતિ

ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, માર્ગી મંગળ–કર્ક, માર્ગી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, માર્ગી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# મુસ્લિમ બોર્ડ વક્ફ કાયદા સામે ૧૯ એપ્રિલે વિરોધ સભા યોજશે

હૈદરાબાદઃ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (એઆઈએમપીએલબી) ૧૯ એપ્રિલે હૈદરાબાદમાં વક્ફ (સુધારા) કાયદાના સામે વિરોધ બેઠક યોજાશે, એવી માહિતી એઆઈએમઆઈએમના વડા અસાદુદ્દીન ઓવૈસીએ આપી હતી. એઆઈએમઆઈએમના વડા મથક દારુસલમમાં મુસ્લિમ બોર્ડના પ્રમુખ ખાલિદ સૈફુલા રહમાનીની આગેવાની હેઠળ સવારના સાતથી રાતના દસ વાગ્યે બેઠક ભરાશે.

હૈદરાબાદના સંસદસભ્ય ઓવૈસીએ કહ્યું હતું કે તેલંગણા અને આંધ્ર પ્રદેશના મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્યો તથા બીજા મુસ્લિમ સંગઠનો વિરોધ બેઠકમાં ભાગ લેશે.

ઓવૈસીએ કહ્યું હતું કે અમે પાર્લામેન્ટ વક્ફ કમિટીના સભ્યો સાથે પણ વાતચીત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. જો તેમની પાસે સમય હશે તો તેઓ આવશે.

એપ્રિલના પહેલા અઠવાડિયામાં સંસદમાં મંજૂર થયેલા ઠરાવ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પાંચ એપ્રિલે સહી કરી હતી.

ઓવૈસીએ આક્ષેપ કર્યો હતો કે નરેન્દ્ર મોદી સરકારે વક્ફ (સુધારો) કાયદો ‘ગેરબંધારણીય’ છે અને તે કલમ ૧૪,૧૫, ૨૫, ૨૬ અને ૨૯મી કલમ સહિતની બંધારણની જોગવાઈઓનો ભંગ કરશે.

તેમણે મોદીને આ કાયદા પર પુનર્વિચાર કરવાનો અનુરોધ કર્યો હતો.

ઓવૈસીએ કહ્યું હતું કે તમે (વડા પ્રધાન મોદી) બંધારણની વિરુદ્ધ જઈને કાયદો બનાવો છો અને તમે તમારી વિચરસરણી દેશ પર ઠોકી રહ્યા છો. તમારી વિચારસરણી ભારતીય રાષ્ટ્રવાદ અને બંધારણ હોવી જોઈએ. (એજન્સી)

તેમણે આક્ષેપ કર્યો હતો કે વક્ફ ટ્રિબ્યુનલના ચુકાદાને બીજી અદાલતમાં પડકારી ન શકાય એવા જુઠાણાં કેન્દ્રની ભાજપ સરકાર ફેલાવે છે. (એજન્સી) ■

# ‘પંજાબમાં ૫૦ બૉમ્બ આવ્યા’, નિવેદન આપી ફસાયા કૉંગ્રેસ નેતાઃ પોલીસે કરી પૂછપરછ

ચંડીગઢઃ પંજાબ પોલીસે રવિવારે કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રતાપ સિંહ બાજવાને તેમણે આપેલા નિવેદનને લઇને પૂછપરછ કરી હતી. જેમાં બાજવાએ કહ્યું હતું કે ‘‘પંજાબમાં ૫૦ બોમ્બ પહોંચ્યા છે, જેમાંથી ૧૮ ફૂટી થયા છે.’’

રાજ્યના મુખ્યમંત્રી ભગવંત માને બાજવાના નિવેદન પર સવાલ ઉઠાવતા કહ્યું કે પંજાબ પોલીસના ગુપ્તચર વિભાગે અથવા તો કોઈ કેન્દ્રીય ગુપ્તચર એજન્સીએ આવી કોઈ માહિતી શેર કરી નથી. માને કહ્યું કે જો બાજવાના નિવેદનનો હેતુ માત્ર ડર ફેલાવવાનો છે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પંજાબ વિધાનસભામાં વિપક્ષના નેતા બાજવાએ એક ખાનગી ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે, ‘‘મને ખબર પડી છે કે પંજાબમાં ૫૦ બોમ્બ પહોંચી ગયા છે. તેમાંથી ૧૮ ફાટી ચૂક્યા છે અને ૩૨ હજુ ફૂટવાના બાકી છે.’’

મુખ્યમંત્રીના નિર્દેશ પર પંજાબ પોલીસની એક ટીમ સહાયક પોલીસ મહાનિરીક્ષક (એઆઇજી) રવજોત કૌર ગ્રેવાલના નેતૃત્વમાં રવિવારે બાજવાના નિવાસસ્થાને પહોંચી અને તેમની પૂછપરછ કરી હતી. એઆઈજી ગ્રેવાલે બાજવાના નિવાસસ્થાનની બહાર પત્રકારોને જણાવ્યું હતું કે ‘‘પોલીસ ટીમ બાજવાના ઘરે તેમના નિવેદનના સ્રોતને જાણવા માટે પહોંચી હતી કારણ કે આ રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો છે.’’ અત્યાર સુધી તેઓએ અમને કોઈ ઉપયોગી માહિતી આપી નથી.

દરમિયાન માને રવિવારે એક વીડિયો સંદેશમાં કહ્યું હતું કે, ‘‘બાજવાએ નિવેદન આપ્યું હતું કે ૫૦ બોમ્બ પંજાબ પહોંચી ગયા છે. પંજાબ પોલીસની ઈન્ટેલિજન્સ ઓફિસ કે દેશની અન્ય કોઈ ઈન્ટેલિજન્સ એજન્સીએ આવી કોઈ માહિતી શેર કરી નથી. તો પછી બાજવાએ આવું નિવેદન કેવી રીતે આપ્યું? શું તેનો પાકિસ્તાન સાથે સીધો સંબંધ છે? શું કોઈ પાકિસ્તાની એજન્સીએ તેમને ફોન કરીને આ માહિતી શેર કરી હતી?’’

માને કહ્યું કે વિગતો શેર કરવાની જવાબદારી બાજવાની છે. તેમણે બાજવાને સવાલ કર્યો હતો કે ‘‘શું તમે બોમ્બ ફૂટવાની અને લોકોના મોતની રાહ જોઈ રહ્યા છો?’’ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ‘‘જો તમારી પાસે સંપૂર્ણ માહિતી નથી અને તમે પંજાબમાં ડર ફેલાવવા માટે આવું નિવેદન આપ્યું છે, તો તે ગંભીર ગુનો છે. કડક કાર્યવાહી કરવામાં આવશે.’’ માને કૉંગ્રેસ પાર્ટી પાસેથી પણ ખુલાસો માગ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘‘શું કૉંગ્રેસ પાર્ટી દેશ વિરોધી શક્તિઓ સાથે સંકળાયેલી છે? શું તેમને ખબર છે કે પંજાબમાં કેટલા બોમ્બ પહોંચ્યા છે અને ફૂટ્યા છે? પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ અને બાજવાએ સ્પષ્ટતા કરવી જોઈએ. બાજવા પર તેમના ‘‘બેજવાબદાર’’ નિવેદન પર હુમલો કરતા માને કહ્યું, કડક કાર્યવાહી માટે તૈયાર રહો.’’ ■

# પંજાબ પોલીસને મળી મોટી સફળતા, આઇઇડી સાથે બે આતંકીઓની કરી ધરપકડ

ચંડીગઢઃ પંજાબ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ રવિવારે જણાવ્યું હતું કે, એક આતંકી મોડ્યૂલના બે સભ્યોની આરડીએક્સ યુક્ત ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઇઇડી) સાથે ધરપકડ કરવામાં આવી છે. પંજાબના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) ગૌરવ યાદવે જણાવ્યું હતું કે આરોપીઓની ઓળખ જગ્ગા સિંહ અને મનજિંદર સિંહ તરીકે થઈ છે. યાદવે જણાવ્યું હતું કે તેઓ જર્મની સ્થિત ગુરપ્રીત સિંહ ઉર્ફે ગોલ્ડી ઢિલ્લો દ્વારા સંચાલિત આતંકવાદી મોડ્યુલના મુખ્ય સભ્યો છે. ઢિલ્લો ગોલ્ડી બ્રાર-લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલો છે. તેમણે ‘એક્સ’ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે કાઉન્ટર ઇન્ટેલિજન્સ ફિરોઝપુરે મોટી સફળતા મેળવી અને જર્મની સ્થિત ગુરપ્રીત સિંહ ઉર્ફે ગોલ્ડી ઢિલ્લો દ્વારા સંચાલિત આતંકવાદી મોડ્યુલના જગ્ગા સિંહ અને મનજિન્દર સિંહની ધરપકડ કરીને પ્રદેશમાં શાંતિ અને સુમેળને ખલેલ પહોંચાડવાના પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઇએસઆઇના કાવતરાને નિષ્ફળ બનાવ્યું છે. ડીજીપીએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા વ્યક્તિઓ પાસેથી ૧.૬ કિલો આરડીએક્સ ધરાવતું ૨.૮ કિલો આઇઇડી અને એક રિમોટ કંટ્રોલ જપ્ત કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આઇઇડી આતંકવાદી હુમલા માટે બનાવવામાં આવ્યું હતું. યાદવે જણાવ્યું હતું કે એનઆઇએએ ઢિલ્લો પર ૧૦ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું છે અને વિસ્ફોટક પદાર્થો અધિનિયમ હેઠળ કેસમાં એફઆઇઆર નોંધવામાં આવી છે. ■

# હિમાચલ પ્રદેશના મંડીમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ

શિમલાઃ હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અધિકારીઓએ આ જાણકારી આપી હતી. હવામાન વિભાગે જણાવ્યું હતું કે સવારે ૯:૧૮ વાગ્યે મંડી શહેર નજીક આવેલા ભૂકંપની ઊંડાઈ પાંચ કિલોમીટર હતી. ભૂકંપનું કેન્દ્ર મંડી ક્ષેત્રમાં ૩૧.૪૯ ડિગ્રી અક્ષાંશ અને ૭૬.૯૪ રેખાંશ પર હતું.અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યના કોઈપણ ભાગમાં અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી. મંડી જિલ્લો ભૂકંપ ઝોન પાંચ હેઠળ આવે છે, જે વધુ જોખમ ધરાવતો ઝોન. ■

# રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને જલિયાંવાલા બાગના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ૧૯૧૯ના જલિયાંવાલા બાગ હત્યાકાંડના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ૧૯૧૯માં આજના દિવસે પંજાબના અમૃતસરમાં જલિયાંવાલા બાગ ખાતે રોલેટ એક્ટનો શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા સેંકડો લોકોની બ્રિટિશ સેનાએ કોઇપણ ઉશ્કેરણી વિના ગોળી મારીને હત્યા કરી હતી.

રાષ્ટ્રપતિએ એક્સ પર હિન્દીમાં જણાવ્યું કે હું જલિયાંવાલા બાગ ખાતે ભારત માતા માટે પોતાના પ્રાણનું બલિદાન આપનારા તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેમના બલિદાને આપણા સ્વાતંત્ર્ય સંગ્રામને વધુ મજબૂત બનાવ્યો છે. કૃતજ્ઞ ભારત હંમેશાં તેમનો ઋણી રહેશે. મને વિશ્વાસ છે કે તે અમર શહીદો પાસેથી પ્રેરણા લઇને તમામ દેશવાસીઓ ભારતની પ્રગતિમાં પૂરા દિલથી યોગદાન આપતા રહેશે.

વડા પ્રધાને એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું કે અમે જલિયાંવાલા બાગના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. આવનારી પેઢીઓ હંમેશાં તેમના અદમ્ય જુસ્સાને યાદ રાખશે. તેમણે કહ્યું કે આ ખરેખર આપણા દેશના ઇતિહાસનો એક કાળો અધ્યાય હતો. તેમનું બલિદાન ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં એક મુખ્ય વળાંક બન્યું હતું. ■

પહેલા પાનાનું ચાલુ

## મુર્શિદાબાદમાં

બચવા નાસી ગઇ છે.

એક મહિલાએ જણાવ્યું હતું કે હુમલાખોરો સુધારિત વક્ફ કાયદા માટે અમને દોષ દે છે અને અમારા પર બૉમ્બ પણ ફેંકે છે. તેઓ અમને તાત્કાલિક ઘર છોડી દેવા ફરજ પાડી રહ્યા છે. હુમલાખોરો અમારાં ઘરોમાંના પુરુષોને ઢોર-માર મારે છે.

અન્ય એક વૃદ્ધાએ જણાવ્યું હતું કે સશસ્ત્ર હુમલાખોરોએ અમારા પરિવારને નાસી જવાની ફરજ પાડી હતી. જો અમે આ વિસ્તાર નહિ છોડીએ તો મારી નાખવાની ધમકી આપી હતી.

પશ્ચિમ બંગાળમાંના વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ દાવો કર્યો હતો કે હિંસાને પગલે ધુલિયામાંથી અંદાજે ૪૦૦થી વધારે હિંદુઓ નાસી ગયા હતા. તેઓએ નદી ઓળંગી હતી અને પાડોશી શહેરની શાળાઓમાં આશ્રય લીધો હતો.

તેમણે સોશિયલ મીડિયા ‘એક્સ’ પર લખ્યું હતું કે તૃણમૂલ કૉંગ્રેસની સરકાર કટ્ટરપંથીઓને ખુશ કરવા હિંદુઓ પરના હુમલા પ્રત્યે ‘આંખ આડા કાન કરી’ રહી છે. હિંદુઓને પકડી પકડીને મારવામાં આવે છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી છે.

દેવનાપુર-સોવાપુર ગ્રામ પંચાયત પ્રધાન સુલેખા ચૌધરીએ જણાવ્યું હતું કે હોડીઓમાં બેસીને હિજરત કરી અહીં આવતા લોકોની સંખ્યા વધતી જાય છે. આ લોકોમાં મહિલાઓની સંખ્યા ઘણી મોટી છે.

માલદામાંના એક સ્વયંસેવકે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં આશરે ૪૦થી ૫૦ હોડીમાં લોકો અહીં આવ્યા છે. (એજન્સી) ■

## બંગાળના

હિંદુઓ પરના હુમલાને નથી રોકતું. મુર્શિદાબાદ જિલ્લામાં તાજેતરમાં હિંદુઓ પર કરાયેલા હુમલામાં ૮૬ હિંદુના ઘર અને દુકાનોનો નાશ કરાયો હતો અથવા લૂંટવામાં આવ્યા હતા. આ ઉપરાંત, હરગોવિંદદાસ અને તેના દીકરાની હત્યા કરાઇ હતી. ઝૌબોના ગામમાં સોપારીના વૃક્ષોનો નાશ કરાયો હતો.

ભાજપના સાંસદ જ્યોતિર્મયસિંહ મહાતોએ અમિત શાહને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે સુધારિત વક્ફ કાયદાના વિરોધમાં હિંદુઓના ઘરો, સાર્વજનિક મિલકત અને પોલીસ પર હુમલા કરાયા હતા. જો કેન્દ્ર સરકાર તાત્કાલિક પગલાં નહિ લે, તો પશ્ચિમ બંગાળમાંની સ્થિતિ કાશ્મીરી પંડિતો જેવી થઇ જશે. (એજન્સી) ■

## નક્સલીઓ

નક્સલીઓ વિરુદ્ધનું અભિયાન તેના અંતિમ લક્ષ્ય સુધી પહોંચશે.

ગંગવારે જણાવ્યું કે આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના હતી. રાજ્ય સરકાર આવી ઘટનાઓ ઘટાડવા માટે સતત કામ કરી રહી છે. સરકાર શહીદોના પરિવારોનું ધ્યાન રાખશે. ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જિલ્લામાં શનિવારે થયેલા આઇઇડી વિસ્ફોટમાં ઝારખંડ જગુઆર કોન્સ્ટેબલ સુનીલ ધન અને સીઆરપીએફ જવાન વિષ્ણુ સૈની ઘાયલ થયા હતા. બંનેને વધુ સારી સારવાર માટે રાંચી લઇ જવામાં આવ્યા હતા. જ્યાં ધનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. જ્યારે સૈનીની હાલત ગંભીર હોવાનું પોલીસના નિવેદનમાં જણાવાયું છે. ■

## ગુનામાં

વીડિયોના આધારે આ લોકો પર ગુના નોંધવામાં આવશે. વધુ લોકોને શોધવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે પોલીસ બીજા આરોપીને શોધી રહી છે અને તેમની ધરપકડ કરવામાં આવશે.

ગુનાના કલેકટર કિશોર કન્યાલે કહ્યું હતું કે મસ્જિદની નજીકથી સરઘસ પસાર થઈ રહ્યું હતું ત્યારે આ બનાવ બન્યો હતો. સંદેશવ્યવહારના અભાવને લીધે બન્ને જૂથ આમનેસામને આવી ગયાં હતાં. એ વિસ્તારમાં સરઘસ લઈ જવાની પરવાનગી નહોતી.

અમુક યુવાનોએ ‘જય શ્રીરામ’નો સૂત્રોચ્ચાર કરતાં પથ્થમારો કરવામાં આવ્યો હતો. આના જવાબમાં ‘અલ્લાહો અકબર’નો નારો લગાડવામાં આવ્યો હતો. (એજન્સી) ■

## મિઝોરમમાં

હતા અને તેમાંથી કેફી પદાર્થ જપ્ત કરાયું હતું. પેકેટ પર ‘૩૦૩૦ માત્ર નિકાસ માટે’ અને ‘૯૯૯’ લખાયું હતું તેમ જ હીરાનું ચિહ્ન હતું.

પકડાયેલી ટ્રક નાગાલૅન્ડમાં નોંધાયેલી હતી અને ભારત – મ્યાનમાર સરહદ નજીકના ઝોખાવથાર ક્ષેત્રમાંથી આવી હતી અને ત્રિપુરા જતી હતી.

ડિરેક્ટરેટ ઑફ રેવેન્યુ ઇન્ટેલિજન્સે આ ટ્રક મિઝોરમ છોડે તે પહેલાં જ પકડી પાડી હતી. અગાઉ, આ ટ્રકમાં મેઘાલયથી ચામ્ફી ખાતે સિમેન્ટ મોકલાઇ હતી. ટ્રક-ચાલક અને તેના સહાયકની કેફી પદાર્થ-વિરોધી કાયદા હેઠળ ધરપકડ કરાઇ હતી.

મેથામ્ફેટામાઇન ‘આઈસ’ કે ‘ક્રિસ્ટલ મેથ’ તરીકે ઓળખાય છે. (એજન્સી) ■

## મધ્ય મ્યાનમાર

ભૂકંપથી કોઈ જાનમાલને નુકસાન થયું હોવાના અહેવાલ નથી. ભૂકંપનો નવો ઝાટકો ૨૮ માર્ચના મોટા ભૂકંપ પછીનો મોટા આફ્ટરશૉકમાંનો એક હતો.

મ્યાનમારના સરકારી પ્રવકતા મેજર જનરલ જો મિન ટુને માહિતી આપી હતી કે શુક્રવારના તાજા આંકડા પ્રમાણે ૨૮ માર્ચના ભૂકંપમાં ૩,૬૪૯ લોકો મરણ પામ્યા છે અને ૫,૦૧૮ ઘાયલ થયા છે. મ્યાનમારના હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે રવિવારના ભૂકંપનું કેન્દ્રબિંદુ માંડલેના ૯૭ કિલોમીટર દક્ષિણે આવલા વુન્ડવિન ટાઉનશિપમાં હતું અને તેની ઊંડાઈ ૭.૭ કિલોમીટર (૪.૮ માઈલ) હતી

વુન્ડવિનના બે રહેવાસીઓએ ફોન પર કહ્યું હતું કે તાજો ભૂકંપ એટલો મજબૂત હતો કે લોકો મકાનની બહાર દોડી આવ્યા હતા. અમુક મકાનની છતમાં નુકસાન થયું હતું. રાજધાનીના એક રહેવાસીએ કહ્યું હતું કે મેં ભૂકંપ અનુભવ્યો નહોતો. ફોન પર માહિતી આપનારે નામ ન આપવાની શરતે માહિતી આપી હતી. આનું કારણ એ છે કે લશ્કરી સરકારને કોઈ માહિતી લીક કરે તો ગુસ્સો આવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે ગયા અઠવાડિયે ચેતવણી આપી હતી કે ૨૮ માર્ચે મોટા ભૂકંપે કરેલા નુકસાનને લીધે માનવતાની કસોટી વકરશે. આંતરવિગ્રહે ૩૦ લાખ લોકોને વિસ્થાપિત કર્યા છે. ભૂકપંને લીધે કૃષિ ઉત્પાદન પર માઠી અસર પડી છે અને ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં અનેક મેડિકલ ફેસિલિટિ નાશ પામતાં આરોગ્ય કટોકટી ઊભી થશે. (એજન્સી) ■

# વડોદરા મનપાની વેરા વળતર યોજનાઃ એડવાન્સ ભરનાર રહેણાક કરદાતા માટે ૧૦ ટકા, કોમર્શિયલ માટે પાંચ ટકા વળતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મહાનગરપાલિકા દ્વારા વેરા વળતરની યોજનામાં એડવાન્સ વેરો ભરનાર રહેણાક અને બિન રહેણાક (કોમર્શિયલ) પર દાતાઓ માટે સને ૨૦૨૫-૨૬ વેરા વળતર યોજના તંત્ર દ્વારા મૂકવામાં આવી છે. સ્થાયી સમિતિની મળેલી બેઠકમાં આ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી જેને મંજૂર કરી હતી.

વડોદરા કોર્પોરેશનની હદમાં આવેલી મિલકતોના મિલકત વેરા અગાઉનાં વર્ષોની પાછલી બાકી રકમ સહ એક સાથે એડવાન્સમાં ભપાઇ કરે તો તેવા કરદાતાઓને મિલકતવેરાની રકમમાં રિબેટ (વળતર ) આપવાની પ્રોત્સાહક યોજના દર વર્ષે જાહેર કરવામાં આવે હતી. તે મુજબ ચાલુ વર્ષે પણ આવી એડવાન્સ વેરા પ્રોત્સાહક રિબેટ (વળતર) યોજના ૨૦૨૫-૨૬ અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજના અમલમાં મૂકવામાં આવતા શહેરનાં અંદાજે ૮.૪૦ હજાર કરદાતાઓને આ યોજનાનો લાભ મળશે. ચાલુ વર્ષે ૨૦૨૫-૨૬ ના વેરાની આવક પેટે કુલ ૮૦૭ કરોડનો બજેટ લક્ષ્યાંક આપવામાં આવ્યું છે. ચાલુ વર્ષે પણ સારો પ્રતિસાદ મળશે તેમ જણાય છે. વધુમાં વધુ કરદાતાઓ એડવાન્સ વેરાની રકમ ઓનલાઈન ભરવા પ્રેરાય તે માટે વડોદરા કોર્પોરેશનના કરદાતાઓને પ્રોત્સાહન આપવા ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ૧ ટકો વધુ રિબેટ (વળતર) આપવાની યોજના અમલમાં મુકી છે.

વડોદરા શહેરના કરદાતા/ મિલકતધારક તેની ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ ની પ્રોપર્ટી ટેક્સની રકમ પાછલાં વર્ષોની બાકી પ્રોપર્ટી ટેક્સની રકમ સાથે સને વર્ષ ૨૦૨૫-૨૬ના આકારણી રજિસ્ટર પ્રસિદ્ધ કરતા પહેલાં આ યોજનાની મુદતમાં એડવાન્સમાં ભરપાઈ કરે તો તેવા કરદાતાઓને રહેણાંક હેતુની મિલકતના પ્રોપર્ટી ટેક્સમાં ૧૦ ટકા વળતર, બિન રહેણાક હેતુની મિલકતના પ્રોપર્ટી ટેક્સની રકમમાં ૫ ટકા વળતર, તથા બન્ને કિસ્સામાં એડવાન્સમાં વેરાની રકમ ઓનલાઇન ભરનાર કરદાતાઓને વધુ ૧ ટકો વળતર આપવાની યોજના છે. આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા કરદાતાઓએ આ યોજનાની જાહેર નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી એક માસની મુદતમાં જે તે મિલકતનો વર્ષ ૨૦૨૫-૨૬નો પ્રોપર્ટી ટેક્સ આગળનાં વર્ષોની બાકી રકમ સાથે ભરવાનો રહેશે.

# મુખ્ય પ્રધાને અમદાવાદમાં સેન્ટર ઓફ એક્સલન્સ ઇન રોબોટિક ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ સર્જરીનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં કાઇઝન હૉસ્પિટલના 'સેન્ટર ઓફ એક્સલન્સ ઇન રોબોટિક ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ સર્જરી'નું વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યું હતું. કાઈઝન હૉસ્પિટલ ૧૦૦ રોબોટિક ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ (જી.આઈ.) સર્જરી કરનારી દેશની પ્રથમ હૉસ્પિટલ બની છે તેની ઉજવણીના પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સંબોધન કર્યું હતું.

આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, ગુજરાતમાં મેડિકલ ક્ષેત્રે ઊભરતી ટેકનોલોજીને હંમેશાથી પ્રોત્સાહન મળતું આવ્યું છે. ગુજરાતમાં ૨૦૧૩માં જ રોબોટિક સર્જરીની શરૂઆત કરવામાં આવી હતી. હવે મેડિકલ ક્ષેત્રે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના સમન્વયનો જમાનો છે. ગુજરાતમાં વિવિધ તબક્કે હેલ્થ સેક્ટરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વિનિયોગની તકો રાજ્ય સરકારે વિકસાવી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, કેન્સર હૉસ્પિટલમાં ૯૫ કરોડના ખર્ચે અત્યાધુનિક રેડિયોથેરાપી સારવાર માટે સાયબર નાઇફ રોબોટિક લિનિયર એક્સલેટર મશીન સરકારે વસાવ્યું છે. યુ.એન. મહેતા હોસ્પિટલમાં પણ ૨૦૨૨થી રોબોટિક્સ સર્જરી શરૂ કરવામાં આવી છે. મેડિકલ ક્ષેત્રમાં પણ એ.આઇ.ના ઝડપથી વધી રહેલા ઉપયોગ અંગે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, એ.આઇ. અને ટેલીમેડિસીનના કારણે હવે દુર્ગમ વિસ્તારોમાં પણ સરળતાથી મેડિકલ સેવાઓ પહોંચી છે. એ.આઇ.ના પરિણામે હવે દર્દીના રોગની હિસ્ટ્રી સરળતાથી મળી રહે છે, અને ડોક્ટર્સને પણ ક્લીનિકલ ડિસિઝન સપોર્ટ મળી રહે છે એટલે દર્દીની સારવાર કરવામાં લાગતો સમય ઘટે છે. ઇમરજન્સીમાં તાત્કાલિક સારવાર પણ મળી રહે છે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે આ પ્રકારનું એ.આઇ. આધારિત ડિજિટલ આઈસીયુ યુ.એન. મહેતા ખાતે શરૂ કર્યું છે. ગિફ્ટ સિટીમાં એ.આઇ. સેન્ટર ઓફ એક્સેલન્સ કાર્યરત કર્યું છે, તેમાં પણ હેલ્થ સેક્ટરના સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપીએ છીએ.

# અમદાવાદ એરપોર્ટના રન-વે વિસ્તરણ માટે ૫૦ વર્ષ જૂનાં ૨૧૦ મકાન તોડી પડાશે

અમદાવાદઃ શહેરના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવેલા ૩૫૦૫ મીટર લાંબા રન-વેની સમકક્ષ ૧૮૯૫ મીટર અડધો ટેક્સી-વે કાર્યરત છે. હવે ૧૬૧૦ મીટરનો ટેક્સી-વે પૂરો કરવા માટે અડચણરૂપ બાંધકામોને દૂર કરવા મેગા ડિમોલેશનની તૈયારીઓ પૂરી કરી લેવામાં આવી છે, સરદારનગર એરિયાના અંદાજે ૫૦ વર્ષથી રન-વેની બાજુમાં ઊભા બે-ત્રણ માળનાં મકાનોને આગામી ટૂંક સમયમાં તોડી પાડવામાં આવશે. આગામી દિવસોમાં નોટિસ ફટકારવામાં આવશે.૨૧૦ જેટલાં મકાનોના રેવન્યું રેકોર્ડની તપાસ થઇ તો જાણવા મળ્યું કે તે દબાણો ગેરકાયદે છે. કારણ કે તે ૨૦ રૂપિયાના સ્ટેમ્પ પર લખીને આપેલા છે. આ મકાનો તોડતા અટકાવવા હાઇ કોર્ટમાં કોઇ સ્ટે ન લાવે માટે કેવિયેટ ફાઇલ કરાઇ હતી, આ તોડફોડમાં જો કોઇ અડચણ ઉભી કરશે તો તેની સામે કલેક્ટર દ્વારા લેન્ડ ગ્રેબિંગ કરવાની તૈયારીઓ થઇ છે. પોલીસ કાફલો પણ સ્થળ પર હશે અને કોઇ અનિચ્છિય ઘટના ન બને તે માટે ખાસ ધ્યાન રખાશે. આગામી સમયમાં પોલીસ અને સરકારી તંત્રને જાણ કરાશે, એરપોર્ટ પર આ મેગા ડિમોલેશન માટે એએમસીના ઉત્તર ઝોનના ડીવાયએમસીએ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરને આ ફાઇલ મંજૂરી માટે મોકલી આપી છે. તમામ પ્રકારની મંજૂરી મળ્યાં બાદ આગામી ટૂંક સમયમાં મેગા ડિમોલેશનની કાર્યવાહી શરૂ કરાશે.

# અખિલેશ-કેજરીવાલને પ્રફુલ પાનશેરિયાનો જવાબઃ બાળકોના ભાવિ સાથે ખોટી માહિતી દ્વારા રમત રમવી ઘાતક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડ પરિણામ હજી જાહેર થયાં નથી, છતાં અખિલેશ યાદવ અને અરવિંદ કેજરીવાલ જેવા નેતાઓ દ્વારા જૂઠાણું ફેલાવી વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોમાં ભ્રમ અને ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું છે.

આ મુદ્દે શિક્ષણ રાજ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ આકરી પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રાજકીય રોટલા શેકવાની કોશિશ અત્યંત નિંદનીય છે. ગુજરાત અને દેશની જનતા જાગૃત છે અને આવી ખોટી વાતોને સ્વીકારી લેતી નથી, માટે જ આવા નકલી નેતાઓને જાગૃત મતદારો દ્વારા સમગ્ર દેશમાં જાકારો મળ્યો છે.

પાનશેરિયાએ જણાવ્યું હતું કે, સરકાર રાજ્યમાં શિક્ષણક્ષેત્રે સિસ્ટમેટિક સુધારાઓ લાવી છે, જેનાથી વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ, ટેકનોલોજી આધારિત શીખવાની સુવિધાઓ અને પાયાનું માળખાગત મજબૂતીકરણ મળ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, શિક્ષણ એ રાજકારણથી ઉપર છે. ગુજરાતના વિદ્યાર્થી મેરિટ અને મહેનતથી આગળ વધી રહ્યા છે. દેશમાં પોતાના રાજકીય એજન્ડાને આગળ ધપાવવા માટે કેટલાક એન્ટી સોશિયલ અને રાષ્ટ્ર વિરોધી નેતાઓ નકલી પરિણામો સોશિયલ મીડિયા પર શેર કરીને બાળકોના ભવિષ્ય સાથે ખિલવાડ કરી રહ્યા છે. બાળકોના ભાવિ સાથે ખોટી માહિતી દ્વારા રમત રમવી ઘાતક છે.

પાનશેરિયાએ વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણ બોર્ડ પોતાનું કાર્ય સંપૂર્ણ પારદર્શકતા અને જવાબદારી સાથે કરે છે.

વાસ્તવિક બોર્ડ પરિણામો યોગ્ય સમયે બોર્ડની અધિકૃત વેબસાઇટ અને અધિકારીક માધ્યમો દ્વારા જાહેર કરવામાં આવશે. અમે દરેક વિદ્યાર્થી, પેરેન્ટ અને શિક્ષક સમાજને વિનંતી કરીએ છીએ કે ખોટા સમાચારથી સતર્ક રહે અને માત્ર અધિકૃત સૂત્રો પર જ વિશ્વાસ રાખે.

# બનાસકાંઠામાં પાણીથી વંચિત ખેડૂતોએ નર્મદા કેનાલમાં યજ્ઞ કરી વિરોધ કર્યો

અમદાવાદઃ બનાસકાંઠાના ખેડૂતો છેલ્લા ઘણાં સમયથી પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ દરમિયાન ખેડૂતોએ નર્મદાની માલસણ બ્રાન્ચ ખાતે થરાદના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત અને આસપાસના ગામના ખેડૂતોએ મંત્રોચ્ચાર સાથે હવન કર્યો હતો. આ પછી પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતે કહ્યું હતું કે, આ વિકાસને વિનાશ તરફ લઈ જઈ રહ્યા છે. આજે કરોડો રૂપિયાનું નુકસાન ખેડૂતોને થઈ રહ્યું છે. માલસણ બ્રાન્ચ ખાતે બ્રાન્ચ કેનાલની અંદર હનુમાન જયંતીના દિવસે યજ્ઞ યોજવામાં આવ્યો હતો. ખેડૂતોએ ગુજરાતના મુખ્ય પ્રધાન અને સિંચાઈ પ્રધાનને સદબુદ્ધિ આપે તેવી વિનંતી કરી હતી. વાવ વિસ્તારમાં નર્મદાના પાણીના ભરોસે ખેડૂતોએ કરોડો રૂપિયા ખર્ચીને બિયારણ, ડીઝલનો ખર્ચ કરીને બાજરી અને રજકાનું વાવેતર કર્યું હતું. ભાજપના નેતાઓ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે, પાણી આપવામાં આવશે. હવે જ્યારે ખેડૂતોએ વાવેતર કર્યું છે અને અડધી સિઝને છેલ્લા ૧૦ દિવસથી પાણી બંધ કરવામાં આવતા ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોએ કહ્યું હતું કે, વાવ પેટા ચૂંટણી વખતે મુખ્ય પ્રધાનથી માંડીને પ્રધાનો અને ભાજપના આગેવાનોએ આ વિસ્તારના વિકાસના વચનો આપ્યા હતા. આ વિકાસને વિનાશ તરફ લઈ જઈ રહ્યા છે. આજે કરોડો રૂપિયાનું નુકસાન ખેડૂતોને જઈ રહ્યું છે. એટલે અમે તો હનુમાન દાદાને વિનંતી કરીએ છિએ કે, વાયુવેગે ગાંધીનગર જાવ સરકારને સદબુદ્ધિ આપો નહીં તો આ વિસ્તારના ખેડૂતોની હાય આ સરકારને ક્યાંય છોડશે નથી.

# નવસારીમાં હનુમાન જયંતીનો મહાપ્રસાદ જમ્યા બાદ ૧૦૦થી વધુ લોકોને ફૂડ પોઇઝનિંગ

અમદાવાદઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મટવાડ અને સામાપોર ગામમાં ૧૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઇ હતી. જેમાં ૭૦થી ૮૦ જેટલાં બાળકો પણ બીમાર પડ્યાં હતાં. હનુમાન જયંતી નિમિત્તે યોજાયેલા મહાપ્રસાદમાં પ્રસાદ લીધા બાદ લોકોને ઝાડા ઊલટીની ફરિયાદ થઇ હતી. આ ઘટનાની જાણ થતાં જ નવસારી જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તમામ દર્દીઓને સારવાર આપી હતી. ભોજનમાં છાશ અને રસ પીરસવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા નવસારી જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ ત્યાં પહોંચી હતી. આરોગ્ય વિભાગની ટીમે મટવાડ, સામાપોર, દાંડી અને કરાડી જેવાં ગામોમાં રાત્રે ૧૨ વાગ્યા સુધી ફરીને અસરગ્રસ્ત દર્દીઓને સારવાર આપી હતી. કોઈ પણ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી નથી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચીને ખાદ્ય પદાર્થોના સેમ્પલ લઈને તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત નવસારી આરોગ્ય વિભાગે ૫ મેડિકલ ઓફિસર સહિતની ૨૬ સભ્યની ટીમ અસરગ્રસ્ત ગામોમાં મોકલી સર્વેની કામગીરી હાથ ધરી સવાર સુધી કુલ ૧૨૦ જેટલા દર્દીઓને સારવાર આપી હોવાનું જાણવા મળ્યું હતું.

# નર્મદા ઉત્તરવાહીની પરિક્રમામાં માનવ મહેરામણ ઉમટ્યુંઃ બે કિમી સુધીની વાહનોની લાંબી કતાર લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી ઘાટ પર ગત તારીખ ૨૯ માર્ચથી નર્મદા ઉત્તરવાહીની પરિક્રમાની શરૂઆત થઇ હતી જે આગામી ૨૭ એપ્રિલ સુધી ચાલશે. આ દરમિયાન શનિવાર અને રવિવારની રજા હોય નર્મદા પરિક્રમાના રસ્તે માનવ મહેરામણ ઉમટી પડતા કુંભ મેળા જેવા દ્રશ્યો સર્જાયાં હતાં. ડભોઈ, તિલકવાડાના નાકે અને રાજપીપલા તરફ બે બે કિલોમીટર સુધીની વાહનોની લાંબી કતાર લાગી હતી. વડોદરા તેમજ નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી લગભગ છ કિમી સુધી ઉત્તર દિશામાં વહેતી હોવાથી ચૈત્ર મહિનામાં પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમાનું વિશેષ માહાત્મય છે. આ પરિક્રમામાં ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર સહિત વિવિધ રાજ્યોમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ ઉમટી પડતા હોય છે. પરિક્રમાનો પ્રારંભ રામપુરા ઘાટીથી કરવામાં આવ્યો છે અને પરત રામપુરા ખાતે જ પરિક્રમા પૂર્ણ થાય છે. જોકે રવિવારેની રજા હોય વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ પરિક્રમામાં માટે આવી પહોંચતા શ્રદ્ધાળુઓના વાહનો ચાર કિલો મીટર સુધી પાર્ક કરાયા હતા. જેના કારણે અન્ય રાજ્યોથી આવેલ અનેક શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા હતા.

# સાબરકાંઠામાં કુટુંબના પાંચ સભ્યોએ ઝેર પીધું, માતા-પિતાનું મોત, ત્રણ બાળકની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં શ્રમિક પરિવારના પાંચ સભ્યએ ઝેરી દવા પી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. વડાલીના સગરવાસમાં રહેતા પરિવારના પાંચ સભ્યમાંથી માતાપિતાનું સારવાર દરમિયાન દુઃખદ અવસાન થયું હતું.

જ્યારે તેમનાં ત્રણ બાળકને વધુ સારવાર માટે અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. જો કે, પરિવારે દવા શા માટે પીધી તે હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, ખેતમજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા વિનુભાઈ મોહનભાઈ સગર (ઉ.૪૨)એ પત્ની કોકિલાબેન (ઉં.૪૦) અને ત્રણ સંતાન સાથે મળી અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. આસપાસના લોકોને ઘટના અંગે જાણ થતાં તેઓ તરત જ દોડી આવ્યા હતા. તેમને સૌપ્રથમ ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી વડાલીમાં જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યાર બાદ તેમને ઈડરની પંચમ હોસ્પિટલ અને પછી હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમિયાન પ્રથમ વિનુભાઈનું અને ત્યાર બાદ રાત્રે કોકિલાબેનનું મોત નીપજ્યું હતું.

આ દરમિયાન મોડી રાત્રે પરિવારનાં બે પુત્ર અને એક પુત્રીને ઝેરી દવાની વધુ અસર થતાં તેઓને હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં તબીબો દ્વારા તાત્કાલિક તેમની ડાયાલિસિસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

જો કે ૧૯ વર્ષીય પુત્રી ભૂમિકા, ૧૮ વર્ષીય પુત્ર નિલેશ અને ૧૭ વર્ષીય નરેન્દ્રને ઝેરી દવાની અસર વધુ હોવાને કારણે તેમની સ્થિતિ નાજુક હોવાનું જણાતા તેમને વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રિફર કરવામાં આવ્યા હતા.

# ભાવનગરમાં હત્યા અને ત્યારબાદ હુમલાની ઘટનાઃ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

ભાવનગરઃ શહેરના રૂવાપરી રોડ પર આવેલ મહાકાળી વસાહતમાં રવિવારે રાત્રિના સમયે સાળા-બનેવી ઉપર કરવામાં આવેલા હુમલાની ઘટનામાં ઇજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમિયાન મોત થયાં બાદ મૃતક યુવાનના સાળા સહિતના ટોળાએ હુમલો કરનાર આરોપીઓના ઘર ઉપર પથ્થરમારો કરી ત્રણ ઘર અને સીએનજી રીક્ષા સળગાવી દેતા વિસ્તારમાં નાસભાગ મચી ગઇ હતી. આ ઘટનાના પગલે પોલીસ કાફલો દોડી ગયો હતો અને બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ બનાવ અંગે મહિલાએ મૃતક યુવાનના બે સાળા સહિત ટોળા વિરુદ્ધ ત્રણ મકાન અને રીક્ષાને સળગાવી દઈ રૂ.ત્રણ લાખનું નુકસાન કર્યાની ફરિયાદ નોંધાવી છે. આ બનાવની વિગતો એવી છે કે શહેરના રૂવાપરી રોડ, મહાકાળી વસાહતમાં રહેતો નરશી પરષોત્તમ ઘરની અંગત વાત બહાર કરતો હોવાની શંકા રાખી વસાહતમાં રહેતા સાગર ચૌહાણ અને તેના ભાઈઓ સહિતના પરિવારે ધારીયું તેમજ લોખંડના પાઇપ વડે હુમલો કરતા નરશીભાઈને ગંભીર ઇજા પહોંચી હતી.

આ બનાવમાં બનેવીને બચાવવા વચ્ચે પડેલા તેમના સાળા વિજય વાજા ઉપર પણ હુમલો કરાયો હતો. હુમલાની ઘટનામાં ઇજાગ્રસ્ત નરશીભાઈનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. નરશીભાઈનું મૃત્યુ થયા બાદ ગત રાત્રિના સમયે તેમના બે સાળા સહિતના ટોળાએ હુમલો કરનાર પરિવારના ઘર ઉપર પથ્થરમારો કર્યા બાદ જ્વલનશીલ પ્રવાહી છાંટીને આગ લગાડી દીધી હતી અને ઘર બહાર ઊભેલી રીક્ષાને પણ સળગાવી દીધી હતી. આ ઘટનામાં મોંઘી ઘરવખરી પણ સળગી ગઈ હતી.

આ બનાવની જાણ થતા ડીવાયએસપી સહિતનો મસમોટો પોલીસ કાફલો તેમજ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરબ્રિગેડ જવાનોએ પાણીનો છંટકાવ કરી આગ બુઝાવી હતી. આ ઘટનાના પગલે વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

# નર્મદા જિલ્લામાં સાપ કરડતાં પીડિતને ૧૦ કિ.મી. દૂર ઊંચકીને લઈ જવાયો

અમદાવાદઃ ગુજરાતના વિકાસના સરકારી દાવાઓની ફરી એકવાર પોલ ખૂલી ગઈ હતી. નર્મદા જિલ્લાના ચાપટ ગામના પેટા ફળિયામાં રહેતા ઇસિદ્રભાઈને સાપ કરડતા રોડના અભાવે ઝોળીમાં નાંખીને દવાખાને લઈ જવા પડ્યા હતાં. આ ઘટના બાદ નર્મદાનો ઝોળીદાર વિકાસ ફરી એકવાર બહાર આવ્યો છે. મળતી માહિતી મુજબ, નર્મદા જિલ્લાના ચાપટ ગામના પેટા ફળિયામાં ઇસિદ્રભાઈ વસાવાને સાપ કરડ્યો હતો. સાપ કરડ્યા બાદ તેમને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. પરંતુ, રસ્તાના અભાવે એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચી શકે તેમ ન હતી. તેથી, આશરે ૧૦ કિ.મી સુધી ઈસિદ્રભાઈને ઝોળીમાં નાંખીને મુખ્ય રોડ સુધી લાવવામાં આવ્યા હતા. મુખ્ય માર્ગ પરથી બાદમાં તેમને ખાનગી વાહનમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. હાલ, હૉસ્પિટલમાં તેમની સારવાર થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાનું આ ગામ સ્ટેચ્યૂ ઑફ યૂનિટી ૧૦ કિલોમીટરના અંતરે આવેલું છે. આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ ચાપટ ગામને રસ્તાની સુવિધા નથી મળી. જ્યારે સ્ટેચ્યૂ ઑફ યુનિટીના નામે કરોડો રૂપિયા વિકાસના નામે ખર્ચ કરવામાં આવે છે. આ પહેલાં ચાપટ ગામની પાયલ વસાવા નામની પ્રસૂતાનો વીડિયો થયો વાઈરલ હતો.

# અમદાવાદમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૬,૫૫૬ આગના બનાવો બન્યાઃ ઉનાળામાં સૌથી વધુ ઘટનાઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૬૫૫૬ આગના બનાવો બન્યા હતા, જેમાં ૬૦ ટકા એટલે કે ૩૯૩૩ આગ શોર્ટ સર્કિટ થવાના કારણે લાગી હતી. તેમાં પણ ગરમીના માર્ચથી જૂન મહિના સુધીમાં શોર્ટ સર્કિટ થવાના બનાવો બન્યા હતા. ત્રણ વર્ષમાં માર્ચથી જૂન સુધીમાં કુલ ૨૬૨૨ કોલ ફાયર બ્રિગેડને મળ્યા હતા. આગની ઘટનાનું મુખ્ય કારણ નિયત ઈલેક્ટ્રિક લોડ કરતાં વધુ લોડના કારણે વાયરો ગરમ થાય છે અને ઈલેક્ટ્રિક ડક તથા એસી ડક્ટમાં આગ લાગે છે. જો કે ઈલેક્ટ્રિક ઈન્સ્પેક્ટરોનું ચેકિંગ સમયાંતરે કરાવવું જોઈએ જે થતું ન હોવાથી શોટ સર્કિટથી આગ લાગવાના બનાવો સતત વધી રહ્યા છે.

વાતાવરણ ગરમ હોય અને ઈલેક્ટ્રિક ઉપકરણના વધુ ઉપયોગથી ઓવરહિટીંગ થવાથી, એમસીબી તથા એલસીબી ટ્રિપ થતાં આગ લાગે છે. ફાયરબ્રિગેડને ૩ વર્ષમાં આગના ૬૫૫૬ કોલ મળ્યા હતા, જ્યારે આગમાં ફસાયેલા ૧૨૩૬૯ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. કોમર્શિયલ તથા ફ્લેટના ગ્રાઉન્ડ ફ્લોર પર લાગેલી આગમાંથી ફાયર બ્રિગેડે ૭૪૨૧ લોકોને બચાવ્યા હતા. એટલે કે રેસ્ક્યૂ કર્યાના ૬૦ ટકા કોમર્શિયલ તથા ફ્લેટના ગ્રાઉન્ડ ફ્લોર પરથી બચાવવામાં આવ્યા હતા.

# વડોદરાની એમ.એસ યુનિ.માં જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીની આત્મહત્યા

અમદાવાદઃ વડોદરાની એમ.એસ યુનિવર્સિટીમાં ટેકનોલોજી ફેકલ્ટીના બીજા વર્ષમાં બીઈ ટેકનોલોજીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ હતી. અભિષેક શર્મા નામના વિદ્યાર્થીએ એમ વિશ્વેસરાય હોસ્ટેલના હોલના રૂમ નંબર ૮૮માં પંખા પર ચાદર બાંધી જીવાદોરી ટૂંકાવી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે એસએસજી હૉસ્પિટલ ખસેડ્યો હતો. જો કે વિદ્યાર્થીએ કયા કારણોથી આત્મહત્યા કરી તેનું કારણ જાણી શકાયું નથી. મૃતક વિદ્યાર્થી અભિષેક શર્મા મૂળ ઉધમપુર જમ્મુ કાશ્મીરથી અભ્યાસ અર્થે વડોદરા આવ્યો હતો. વિદ્યાર્થીના મોત મામલે ફતેગંજ પોલીસે હોસ્ટેલના વોર્ડનનું નિવેદન લઇ વધુ તપાસ હાથ ધરી હતી. વિદ્યાર્થીના આપઘાતથી એમએસ કેમ્પસમાં શોકની લાગણી છવાઇ હતી. વિદ્યાર્થીના આપઘાત અંગે યુનિવર્સિટીના ઇન્ચાર્જ વાઇસ ચાન્સેલર ડૉ. ધનેશ પટેલે જણાવ્યું હતું કે, આ આપઘાત કયા કારણોસર કર્યો તે જાણી શકાયું નથી. અભ્યાસમાં કોઈ મુશ્કેલી પડી કે અન્ય કોઈ કારણ છે તે બાબતે અમે ફેકલ્ટી હેડને સૂચનાઓ આપી છે. આ વિદ્યાર્થીના મૃતદેહને પોસ્ટમોર્ટમ બાદ તેઓના માતા-પિતા અહીંયા આવે છે કે કેમ અન્યથા તેના વતનમાં મોકલવા અંગે હવાઈ માર્ગે વ્યવસ્થા કરવામાં આવશે.

# ગુજરાતમાં જિલ્લા પ્રમુખોની વરણી માટે કૉંગ્રેસે ઓબ્ઝર્વરની નિમણૂક કરીઃ ૧૫ એપ્રિલે મોડાસામાં બેઠક

અમદાવાદઃ ગુજરાતમાં કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશ યોજાયા બાદ કૉંગ્રેસના નેતાઓએ જે ઠરાવો કર્યા હતા તેની અમલવારીની દિશામાં પણ કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

આગામી દિવસોમાં કૉંગ્રેસે જિલ્લા પ્રમુખોને વધુ સત્તા આપવાનો નિર્ણય કર્યો હતો. જેના ભાગરૂપે ગુજરાતના ૪૧ જિલ્લા પ્રમુખોની પસંદગી માટે કૉંગ્રેસે એઆઈસીસી અને પ્રદેશ કૉંગ્રેસ કમિટીના નેતાઓની ઓબ્ઝર્વર તરીકે નિમણૂંક કરી હતી. ૪૩ પ્રમુખો નક્કી કરવા માટે જે ગ્રુપ બનાવવામાં આવશે તેમાં કન્વીનર તરીકે એઆઈસીસીના ઓબ્ઝર્વર રહેશે,. જ્યારે તેઓની સાથે પીસીસીના ચાર ઓબ્ઝર્વર રહેશે. ઓબ્ઝર્વરની નિમણૂકો કરાયા બાદ તેઓની પ્રથમ બેઠક ૧૫ એપ્રિલે મોડાસામાં મળશે. કૉંગ્રેસે ઓબ્ઝર્વરની જે યાદી જાહેર કરી હતી. કૉંગ્રેસ અધિવેશન દરમિયાન ગુજરાતમાં પક્ષને વધુ મજબૂત કરવા પર ભાર મુકાયો હતો. ખુદ રાહુલ ગાંધી જિલ્લા પ્રમુખની નિમણૂક માટે ૧૫મી એપ્રિલે ગુજરાત આવવાના છે. દિલ્હીના ૩ નેતા અને ગુજરાતના ૧ નેતા તેમની સાથે હાજર રહેશે અને જિલ્લા પ્રમુખ માટેની સેન્સ લેશે.

ઉમેદવાર પક્ષ માટે કઇ રીતે કામ કરે છે, કેટલા સમયથી પક્ષમાં છે, ચૂંટણીમાં કેવી કામગીરી કરી છે, શું કોઇ પક્ષવિરોધી પ્રવૃત્તિ કરી છે? વગેરે જેવી બાબતો ધ્યાને લેવાશે. સૂત્રોના દાવા મુજબ રાહુલ ગાંધી અરવલ્લીના મોડાસા પણ આવવાના છે. દરમિયાન કૉંગ્રેસે ગુજરાતના એક ડઝન જેટલા નેતાનું લિસ્ટ તૈયાર કરી લીધું છે, જેમની સામે ગમે ત્યારે સાઇડલાઇન કરવાથી માંડીને સસ્પેન્શન સુધીનાં પગલાં લેશે. આ નેતાઓ વિરુદ્ધ પુરાવા સાથેની ફરિયાદો મળી છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બાઈક પૂલિંગને મંજૂરી, ઇ-બાઈક ટેક્સીને પણ લીલી ઝંડી

મુંબઈઃ પાડોશી, પોતાના મિત્ર અથવા સહકર્મચારીઓને ઘણી વખત લિફ્ટ આપવામાં આવે છે, પરંતુ જો પોતાના વાહનમાં લિફ્ટ આપી કમાણી કરવામાં આવે તો? મહારાષ્ટ્રમાં બાઇક પૂલિંગ કાયદેસર થવા જઇ રહી છે. આ દ્વારા પ્રદૂષણ ઘટવાની પણ શક્યતા છે. મહારાષ્ટ્ર કેબિનેટે પહેલી એપ્રિલે બાઇક પૂલિંગને તો મંજૂરી આપી હતી, આ સાથે ઇ-બાઇક ટેક્સીને પણ લીલી ઝંડી દેખાડી હતી. આ નવી યોજના હેઠળ ખાનગી ટુ-વ્હીલર માલિકો યોગ્ય તે નિયમો બન્યા બાદ પૈસા લઇને કોઇને પણ લિફ્ટ આપી શકશે. અમુક અધિકારીઓનું કહેવું છે કે બાઇક પૂલિંગને મંજૂરી આપનાર મહારાષ્ટ્ર દેશમાં કદાચ પહેલું રાજ્ય હશે, જ્યારે કે બાઇક ટેક્સી ગોવા સહિત અન્ય ૧૨ રાજ્યમાં કાર્યરત છે.

મહારાષ્ટ્રમાં વાહનોની સંખ્યા ચાર કરોડને પાર થઇ ગઇ છે અને દર વર્ષે તેમાં પચીસ લાખ નવા વાહનોનો ઉમેરો થઇ રહ્યો છે જેને કારણે ટ્રાફિકની સમસ્યા, પ્રદૂષણ તથા અન્ય સમસ્યાઓ વધી રહી છે. હાલમાં ગુડી પાડવાના શુભ મુહુર્તે રાજ્યમાં એક અઠવાડિયામાં અંદાજે ૮૭,૦૦૦ વાહનોની નોંધણી કરવામાં આવી હતી.

# મુંબઈમાં ૧૫ એપ્રિલથી પખવાડિયું વૃક્ષ સંજીવની ઝુંબેશ

મુંબઈઃ મુંબઈમાં વૃક્ષોના સંવર્ધન માટે ૧૫ એપ્રિલથી ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી નવૃક્ષ સંજીવનીથ અભિયાન ૨.૦ હાથ ધરવામાં આવવાનું છે. આ અભિયાન હેઠળ મુંબઈના રસ્તાને લાગીને આવેલા વૃક્ષોને નવજીવન આપવાનું અને તેના આરોગ્યને ટકાવવા માટે કામ કરવામાં આવશે. મુંબઈ મહાનગરપાલિકાએ આ અગાઉ ૨૦૨૨ની સાલમાં આ અભિયાન સૌ પહેલા હાથ ધર્યુ હતું. પહેલા તબક્કામાં મળેલી સફળતા બાદ હવે બીજા તબક્કામાં ફરી એક વખત આ અભિયાન હેઠળ વૃક્ષો પર લાગેલા ખિલ્લા, જાહેરાતના બૅનર,પોસ્ટર્સ, વાયરો હટાવવામાં આવશે. એ સાથે જ રસ્તાને લાગીને આવેલા વૃક્ષોનાં મૂળિયાં પર રહેલા સિમેન્ટ-કૉંક્રીટના થરને હટાવવામાં આવશે.

# મુંબઈમાં આવતું આખું સપ્તાહ ફાયર સર્વિસ વીકઃ મોકડ્રિલ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નફાયર સર્વિસ વીકથની ઊજવણી નિમિત્તે મુંબઈમાં આવતું આખું અઠવાડિયું નાગરિકોને આગ સંબંધી માહિતી આપવા હૉસ્પિટલો, કમર્શિયલ બિઝનેસ કૉમ્પ્લેક્સ સહિત સ્કૂલ અને રહેણાંક વિસ્તારમાં ફાયરબ્રિગેડ દ્વારા મોક ડ્રિલ હાથ ધરવામાં આવવાની છે.

મુંબઈ ફાયરબ્રિગેડ દ્વારા ૧૪ એપ્રિલ થી ૨૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી સમગ્ર મુંબઈમાં મોટા પ્રમાણમાં જનજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવવાનું છે, જેમાં મુંબઈના જુદા જુદા ઠેકાણે ખાસ કરીને હૉસ્પિટલ, બિઝનેસ કૉમ્પ્લેક્સ, સ્કૂલ, મોટા હાઉસિંગ કૉમ્પ્લેક્સ, ચાલી જેવા ઠેકાણે આગ લાગે ત્યારે શું કરવું તે માટે આગપ્રતિબંધક અને ફાયર સેફ્ટી વિશે લોકોને માહિતી આપતા ફાયરબ્રિગેડના સાધનોનું પ્રદર્શન, રેલી, મોક ડ્રિલ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. મુંબઈમાં બહુમાળી ઈમારતની સંખ્યા વધવાની સાથે જ આગ લાગવાનું પ્રમાણ પણ વધી ગયું છે. ઘરના રસોડામાં પણ અમુક વખતે નાની એવી આગ લાગી જતી હોય છે. ફાયર બ્રિગ્રેડના અધિકારીના જણાવ્યા મુજબ આગ લાગ્યા બાદ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચે ત્યાં સુધીનો ગોલ્ડલ અવર્સ બહુ મહત્ત્વનો હોય છે. જો આગ મામૂલી હોય અને નાના સ્તરે લાગી હોય તો નાગરિકો ફાયર બ્રિગેડ આવે તે પહેલા તેને નિયંત્રણમાં લાવવાના અથવા પોતાના જીવ સહિત અન્યનો જીવ બચાવવા માટે પ્રયાસ કરી શકે છે અને તે માટે નાગરિકોમાં આગ સંબંધી પ્રાથમિક માહિતી હોવી આવશ્યક છે. તેથી ફાયર બ્રિગેડ દ્વારા આવતું આખું અઠવાડિયું મુંબઈની સ્કૂલ અને રેસિડેન્શિયલ કૉમ્પ્લેક્સમાં ફાયરસેફ્ટીને લગતી માહિતી આપતી રેલી અને મોક ડ્રિલ કરાશે, જેમાં પ્રાથમિક સ્તરે આગ લાગે ત્યારે તેની બુઝાવવા શું કરવું? કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો, ફાયર એક્ટિંગ્વિશરનો ઉપયોગ, રસોડમાં ઘરના ગૅસ સિલિન્ડરના ગળતરને રોકવા શું કરવું જેવી માહિતી આપવામાં આવશે. મુંબઈ ગોદી(ડૉક)માં ૧૪ એપ્રિલ, ૧૯૪૪ના એસ.એસ. ફોર્ટ સ્ટિકીન બોટમાં સ્ફોટ થઈને ગોદીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગને બુઝાવવાની કામગીરી દરમ્યાન મુંબઈ ફાયર બ્રિગેડના ૬૬ જવાનો અને અધિકારીઓ શહીદ થઈ ગયા હતા, તેમના સ્મરણમાં ભારત સરકારે ૧૯૬૮માં ૧૪ એપ્રિલનો દિવસ નેશનલ ફાયર સર્વિસ ડે જાહેર કર્યો હતો. ત્યારથી ૧૪ એપ્રિલ થી ૨૦ એપ્રિલનું અઠવાડિયું નફાયર સર્વિસ વીકથ તરીકે ઉજવવામાં આવે છે.

નોંધની છે કે મુંબઈમાં જાન્યુઆરી ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ના સમયગાળામાં મુંબઈમાં ૫,૩૦૧ આગના બનાવ બન્યા હતા. તો ૨૦૨૩માં ૫,૦૭૪ આગના બનાવ બન્યા હતા.

# એમપીએસસીના વિદ્યાર્થીઓની માગણીઓ પ્રત્યે સંવેદનશીલ બનોઃ શરદ પવારની મહારાષ્ટ્ર સરકારને સલાહ

પુણેઃ એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારો સામે પોલીસ કાર્યવાહીની ટીકા કરી છે અને રાજ્ય સરકારને તેમના મુદ્દાઓ પ્રત્યે સંવેદનશીલ રહેવા જણાવ્યું છે.

પુણેમાં વિરોધ પ્રદર્શન કર્યાના એક દિવસ પછી નોકરી ઇચ્છુકો શનિવારે પવારને મળ્યા હતા અને શૈક્ષણિક પડકારો અને તાજેતરના વહીવટી નિર્ણયો અંગે તેમની ફરિયાદો વ્યક્ત કરી હતી.

મીટિંગ દરમિયાન ઉમેદવારોએ તેમની તૈયારીને અસર કરતા અનેક મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો અને સરકાર પાસેથી વિદ્યાર્થી-મૈત્રીપૂર્ણ અભિગમની માગણી કરી હતી.

ઉમેદવારોમાંથી એકે એવો દાવો કર્યો હતો કે શરદ પવારે તેમને ખાતરી આપી છે કે તેમની ચિંતાઓના નિરાકરણ માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

વાતચીત પછી સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં, પવારે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહીની ટીકા કરી હતી અને તેને નમહારાષ્ટ્ર જેવા રાજ્ય માટે અયોગ્યથ ગણાવ્યું હતું. નસમાજની સેવા કરવાના વિઝન સાથે વહીવટમાં જોડાવા માટે પ્રયત્નશીલ વિદ્યાર્થીઓની સમસ્યાઓ સમજવાની જવાબદારી રાજ્યના નેતૃત્વની છે. રાજ્ય સરકારે તેમના માટે પોષક વાતાવરણ બનાવવું જોઈએ,થ એમ તેમણે કહ્યું હતું.

પીઢ નેતાએ મહારાષ્ટ્ર સરકારને સંવેદનશીલ અભિગમ અપનાવવા અને એમપીએસસીના ઉમેદવારોના હિતમાં વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી.

એમપીએસસીના ઉમેદવારોએ પરીક્ષાના પરિણામોમાં અનિયમિતતા અને પારદર્શિતાના અભાવનો આરોપ લગાવીને ધરણા પ્રદર્શન કર્યું હતું, ઉપરાંત અન્ય માગણીઓ પણ ઉઠાવી હતી, જેના કારણે પોલીસે તેમની અટકાયત કરી હતી. (પીટીઆઈ)

પાંચમા પાનાનું ચાલુ

## કર્મ કોઇને છોડતો

હતો જેથી આવા નરાધમોમાં થોડો ડર રહે. ભાજપનાં નેતા મનીષા રાણેએ કહ્યું હતું કે ગવળીને જાહેરમાં કાયદેસર સજા આપવી જોઇતી હતી જેથી મહિલાઓ સામે અત્યાચાર કેસમાં સંડોવાયેલા લોકોને કડક સંદેશ મળત. અપેક્ષા કરતા સુનાવણીઓ ઘણી લાંબી ચાલતી હોય છે, પણ કર્મ કોઇને છોડતો નથી. આ કેસમાં પણ આવું જ થયું છે.

## રાયગડ કિલ્લા પર

ભાષણ કર્યું હતું. રાયગડ કિલ્લા પર હકીકતમાં શું થયું એ વિશે સ્પષ્ટતા કરતા અજિત પવારે કહ્યું હતું કે સમયના અભાવે મેં ભાષણ કર્યું નહોતું.

છત્રપતિ શિવાજી મહારાજના વિચારો કેવી રીતે આગળ લઇ જવા એ વિશે રાયગડ કિલ્લા પર ચર્ચાઓ થઇ. વારાફરતી બધાએ ભાષણ કર્યું, પણ સમયના અભાવે મેં ભાષણ કર્યું નહીં. શિંદે, ફડણવીસ, અમિત શાહ બધાએ ભાષણ કર્યું હતું, એમ અજિત પવારે જણાવ્યું હતું.

## ભગવાન તરફથી ન્યાય

પાસેથી ન્યાય મળ્યો છે. વિશાલના બન્ને ભાઇ સામે પણ કડક કાર્યવાહી થવી જોઇએ, એવી માગણી પર તેમણે કરી હતી.

વિશાલ ગવળી કલ્યાણમાં કુખ્યાત હતો અને તેની સામે બળાત્કાર, છેડતી, નાનાં બાળકોની જાતીય સતામણી વગેરે ગુના દાખલ હતા. તળોજા જેલમાં શનિવારે સવારે સાડા ત્રણ વાગ્યે તેણે શૌચાલયમાં જઇને ગળેફાંસો લઇને આત્મહત્યા કરી હતી.

૧૩ વર્ષની પીડિતાના પિતાએ વિશાલની આત્મહત્યા પર પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે અમને ભગવાન પાસેથી ન્યાય મળ્યો છે. તેણે વિશાલના બન્ને ભાઇ સામે પણ કાર્યવાહી કરવાની પોલીસ પાસે માગણી કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે તેઓ વિસ્તારમાં દહેશત ફેલાવી રહ્યા છે અને અમને તેમનો ડર લાગી રહ્યો છે.

## બળાત્કાર બાદ બાળકીની

વાગ્યાની આસપાસ જેલના ટૉઈલેટમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

ગવળી મળસકે ટૉઈલેટમાં ગયો હતો અને ટૉવેલની મદદથી તેણે ગળાફાંસો ખાધો હતો. વારંવાર ઠોકવા છતાં દરવાજો ખોલવામાં ન આવતાં જેલના કર્મચારીઓએ દરવાજો તોડ્યો હતો. જેલના સત્તાવાળાઓને ટૉઈલેટમાંથી ગવળીનો મૃતદેહ મળ્યો હતો, એમ ખારઘર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

જેલ અધિકારી દ્વારા તાત્કાલિક પોલીસને જાણ કરાઈ હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટીમે પંચનામું કર્યું હતું. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા ગવળીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મુંબઈની જે. જે. હૉસ્પિટલમાં લઈ જવાયો હતો.

ડિસેમ્બર, ૨૦૨૪માં કલ્યાણમાં ૧૨ વર્ષની બાળકીની બળાત્કાર બાદ હત્યા કરવાનો ગવળી પર આરોપ હતો. ઘટનાને પગલે નાગરિકોમાં આક્રોશ ફેલાયો હતો અને આરોપીને કડક સજા કરવાની માગણી કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ બાળકી કલ્યાણના કોલસેવાડી વિસ્તારમાંથી ગુમ થઈ હતી અને તેનો મૃતદેહ થાણે ગ્રામીણ પોલીસની હદમાં પડઘાના બાપગાંવ ખાતેથી મળી આવ્યો હતો. આ પ્રકરણે કોલસેવાડી પોલીસે તપાસ કરી આરોપી ગવળી અને તેની પત્ની સાક્ષીની ધરપકડ કરી હતી. ખંડણી માટે બાળકીનું અપહરણ કરવું, બળાત્કાર, હત્યા અને પુરાવાનો નાશ કરવાના આરોપસર ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ દંપતી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કેસમાં કલ્યાણ પોલીસે દંપતી વિરુદ્ધ ફેબ્રુઆરીમાં ૯૪૮ પાનાંનું આરોપનામું કોર્ટમાં દાખલ કર્યું હતું. વિશાલ ગવળીએ બળાત્કાર પછી બાળકીની હત્યા કરી હતી, જ્યારે તેની પત્ની સાક્ષીએ મૃતદેહને બાપગાંવ ખાતે ફેંકવામાં મદદ કરી હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ)

## મુંબઈગરાની પાણીની ચિંતા

વાપરવાની મંજૂરી મુંબઈ મહાનગરપાલિકાને આપી દીધી છે, તેથી મુંબઈગરાના માથા પરથી હાલ પૂરતું તો પાણીકાપ સંકટ ટળી ગયું હોવાનું માનવામાં આવે છે.

મુંબઈ પ્રતિદિન ૩,૯૦૦ મિલિયન લિટર પાણીપુરવઠો મોડક સાગર, તાનસા, મિડલ વૈતરણા, વિહાર, તુલસી અને રાજ્ય સરકારની માલિકીના અપર વૈતરણા અને ભાતસા આ સાત જળાશયમાંથી કરવામાં આવે છે. સાતેય જળાશયોની પાણી સમાવવાની ક્ષમતા ૧,૪૭,૩૬૩ મિલિયન લિટરની છે. જોકે છેલ્લા થોડા દિવસથી ગરમીનું પ્રમાણ વધવાની સાથે જ જળાશયોમાં પાણીનું બાષ્પીભવન થવાની સાથે જ પાણીની વધતી માગણીને કારણે જળાશયોમાં પાણીની સપાટીમાં ધરખમ ઘટાડો થયો છે.

રવિવારે સવારે જળાશયોમાં ૪,૪૮,૪૯૭ મિલિયન લિટર (૩૦.૯૯ ટકા) જેટલો પાણીનો જથ્થો બાકી હતો. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૩,૬૬,૮૧૮ મિલિયન લિટર (૨૫.૩૪ ટકા) અને ૨૦૨૩ની સાલમાં ૪,૬૨,૨૪૯ મિલિયન લિટર (૩૧.૯૪ ટકા) પાણીનો સ્ટોક હતો. જળાશયોમાં પાણીની ઘટતી સપાટીને કારણે મુંબઈમાં પાણીકાપ મૂકવાનું સંકટ ઊભું થયું હતું. જોકે પાલિકાએ અપર વૈતરણા અને ભાતસાના રિઝર્વ પાણીના જથ્થાને વાપરવા માટે રાજ્ય સરકાર પાસે મંજૂરી માગી હતી. છેવટે લાંબી રાહ જોવડાવ્યા બાદ સરકારે તેને મંજૂરી આપી દીધી છે.

રાજ્ય સરકારની મંજૂરી બાદ અપર વૈતરણાના રિઝર્વ સ્ટોકમાંથી મુંબઈને ૬૮,૦૦૦ મિલિયન લિટર પાણી, ભાતસામાંથી ૧ લાખ ૧૩ હજાર મિલિયન લિટર પાણી મળી શકશે. પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે હાલ તો પાલિકાના સાતેય જળાશયોમાં ૩૦ ટકા પાણીનો જથ્થો છે, તેને સંભાળીને વાપરવામાં આવી રહ્યું છે. હાલ આ રિઝર્વ સ્ટોકનું પાણી વાપરવાની આવશ્યકતા નથી, કારણકે સરકાર પાસેથી આ રિઝર્વ સ્ટોકનું પાણી વાપરવા માટે પણ પૈસા ચૂકવવા પડે છે. તેથી જ્યારે ખરેખર આ પાણી લેવાની આવશ્યકતા જણાશે એ સમયે જ તેનો ઉપયોગ કરવામાં આવશે. જળાશયોમાં રહેલા પાણી અને રિઝર્વ સ્ટોકને ધ્યાનમાં રાખીને હાલ મુંબઈ પર પાણીકાપ લાદવાની કોઈ યોજના બનાવી નથી.

## શિંદે અમિત શાહને

મુખ્ય પ્રધાનથી નારાજ છે એવી અટકળો ચાલી રહી છે. અમિત શાહ શનિવારે મહારાષ્ટ્રની મુલાકાતે આવી તેમણે છત્રપતિ શિવાજી મહારાજની ૩૪૫મી પુણ્યતિથિ નિમિત્તે રાયગઢ કિલ્લામાં આયોજિત એક કાર્યક્રમમાં હાજરી આપી હતી. ભાજપના વરિષ્ઠ નેતા અને રાજ્યના પૂર્વ મંત્રી મુનગંટીવારે સંવાદદાતાઓ સાથે વાત કરતા કહ્યું કે 'એકનાથ શિંદે સારા નેતા છે. શાહ સમક્ષ હવે આવી રીતે ફરિયાદો નહીં કરે અને સીધી અજિત પવાર સાથે જ વાત કરશે.' શાહ-શિંદેની આ બેઠક વિશે ભાજપના કોઈ નેતાએ પહેલી વાર વાત કરી છે. (પીટીઆઈ)

## ખેડૂતોને દિવસમાં

એમ જણાવી ફડણવીસે ઉમેર્યું હતું કે કૂવાને રિચાર્જની યોજના હાથ ધરવામાં આવે તો તેનો ફાયદો થશે, કૂવાઓનું સ્તર વધશે.' વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શિવરાજસિંહ ચૌહાણે દરેકને ઘર આપવા માટે પગલાં લીધાં છે. પ્રત્યેક ઘર માટે બે લાખ રૂપિયા મળે એવો નિર્ણય અમે લીધો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ દરેક ઘરમાં સૌર ઊર્જાની સગવડ હશે. પરિણામે લોકોને મફત વીજળી મળશે, એમ પણ ફડણવીસે જણાવ્યું હતું.

## આદિત્ય ઠાકરેનો ટોણો

ફરિયાદ કરી હતી કે નાણાં વિભાગ અમારી ફાઇલ પર સહી નથી કરતો. બેઠક દરમિયાન રાયગઢના વાલી પ્રધાનનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. આ બાબતે ઠાકરેએ નામ લીધા વગર એકનાથ શિંદેને ટોણો માર્યો હતો. તેમણે જણાવ્યું કે 'ગઈકાલે પૂનમ હોવાથી કેટલાક લોકો ગામ ગયા હશે અને પછી જેમને મળ્યા હશે તેમણે એમની તોડી ફિકર કરવી જોઈએ. આ તો અમારા અનુભવને આધારે કહું છું. બીજી કોઈ વાત નથી.'

આદિત્ય ઠાકરેએ એમ પણ જણાવ્યું હતું કે આજે શિવસેનાના સ્થાનિક નેતાઓ, નાયબ નેતાઓ, વિભાગીય વડાઓ, પદાધિકારીઓ, મહિલા મોરચા સાથે અમારી બેઠક યોજાઈ હતી. છેલ્લા છ-સાત મહિનામાં મુંબઈમાં પાણીનો મુદ્દો ઘણી વખત ઉઠાવવામાં આવ્યો છે. ઉનાળામાં ટેન્કર એસોસિએશને હડતાળનું એલાન આપ્યું છે. હવે મુદ્દો એ છે કે, હડતાળ પહેલા ટેન્કર એસોસિએશન દ્વારા નોટિસ આપવામાં આવી હોવા છતાં સરકાર કશું નથી કરી રહી. હડતાળનો ઉકેલ લાવવા માટે આપેલી ૪૮ કલાકની ડેડલાઈન પૂરી થઈ ગઈ છે. આદિત્ય ઠાકરેએ એવી પણ ચેતવણી આપી છે કે આ અઠવાડિયે દરેક વોર્ડમાં શિવસેના ઠાકરે જૂથના પદાધિકારીઓ વોર્ડ ઓફિસર પર મોરચો લઈ જઈ પાણી સંબંધિત પ્રશ્નો પૂછશે.

## વોટર ટેન્કરની હડતાલ ચાલુ

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ પાણીના ટેન્કર, કૂવા અને બોરવેલના તમામ સંચાલનને પોતાના હાથમાં લઈ લીધું છે.

પાલિકાએ સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટીના નિયમ હેઠળ ખાનગી કૂવાના માલિકોને નોટિસ આપ્યા બાદ તેના વિરોધમાં મુંબઈ વોટર ટેન્કર અસોસિયેશન ૧૦ એપ્રિલ, ગુરુવારથી બેમુદત હડતાલ પર ઊતરી ગયા છે, તેને કારણે હાઉસિંગ સોસાયટી, રેલવે અને કન્સ્ટ્રક્શન સાઈટ પર પાણીની અછત નિર્માણ થઈ ગઈ છે. વોટર ટેન્કર અસોસિયેશન પાસે ૫૦૦થી લઈને ૨૦,૦૦૦ લિટર સુધીની ક્ષમતા ધરાવતા ૧,૮૦૦ ટેન્કર રજિસ્ટર્ડ થયેલાં છે. પાલિકાએ ૧૫ જૂન સુધી આ નોટિસ પર સ્ટે આપી દીધો છે, છતાં ટેન્કરમાલિકોએ હડતાલ પાછી ખેંચી નથી.

છેવટે પાલિકાએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ વોટર ટેન્કર મારફત થનારા પાણીના સંચાલનને પોતાના કબજામાં લઈ લીધું છે. મુંબઈ પોલીસ અને ટ્રાન્સપોર્ટ કમિશનર સાથે સંકલન કરીને પાલિકાની વોર્ડ સ્તરે એક ટીમ ટેન્કર દ્વારા પાણી પુરવઠાની સુવિધા આપશે. પાલિકાએ હાઉસિંગ સોસાયટી અને અન્ય સંસ્થાઓને પાણી પૂરું પાડવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) ડિઝાઈન કરી છે. એસઓપી હેઠળ દરેક વોર્ડ ઓફિસમાં પાણીના ટેન્કર, તેમ જ ટેન્કર ભરવાના સ્થળની સંખ્યા અનુસાર આવશ્યક ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેકટરની સંખ્યા એ પાલિકાના એક્ઝિક્યુટિવ હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા નક્કી કરવામાં આવશે. જેથી ટ્રાન્સપોર્ટ વિભાગ મારફત એટલા માણસો વોર્ડ સ્તરે નિમવામાં આવશે. જે ખાનગી હાઉસિંગ સોસાયટીને પાણીના ટેન્કર જોઈતા હશે તેમણે પાલિકાના વોર્ડ સ્તરે નાગરી સુવિધા કેન્દ્રમાં ટેન્કરની માગણી રજિસ્ટર કરાવવાની રકમ ભરવાની રહેશે. તેની રિસિપ્ટ ટીમ પાસેથી ટેન્કર ભરવાના સ્થળે આપવામાં આવશે. આ ખાનગી હાઉસિંગ સોસાયટીને દૈનિક સ્તરે કેટલું પાણી પૂરું પાડવામાં આવે છે, કેટલા ટેન્કરની આવશ્યકતા છે એ બાબતના પુરાવા તેમણે ટેન્કરધારકો પાસેથી રજૂ કરવાના રહેશે. તેમ જ પાણી ભરવાના સ્થળે ટેન્કર મોકલવામાં આવશે. ટેન્કર ભર્યા બાદ તે સંબંધિત હાઉસિંગ સોસાયટીને મોકલવામાં આવશે. ટેન્કર ભરવાના દરેક સ્થળે સ્થાનિક પોલીસ તરફથી આવશ્યકત પોલીસ સંરક્ષણ પૂરું પાડવામાં આવશે એવું પણ એસઓપીમાં લખવામાં આવ્યું છે.

## આકરો ઉનાળો

છે અને હજી મે મહિનો બાકી છે ત્યારે આ વર્ષ સૌથી વધુ ગરમ રહેશે અને અગાઉના ગરમીના રેકોર્ડ તોડશે એવો ડર લોકોને સતાવી રહ્યો છે. દેશમાં ૧૯૯૧ બાદ વર્ષ ૨૦૨૪માં ગરમીએ રેકોર્ડ તોડયો હતો. ત્યારે આ વર્ષે તો એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ મુંબઈ સહિત રાજ્યના અનેક જિલ્લામાં ભીષણ ગરમીનું મોજું ફરી વળ્યું હતું.

મુંબઈમાં સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૨ ડિગ્રી અને કોલાબામાં ૩૩.૬ ડિગ્રી નોંધાયું હતું પણ રાજ્યમાં અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની ઉપર નોંધાઈ રહ્યો છે, તેમાં પણ વિદર્ભના મોટાભાગના જિલ્લામાં પારો ૪૦થી ૪૩ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે. રાજ્યનું હિલસ્ટેશન મહાબળેશ્વર પણ હાલ ગરમીની ચપેટમાં આવી ગયું છે. રવિવારે દિવસના અહીં મહત્તમ તાપમાન ૩૧.૯ ડિગ્રી જેટલું ઊંચું નોંધાયું હતું. એક તરફ ગરમીનો પ્રકોપ તો બીજી તરફ વિદર્ભના જ નાગપુર, ભંડારા, ગોંદિયા, અમરાવતી, વર્ધા, ગઢચિરોલી સહિત મરાઠવાડના છત્રપતિ સંભાજી નગર(ઔરંગાબાદ), નાંદેડ, પુણે, રાયગડ અને રત્નાગિરિ જેવાં શહેરોમાં કમોસમી વરસાદ પડયો હતો.

# જૈન મરણ

**લુણાવાડા વીસા નીમા જૈન**

લુણાવાડા નિવાસી હાલ મુંબઇ અ. સૌ. સુલોચનાબેન અરવિંદભાઇ પરીખ (ઉં.વ.૭૭) તા. ૧૩-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અરવિંદભાઇ નગીનદાસ પરીખના ધર્મપત્ની. તે સ્વ. સેવંતીલાલભાઇ, ધનપાલભાઇ તથા સ્વ. ભાનુબેન રમણલાલ શાહ, સ્વ. સુમિત્રાબેન રમેશચંદ્ર શાહના ભાભી. પિયરપક્ષે પ્રભાસ પાટણ નિવાસી સ્વ. દમયંતીબેન જમનાદાસ પ્રેમજી શાહના પુત્રી. તથા સ્વ.હંસાબેન, સ્વ.મધુસુદનભાઇ, કુમુદબેન, ઉષાબેન, ચંદ્રિકાબેન તથા નરેશભાઇના બને. ફાલ્ગુનીબેન હરેશભાઇ રાંભીયા, અલકાબેન, નિમેષભાઇ શાહ અને ડિમ્પલબેન જયમીનભાઇ શાહના માતુશ્રી. રોનક, ધ્રુમી, કેયા અને વિહાનના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ સ્થાનકવાસી જૈન**

ગામ માંગરોળ હાલ મુલુંડ સ્વ. જયંતીલાલ જમનાદાસ ભાવના સુપુત્ર નિર્મળભાઇ (ઉં. વ. ૭૪) શનિવાર તા. ૧૨-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રતિભાબેનના પતિ. આશિષ, જિજ્ઞાના પિતા. નિશીકાંત, મિનાક્ષી, નિરંજન શાહ, ઉવર્શી પરિમલ શાહના ભાઇ. સ્વ. કાંતિલાલ ગીરધરલાલ મોદીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૪-૪-૨૫ના બપોરે ૪થી ૬. ઠે. ધ ક્રાઉન બેન્કવેટ હોલ, વિકાસ સેન્ટર, ૭મા માળે, જંકશન ઓફ એન.એસ. રોડ અને સેવારામ લાલવાની રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા ઓશવાળ જૈન**

ગૌતમભાઇ સુરેન્દ્રભાઇ ઝવેરી (ઉં. વ. ૮૮) રવિવાર, તા. ૧૩-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રૂપાબેનના પતિ. રાહુલ, બિમલના પિતાશ્રી. સોનીયા તથા સુજાતાના સસરા. ક્રીશ વેદાંતના દાદા. રન્નાબેન જયંતભાઇ, નીનાબેન પ્રદીપભાઇ, મીનાબેન રાજેશભાઇના ભાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના ભાવિન ચંદ્રકાંત વીરા (ઉ. વ. ૩૫) તા. ૧૦-૪ના અરિહંતશરણ પામેલ છે. શ્રીમતી કુસુમ ચંદ્રકાંતના સુપુત્ર. મોનિકાના પતિ. શ્રીમતી લીલાબેન ફુલચંદના જમાઇ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

મો. આસંબીયાના હસમુખ સાવલા (ઉ. ૭૩) ૧૧-૪ના અવસાન પામેલ છે. હીરાબેન વિસનજીના પુત્ર. ભારતીના પતિ. સાગર, માનસી, ચાંદનીના પિતા. મંજુલા, મૃદુલા, ભારતી, પુષ્પા, જયશ્રી, ભદ્રાના ભાઇ. બિદડા મધુરી ડુંગરશી લાછબાઇ સોજુ મોતાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભારતી સાવલા, એ-૧૬૦૧, રીગલ, મલાડ (વે.).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ તેરા હાલે થાણે હરેશભાઈ મેઘજીભાઈ ગણાત્રા (ઉં.વ.૬૮) તારીખ ૧૧/૪/૨૦૨૫ ના શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તેઓ સ્વ શાંતાબેન મેઘજીભાઈના પુત્ર, ભારતીબેનના પતિ, સ્વ લક્ષ્મીકાંત, દિનેશભાઈ, નિરંજનાબેન ગિરીશકુમાર સોમેશ્વર, હંસાબેન મધુસુદન માણેકના ભાઈ, નિલેશ, મમતાના પિતાશ્રી. કરિશ્મા અને પારસ શાહના સસરા. લીનાબેનના દિયર, મહેશભાઈના બનેવી. પ્રાર્થના સભા રાખેલ નથી લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ (સરવા ) નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. લત્તાબેન જયંતીલાલ દોશીના પુત્ર નીલેશભાઈ નાં ધર્મપત્ની વર્ષાબેન (ઉં. વ. ૫૯), જેનીકા ચિંતન દોશીના માતુશ્રી, બીનાબેન ભરતકુમાર મહેતા અને સોનલબેન નિતેશકુમાર વોરાના ભાભી, સ્વ. હંસાબેન મનસુખલાલ મોદીના દીકરી, અતુલભાઈ, રાજુભાઈ, હિનાબેન જગદીશભાઈ શાહ, હેમાબેન નરેન્દ્રભાઈ વોરાના બેન, નીલાબેન અને સ્મિતાબેનના નણંદ. તા ૧૨.૦૪.૨૦૨૫ શનિવારના રોજ અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે સરનામું : સિદ્ધિ એન્કલેવ, નંદા પાટકાર રોડ, શાંગ્રીલા હોટલની બાજુમાં, વિલેપાર્લે ઈસ્ટ , મુંબઈ - ૫૭.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ બોરીવલી સ્વ. ઉષાબેન, લીલાવંતી કનકરાય વખારિયાના પુત્ર નિલેશભાઈ (ઉં.વ. ૫૪) તે દિવ્યાબેનના પતિ, જય તથા દીપના પિતા, ભાવના હિતેન ગાંધી, જયેશના ભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ તથા મનોજભાઈના ભત્રીજા, વાંકાનેર નિવાસી હાલ બોરીવલી સ્વ. દિનેશચંદ્ર ઉમેદચંદ્ર શાહ ના જમાઈ. તા. ૧૨/૪/૨૫ના રોજ અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બરવાળા બાવીસી હાલ ઘાટકોપર ચંદુલાલ બાબુલાલ ઘેલાણી (ઉં. વ. ૮૯) તે સ્વ. શાંતાબેન તથા બાબુલાલ ઘેલાણીના સુપુત્ર. અ. સૌ. હીરાબેનના પતિ. આરતી કિશોર શેઠ, દિવ્યા નીતિન શાહ તથા કૌશિકના પિતાશ્રી. મનિષાના સસરાજી. જયંતીભાઇ, પ્રવીણભાઇ, વનીતાબેનના ભાઇ. તા. ૧૩-૪-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૫-૪-૨૫ મંગળવારના સવારના ૯થી ૧૧. ઠે. હિંગવાળા ઉપાશ્રય, હિંગવાલા લેન, ઘાટકોપર (ઇસ્ટ).

## શિંદેએ - શાહ સાથે

મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર આવી ત્યારથી અત્યાર સુધી બધું બરાબર નથી એવી ચર્ચા થતી રહી છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે આરોપ કર્યો છે કે નિગમને નાણાં મંત્રાલય તરફથી ભંડોળ મળતું નથી. ફાઇલો રોકવામાં આવી રહી હોવાની ફરિયાદ પણ તેમણે કરી છે. આ દરમિયાન એકનાથ શિંદેએ પુણેમાં અમિત શાહ સાથે ફરી મુલાકાત કરી ખુલ્લેઆમ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. શિવસેનાના વિધાનસભ્યોને ભંડોળ ફાળવવામાં અન્યાય થતો હોવાની ફરિયાદ પણ કરી હોવાનું જાણવા મળે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અમિત શાહે એકનાથ શિંદેને સકારાત્મક જવાબ આપ્યો હતો. અમિત શાહે એકનાથ શિંદેને જણાવ્યું છે કે મહાગઠબંધનમાં તેમના યોગદાનને અવગણવામાં આવશે નહીં. અમિત શાહ અને એકનાથ શિંદેની આ બેઠકથી રાજ્યના રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. જો કે ફંડની ફાળવણી અંગે શિંદે જૂથને મોટી રાહત મળે તેવી શક્યતા છે.

# પારસી મરણ

થ્રીતી કેકી મોટા ફરામ તે મરહુમ કેકી રૂસ્તમ મોટા ફરામના વિધવા. તે મરહુમો પીરોજા ને દાદી દીવેચાના દીકરી. તે અદી ને કેશમીરા જાગોશના માતાજી. તે ડો. અરદેશીર જાગોશના સાસુ. તે જેનીફર ને મેહેનાઝના મમઇજી (ઉં. વ. ૯૬) રે. ઠે. ૬૪, વેલી વ્યુ, ૮૫ વોર્ડન રોડ, ટાટા ગાર્ડન, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા તા. ૧૫-૪-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે ભાભા બંગલી નં.૨, ડુંગરવાડી.

# હિન્દુ મરણ

**આજક ગિરનારા બ્રાહ્મણ**

ગં. સ્વ. કંચનબેન તે સ્વ. કાંતિલાલ પંડયાના ધર્મપત્ની. તે સ્વ. કમળાબેન નંદલાલ પુરોહિતના દીકરી. તે કવિતા, પ્રગના, ભરત, બિપિન, મૂકેશના માતુશ્રી. બેલા, દિવ્યા, હેમા, બિજલ વત્સલા તથા અતુલ પંડયા અને પ્રફુલ જોશીના સાસુ. તે ભૂપતરાય પંડયા સ્વ. શોભનાના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૪-૪-૨૫ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવકસંઘ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**વીશા સોરઠીયા વણિક**

બાલાગામવાળા સ્વ. દમયંતીબેન અને નારણદાસ હેમચંદ શાહના પુત્ર નલીનભાઇ નારણદાસ શાહ (ઉં. વ. ૭૫) તા. ૧૨-૪-૨૫ શનિવારે મુંબઇ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે સરલાબેનના પતિ. અમીત તથા હેતલના પિતા. રિદ્ધિ તથા હેમંતના સસરા. મહેન્દ્ર તથા સ્વ. મંજુલાબેનના ભાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**નાઘેર સમાજ**

ગાંગડા હાલ ઘાટકોપર સ્વ. ચંચળબેન તથા સ્વ. વાડીલાલ નાગરદાસ કામદારનાં પુત્રવધૂ અ. સૌ. ઉષાબેન (ઉં. વ. ૬૮) તે કિરીટભાઇ કામદારના પત્ની. સાગર, માનસીના માતુશ્રી. શીવાની તથા ચિંતન પ્રદીપભાઇ શાહના સાસુ. તે સીમર નિવાસી સ્વ. દીવાળીબેન, ચુનીલાલ શાહના દીકરી. શનિવાર, તા. ૧૨-૪-૨૫ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૪-૪-૨૫ના લાયન્સ કમ્યુનીટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ), સાંજે ૫થી ૬.૩૦. ચક્ષુદાન તથા ચર્મદાન કરેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ કોટડા રોહા હાલ મુલુંડ નિવાસી તારાબેન તુલસીદાસ જેઠમલ ઠક્કરના મોટા પુત્રવધૂ. ચંદ્રસેન તુલસીદાસ ઠક્કરની ધર્મપત્ની અ. સૌ. ચારુબેન, રીતેશની માતુશ્રી. છાયાબેનના સાસુજી. જેઠમલભાઇ વિશનજી મૈડેયાર નલિયાવાળાની સુપુત્રી તા. ૧૧-૪-૨૫ના સ્વર્ગવાસી થયેલ છે. પ્રાર્થનાસભા બન્ને પક્ષની સોમવાર, તા. ૧૪-૪-૨૫ સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, પરષોતમ ખેરાજ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મુલુંડ (૫), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા (બેરાઇ)**

સ્વ. મોતીબાઇ ચત્રભુજ દામોદર આસર (દવાવાળા)ના પુત્ર મહેન્દ્ર ચત્રભુજ આસર (ઉં. વ. ૮૬) તે મીનાબેનના પતિ. તે ધીરેન, ભારતી, તથા સ્વ. કિરણના પિતાશ્રી. તે સ્વ. ગોરધનદાસ સુંદરદાસ દુતિયાના જમાઇ. તે સ્વ. જયાબેન ખીમજી સંપટ (લાલાઇ) સ્વ. મંજુલાબેન કરસનદાસ સોનીના ભાઇ તા. ૧૨-૪-૨૫ શનિવારના ઘાટકોપર મધ્યે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૪-૪-૨૫ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. બાલકનજી બારી રાજાવાડી ગાર્ડનની સામે, ઘાટકોપર (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુતાર**

મહુવાવાળા હાલ બોરીવલી નટવરલાલ ટપુભાઈ મકવાણા (ઉં.વ.૮૦) તે સ્વ. નર્મદાબેન ટપુભાઈ મકવાણાના પુત્ર, નિર્મળાબેનના પતિ, મહેશ, રેખા, પારૂલના પિતા, જય તથા ટીનાના દાદા. તે ૯/૪/૨૫ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૪/૪/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, દત્તપાડા મેન રોડ, બોરીવલી ઈસ્ટ.

**શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા**

મૂળગામ વાંસાવડ નિવાસી હાલ મીરારોડ ગોરધનભાઈ નારાયણદાસ કાચા (ઉં.વ. ૯૬) તે ૧૨/૪/૨૫ના રોજ રામશરણ પામેલ છે. તે સ્વ. સમજૂબેનના પતિ, શૈલેષભાઇના પિતા, જીતેન્દ્ર, રાજેશ, હિતેશના મોટાપપ્પા, અમોલના દાદા,તેમની પ્રાર્થનાસભા તા. ૧૪/૪/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે મામલતદાર વાડી, ક્રોસ રોડ નં ૩, મલાડ વેસ્ટ રાખેલ છે.

**પરજીયા સોની**

મૂળગામ ચિતલ નિવાસી હાલ બોરીવલી જ્યોતિ અરુણકુમાર સાગર (જશી) (ઉં.વ.૭૪) તે ૮/૪/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. અરુણકુમાર નાનાલાલ સાગરના ધર્મપત્ની, હેતલ કિશોર જગડા, પ્રિતી તથા આનંદના માતુશ્રી, ખ્યાતિના સાસુ, રિયોના દાદી, ક્રિશ તથા રેશમના નાની, ડેડાણવાળા સોની જયંતીલાલ જેઠાભાઈ સતિકુંવરના બહેન. તેમની સાદડી તા ૧૪/૪/૨૫ના રોજ ૫ થી ૬ કલાકે સોની વાડી, શીમ્પોલી સિગ્નલ ક્રોસ રોડ, બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ નાનગવીરી (રવાપર) હાલ સી.પી. ટેંક મુંબઈ નિવાસી સ્વ. દમયંતીબેન હરિરામ ચંદનનાં પુત્રવધૂ જગદીશભાઈનાં ધર્મપત્ની અ.સૌ. ત્રિલોચનાબેન (ઉં. વર્ષ ૬૯). તે વિક્રમ જગદીશભાઈનાં માતુશ્રી. ગોશાવી વિક્રમનાં સાસુમા. સ્વ. સુકન્યાબેન નરેભાઈ આઘા, ભરતભાઈ, સ્વ. અશ્વિનભાઈ, જયશ્રીબેન રાજેશભાઈનાં બહેન. સંગીતા ભરતભાઈ જોબનપુત્રા. તા. ૧૨/૪/૨૫ને શનિવારે રામશરણ પામ્યાં છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૪/૪/૨૦૨૫ના સોમવારે સાંજે ૫થી ૭. ઠે.: હાલાઈ લોહાણા મહાજનવાડી, ૧લે માળે, ઠાકુરદ્વાર રોડ, મુંબઈ-૨. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# શિંદેએ શાહ સાથે ફરી મુલાકાત કરી

## ગૃહ પ્રધાને હૈયાધારણ આપીઃ તમારું બલિદાન એળે નહીં જાય

મુંબઈઃ 'રાજ્યમાં ટૂંક સમયમાં જ બધું બરાબર થઈ જશે. મહાગઠબંધન માટે તમે જે પણ બલિદાન અને યોગદાન આપ્યું છે એ એળે નહીં જાય. એના પ્રત્યે દુર્લક્ષ નહીં કરવામાં આવે' એવી હૈયાધારણ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે નાયબ મુખ્ય પ્રધાનને આપી હોવાનું જાણવા મળ્યું છે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ હાલ મહારાષ્ટ્રના બે દિવસના પ્રવાસે છે. રવિવારે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અમિત શાહે લગભગ એક કલાક સુધી ચર્ચા કરી હતી. આ બેઠકમાં રાજ્યના નાણાં વિભાગ દ્વારા ભંડોળની ફાળવણી અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ સમયે અમિત શાહે એકનાથ શિંદેને મહત્ત્વની ખાતરી આપી હતી.

(જુઓ પાનું ૪) ▶▶

### શિંદે અમિત શાહને ફરિયાદ ન કરેઃ મુનગંટીવાર

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે રાજ્યના શાસક જોડાણને લગતા વિવાદાસ્પદ મુદ્દા ઉઠાવ્યા હોવાની ચર્ચા વચ્ચે ભાજપના સુધીર મુનગંટીવારે રવિવારે શિવસેનાના નેતાનો બચાવ કર્યો હતો.

મંત્રાલયોની કેટલીક ફાઇલો ડેપ્યુટી સીએમ અને નાણાં પ્રધાન અજિત પવાર સાથે અટવાઈ જવાથી શિંદેની આગેવાની હેઠળની શિવસેના નારાજ છે. અગાઉની શિંદે સરકાર દ્વારા લેવામાં આવેલા કેટલાક નિર્ણયો સીએમ દેવેન્દ્ર ફડણવીસએ ઉલટાવી નાખ્યા હોવાથી પર શિવસેના

(જુઓ પાનું ૪) ▶▶

### આદિત્ય ઠાકરેનો ટોણો

મુંબઈઃ શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેએ ફરી એકવાર રાજ્યની મહાયુતિ સરકારની ઝાટકણી કાઢી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વચ્ચે થયેલી મુલાકાત પર પ્રતિક્રિયા આપતા તેમણે શિંદેનું નામ લીધા વગર તેમને ટોણો માર્યો હતો. રવિવારે મુંબઈમાં પાણી મુદ્દે યોજાયેલી શિવસેના-ઠાકરે જૂથની બેઠક બાદ તેઓ મીડિયા સાથે વાત કરી રહ્યા હતા.

મુંબઈની મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને એકનાથ શિંદે મળ્યા અને નારાજગી વ્યક્ત કરી છે. આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે 'તેમણે શાહને

(જુઓ પાનું ૪) ▶▶

મુંબઈગરાની પાણીની ચિંતા ટળી

# પાણીનો અનામત જથ્થો વાપરવાની રાજ્ય સરકારની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડનારાં સાત જળાશયોમાં પાણીનો માત્ર ૩૦ ટકા જથ્થો બચ્યો છે. ઉનાળાની આકરી ગરમી વચ્ચે પાણીના બાષ્પીભવનને કારણે જળાશયોની સપાટીમાં થઈ રહેલા ઘટાડાને કારણે પાણીની ચિંતા નિર્માણ થઈ હતી. જોકે રાજ્ય સરકારે પોતાની માલિકીના ભાતસા અને અપર વૈતરણાના પાણીના અનામત જથ્થાને

(જુઓ પાનું ૪) ▶▶

### વોટર ટેન્કરની હડતાલ ચાલુઃ છેવટે પાલિકાએ કૂવા હસ્તગત કર્યા

વોટર ટેન્કર માલિકોને ચેતવણી આપ્યા બાદ અને મુદત આપ્યા બાદ પણ હડતાલ ચાલુ રાખતા મુંબઈના અનેક વિસ્તારોમાં ટેન્કરના અભાવે પાણીની તકલીફ ઊભી થઈ છે. તેથી ઊભી થયેલી પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા

(જુઓ પાનું ૪) ▶▶

# મહાનગરપાલિકા ચૂંટણી પહેલા શિવસેના (ઉદ્ધવ જૂથ)ને આંચકોઃ આ નેતાઓએ શિંદે સેનામાં પ્રવેશ કર્યો

મુંબઈઃ આગામી મહાનગરપાલિકા ચૂંટણીઓ પહેલા ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) ને મોટો ફટકો પડ્યો છે, પાર્ટીના પ્રવક્તા સંજના ઘાડી અને તેમના પતિ, તથા ભૂતપૂર્વ કોર્પોરેટર સંજય ઘાડી, રવિવારે પક્ષને જય મહારાષ્ટ્ર કહીને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેના જૂથમાં વિધિવત જોડાયાં હતાં. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને શિવસેનાના વડા એકનાથ શિંદે અને અન્ય વરિષ્ઠ નેતાઓએ તેમનું પાર્ટીમાં સ્વાગત કર્યું હતું. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધન દ્વારા મહા વિકાસ આઘાડીને નિર્ણાયક રીતે હરાવ્યા બાદ પક્ષની અદલાબદલી સાથે, મહારાષ્ટ્રમાં રાજકીય હલચલ વધુ તીવ્ર બની છે.

મુંબઈમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં અગ્રણી નેતા માનવામાં આવતાં સંજના ઘાડી ભૂતપૂર્વ કોર્પોરેટર છે અને પાર્ટીમાં ડેપ્યુટી લીડરનું પદ સંભાળી ચુક્યાં છે. તાજેતરમાં, શિવસેના (યુબીટી) એ સત્તાવાર પ્રવક્તાઓની એક યાદી બહાર પાડી હતી જેમાં શરૂઆતમાં તેમનું નામ બાકાત રાખવામાં આવ્યું હતું, જેનાથી તેમના અસંતોષ અંગે અટકળો શરૂ થઈ હતી. જોકે તેમનું નામ આખરે છેલ્લી ઘડીએ ઉમેરવામાં આવ્યું હતું, અહેવાલો સૂચવે છે કે તેઓ પાર્ટીના આંતરિક નિર્ણયોથી નારાજ હતાં. રવિવારે સંજના ઘાડીએ ઠાકરે જૂથ છોડીને શિંદે છાવણીમાં જોડાવાનો નિર્ણય જાહેર કરતાં અટકળો પર પૂર્ણવિરામ આવ્યું હતું. તેમના પતિ સંજય ઘાડીને પણ પક્ષમાં સામેલ કરવામાં આવશે. ઘાડી દંપતી સાથે પક્ષના ઘણા કાર્યકરો તેમનો સમર્થન દર્શાવવા પહોંચ્યા હતા.

સંજના ઘાડીના પક્ષ ત્યાગને ઠાકરે છાવણી માટે એક મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે, ખાસ કરીને પાર્ટીના મુંબઈ વિભાગમાં તેમનું મહત્ત્વ જોતાં. ■

રાયગડ કિલ્લા પર ભાષણ આપવાની તક ન મળી

# એટલે મેં ભાષણ નહોતું આપ્યુંઃ અજિત પવારે કરી સ્પષ્ટતા

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજની ૩૪૫મી પુણ્યતિથિ નિમિત્તે રાયગડ કિલ્લા પર યોજાયેલા કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને ભાષણ કરવાની તક આપવામાં આવી, પણ અજિત પવારને ભાષણ કરવાની તક ન આપવામાં આવી એવી અટકળો પર હવે પોતે અજિત પવારે જ પ્રતિક્રિયા આપી છે. રાયગડ કિલ્લા પર કેન્દ્રીય પ્રધાન અમિત શાહ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર ઉપસ્થિત રહ્યા હતા. અમિત શાહ બાદ ફડણવીસને ભાષણ આપવા કહેવામાં આવ્યું હતું, પરંતુ તેમણે એકનાથ શિંદેને ભાષણ કરવાની તક આપી હતી. તેથી શિંદે બહુ વહાલા અને અજિત પવાર સાથે ઓરમાયું વર્તન કરવામાં આવ્યું હોવાની અટકળો વહેતી થઇ હતી. સાંસદ ઉદયનરાજે ભોસલેએ પણ

(જુઓ પાનું ૪) ▶▶

# થાણે તળાવ ફરતેની સંરક્ષણ દીવાલનો ભાગ તૂટી પડ્યોઃ કોઇ જાનહાનિ નહીં

થાણેઃ થાણેમાં આવેલા તળાવની ફરતેની સંરક્ષણ દીવાલનો અમુક ભાગ શુક્રવારે તૂટી પડ્યો હતો જેમાં બે વાહનોને નુકસાન પહોંચ્યું હતું, જ્યારે કોઇ જાનહાનિ થઇ નહોતી, એમ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

સંરક્ષણ દીવાલ તૂટી પડવાની ઘટના સવારે ૬.૩૦ કલાકે બની હતી. કુલ દીવાલના વીસ ફૂટ લાંબી અને આઠ ફૂટ ઊંચાઇવાળી દીવાલ તૂટી પડી હતી જેમાં એક ટૂ-વ્હીલર અને એક ઓટોરિક્ષાને નુકસાન પહોંચ્યું હતું. સાવચેતીનાં પગલાં તરીકે તે વિસ્તારમાં બેરિકેડ્સ લગાવી દેવામાં આવ્યા છે. જાહેર બાંધકામ વિભાગ દ્વારા ઘટનાસ્થળની તપાસ કરાઇ રહી છે, એમ થાણે પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# રાઉતના 'બકરા' સામે શિંદે સેનાનો 'ગધેડો': ઉગ્ર યુદ્ધનું કારણ શું છે?

મુંબઈઃ એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે હવે એકબીજાના કટ્ટર રાજકીય વિરોધીઓ બની ગયા છે. બંને નેતાના પક્ષના નેતાઓ પણ એકબીજાની ટીકા કરવાની એક પણ તક છોડતા નથી. ઉદ્ધવ ઠાકરેના પક્ષના નેતા અને સંસદ સભ્ય સંજય રાઉત હંમેશાં શિંદેની ટીકા કરતા હોય છે. તાજેતરમાં તેમણે પોસ્ટ કરેલા એક ફોટોથી એકનાથ શિંદેના પક્ષના નેતાઓ નારાજ થયા છે. રાઉતે પોસ્ટ કરેલા ફોટો પર શિંદેના નેતાઓએ સામે જડબાતોડ જવાબ આપ્યો છે.

સંજય રાઉતે પોતાના ટ્વિટર એકાઉન્ટ પર એક તસવીર પોસ્ટ કરી હતી. એમાં એક બકરો એક લાકડા પર ઊભેલો દેખાડવામાં આવ્યો હતો. સાથે 'ખબર પતા ચલી ક્યા, એ સંશી ગ્રુપ...' એવું કેપ્શન પણ આપ્યું હતું. મહારાષ્ટ્રમાં એક બકરો છે. આ બકરો કસાઈના લાકડા પર ઊભો છે. સાથે જ જો વધારે પડતું ડહાપણ કરીશ તો ગરદન ઉડાવી દેવાશે એમ બકરાને કહી દેવામાં આવ્યું છે. દિલ્હીમાં કોઈએ આ બકરાના કાનને કહ્યું છે કે મૂંગા રહેવાનું અને બેં બેં કરતા રહેવાનું. રાઉતે અપલોડ કરેલા ફોટાએ પાછળથી અનેક રાજકીય પ્રતિક્રિયાઓ આવી હતી. રાઉતે આ ફોટો અપલોડ કર્યા બાદ તરત જ એકનાથ શિંદેની શિવસેનાના નેતા અને સંસદ સભ્ય નરેશ મ્હસ્કેએ ગધેડાની તસવીર અને એક વ્યંગ્યાત્મક કવિતા અપલોડ કરવામાં આવી હતી. 'માલિકે ફેંકેલો ટુકડો ખાઈ લેવાનો અને રોજ સવારે બેં બેં કરવાનું અને કોઈ પણ વિષય પર મૂરખની જેમ બડબડ કરવાનું. ચૂંટણીમાં તમારી અક્કલ અને તાકાત જોઈ લીધા ચૂંટણીમાં લોકોએ તમને એક સણસણતી ચોડી દીધી ને? અમે બકરી છીએ કે વાઘ એ જનતાએ નક્કી કરી લીધું છે. હે વધુ લવારી કરવાને બદલે ગધેડાએ.. ઉબાઠાએ ચૂપ બેસવું જોઈએ.' ■

# સોસાયટી પરિસરમાં ઝાડ પર લટકેલો મહિલાનો મૃતદેહ મળ્યો

થાણેઃ થાણેમાં હાઉસિંગ સોસાયટીના પરિસરમાં ઝાડ સાથે લટકેલી હાલતમાં મહિલાનો મૃતદેહ મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. નૌપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટનાની જાણ પોલીસને રવિવારે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ થઈ હતી. થાણેના અલ્મેડા રોડ પરની ગોલ્ડન હાઉસ સોસાયટી પરિસરમાં આવેલા વૃક્ષ પર લટકેલા મહિલાના મૃતદેહ પર એક રહેવાસીની નજર પડી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ મૃતદેહને ઝાડ પરથી નીચે ઉતાર્યો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી દેવાયો હતો. આ પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# વાઘના હુમલામાં વૃદ્ધનું મોત

ચંદ્રપુરઃ ચંદ્રપુર જિલ્લાના બ્રહ્મપુરી ખાતે વાઘે કરેલા હુમલામાં ૬૦ વર્ષના વૃદ્ધનું મૃત્યુ થયું હોવાનું વન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. મૃતકની ઓળખ ચિંચખેડા ગામના રહેવાસી વિનાયક જાંભુળે તરીકે થઈ હતી. વિનાયક મહુઆનાં ફૂલ લેવા નૉર્થ ફોરેસ્ટ રૅન્જમાં કમ્પાર્ટમેન્ટ ૧૦૦૩ નજીક ગયો ત્યારે વાઘે તેના પર હુમલો કર્યો હતો. ઘટનાસ્થળે પંચનામું કર્યા પછી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. તાત્કાલિક આર્થિક મદદ તરીકે વિનાયકના પરિવારજનોને પચીસ હજાર રૂપિયા આપવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# બળાત્કાર બાદ બાળકીની હત્યાના કેસના આરોપીનો જેલમાં આપઘાત

થાણેઃ કલ્યાણમાં ૧૨ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યા બાદ નિર્દયતાથી તેની હત્યા કરવાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીએ નવી મુંબઈની તળોજા સેન્ટ્રલ જેલમાં કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી વિશાલ ગવળી (૩૫) રવિવારના મળસકે ૩.૩૦

(જુઓ પાનું ૪) ▶▶

### ભગવાન તરફથી ન્યાય મળ્યોઃ પીડિતાના પિતા

મુંબઈઃ કલ્યાણમાં ૧૨ વર્ષની સગીરાની જાતીય સતામણી કરનાર નરાધમ વિશાલ ગવળીએ તળોજા જેલમાં ગળેફાંસો ખાઇને આત્મહત્યા કરી છે ત્યારે પીડિતાના પિતાએ તેના પર પ્રતિક્રિયા વ્યક્ત કરતા કહ્યું હતું કે અમને ભગવાન

(જુઓ પાનું ૪) ▶▶

### કર્મ કોઈને છોડતો નથીઃ ભાજપી નેતા

કલ્યાણ પૂર્વનાં વિધાનસભ્ય સુલભા ગાયકવાડે કહ્યું હતું કે પીડિતાના પરિવારને ન્યાય મળ્યો. વિશાલ ગવળી કડક સજાને જ લાયક હતો જ્યારે કે ભગવાને જ તેને દંડ આપી દીધો. કલ્યાણ પશ્ચિમના વિધાનસભ્ય વિશ્વનાથ ભોઇરે જણાવ્યું હતું કે ગવળીને કાયદેસર સજા થવી જોઇતી હતી, પણ કુદરતે જ ન્યાય કરી દીધો.

શિવસેના-યુબીટીના વડા દીપેશ મ્હાત્રેએ આવા કેસમાં ઝડપી ચુકાદાની જરૂર હોવા પર ભાર મૂક્યો (જુઓ પાનું ૪) ▶▶

# તાડોબા વાઘ અભયારણ્યમાં નિર્જન વિસ્તારો બન્યા દુર્લભ પક્ષીઓનું નિવાસસ્થાન

મુંબઈઃ મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં તાડોબા અંધારી વાઘ અભયારણ્ય (ટીએટીઆર) માં એ ઘાસના મેદાનોમાં પક્ષીઓની પ્રજાતિઓ ઉમટી રહી છે, જે છ ગામોને સ્થળાંતરિત કરીને કુદરતી ઘાસના મેદાનોમાં પરિવર્તિત કરવામાં આવ્યા છે, અધિકારીઓના જણાવ્યા મુજબ, આ કવાયત ૧૯ વર્ષ પહેલાં શરૂ થઈ હતી. બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (બીએનએચએસ) એ મહારાષ્ટ્રમાં કેટલીક લુપ્તપ્રાય પક્ષી પ્રજાતિઓને પુનઃસ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને એક સંરક્ષણ સંવર્ધન પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જેમાં છેલ્લાં ત્રણથી ચાર વર્ષમાં ટીએટીઆર અને તેની આસપાસ જોવા મળેલ લેસર ફ્લોરિકનનો પણ સમાવેશ થાય છે.

મુંબઈસ્થિત વન્યજીવન સંશોધન સંસ્થા હાલમાં વિદર્ભ ક્ષેત્રમાં સ્થિત વાઘ અભયારણ્યની સંભાવનાઓનું મૂલ્યાંકન કરી રહી છે, જેમાં સંરક્ષણ પ્રોજેક્ટ, ખાસ કરીને ગામડાઓના સ્થળાંતર પછીનો સમાવેશ થાય છે. પીટીઆઈ સાથે વાત કરતા, બીએનએચએસના ડિરેક્ટર કિશોર રિઠેએ ટીએટીઆરને ભારતના સૌથી સફળ અને જૈવિક રીતે સમૃદ્ધ વાઘના લેન્ડસ્કેપ્સમાંનું એક ગણાવ્યું.

બફર અને ૬૨૫ ચોરસ કિલોમીટરના મુખ્ય વિસ્તાર સહિત ૧,૭૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા આ અભયારણ્યમાં ૧૦૦ થી વધુ વાઘ રહે છે, જે તેને મધ્ય ભારતમાં સૌથી મહત્ત્વપૂર્ણ સંરક્ષણ લેન્ડસ્કેપ્સમાંનું એક બનાવે છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ અભયારણ્ય ગાઢ વાંસથી ભરપૂર જંગલ, વાઘ માટે શિકારની ઉપલબ્ધતા અને બારમાસી જળ સંચયોના કારણે વાઘના અસ્તિત્વ માટે આદર્શ પરિસ્થિતિઓ પ્રદાન કરે છે, એમ રિઠેએ જણાવ્યું હતું.

લેસર ફ્લોરિકન ઉપરાંત, નવા વિકસિત ઘાસના મેદાનોમાં પીળા-વાટલ્ડ લેપવિંગ અને પેઇન્ટેડ સેન્ડગ્રાઉસ જોવા મળે છે. આ એક સકારાત્મક સંકેત છે કે પક્ષીઓ આ વિસ્તારને પોતાનું ઘર બનાવે છે, એમ તેમણે કહ્યું. રિઠેના મતે, લેસર ફ્લોરિકન સૂકા ઘાસનાં મેદાનો અને ઝાડીવાળા મેદાનોમાં રહે છે. તે ટૂંકા પાકવાળા કેટલાક કૃષિ લેન્ડસ્કેપ્સમાં પણ અનુકૂળ થઈ ગયું છે. તે ઘણીવાર જમીન પર ઇંડા મૂકે છે અને જંતુઓ, બીજ અને બેરી ખાય છે.

ઘાસના નિષ્ણાત ડો. જી. ડી. મુરતકરના માર્ગદર્શન હેઠળ, ટીએટીઆર વહીવટીતંત્રે આ વિસ્તારમાં ઘાસના પ્લોટ ઉગાડ્યા છે અને તેનો પ્રચાર પણ કર્યો છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ભારતમાં ૫૦૦ થી ઓછા લેસર ફ્લોરિકન છે, પરંતુ વૈજ્ઞાનિક ઘાસના વિકાસ કાર્યો પછી ગામડાઓનું સ્થાનાંતરણ થવાને કારણે, ટીએટીઆરમાં રહેવા અને સંવર્ધન કરવાની શક્યતાઓ વધી ગઈ છે. (પીટીઆઈ) ■

# અમિત શાહે ઔરંગઝેબની કબરને સમાધિનો દરજ્જો આપ્યોઃ સંજય રાઉત

મુંબઈઃ રાયગડ કિલ્લા પર કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે છત્રપતિ શિવાજી મહારાજ માટે ભાષણ આપ્યું હતું ત્યારે મહાયુતિમાં એકતા હોય એવું જણાયું નહોતું. અમુક પક્ષના લોકો સ્નેહભોજનમાં નહોતા.

અમિત શાહે શિવાજી મહારાજ વિશે જે કહ્યું ત્યારે તેમના દ્વારા શિવાજી મહારાજ વિશે સાંભળવા મળે એટલા ખરાબ દિવસો અમારા આવ્યા નથી, એમ શિવસેના-યુબીટીના નેતા સંજય રાઉતે જણાવ્યું હતું.

અમિત શાહે રાયગડ પરથી ઔરંગઝેબની કબરનો ઉલ્લેખ સમાધિ તરીકે કર્યો. છેલ્લા કેટલાક વખતથી ઔરંગઝેબની કબર ઉખાડી ફેંકી દેવાની માગણી થઇ રહી છે.

અમે તેને કબર કહે છે, પણ દેશના ગૃહ પ્રધાને તેનો ઉલ્લેખ સમાધિ તરીકે કર્યો. ગૃહ પ્રધાને તે કબરને સમાધિનો દરજ્જો આપ્યો. મહારાષ્ટ્ર માટે આનાથી ખરાબ શું હોઇ શકે?, એવો સવાલ પણ સંજય રાઉતે કર્યો હતો. ■

# ખેડૂતોને દિવસમાં ૧૦ કલાક વીજળી મળશેઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ રવિવારે વર્ધા જિલ્લાની મુલાકાતે આવેલા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રના ખેડૂતોને દિવસભર વીજળી આપવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં દર વર્ષે વીજળીના બિલ ઘટશે અને આ ઘટાડાથી મોટી સંખ્યામાં લોકોને રાહત મળશે. મહારાષ્ટ્ર દેશનું પહેલું એવું રાજ્ય બનશે જે દર પાંચ વર્ષે વીજળીના બિલમાં ઘટાડો કરી બતાવશે. દરમિયાન દેવેન્દ્ર ફડણવીસે ખાતરી આપી હતી કે વર્ધામાં વિધાનસભ્યો અને સંસદ સભ્યો દ્વારા કરવામાં આવેલી વિવિધ માંગણી અંગે બેઠક યોજીને નિર્ણય લેશે. 'હું થોડા સમય માટે વર્ધા જિલ્લાનો વાલી મંત્રી હતો એટલે વિશેષ ધ્યાન આપ્યું છે' એમ પણ તેમણે જણાવ્યું હતું. સીએમએ વધુમાં જણાવ્યું હતું કે 'લોઅર વર્ધા પ્લાન્ટમાં ૫૦૦ મેગાવોટનો વીજ ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યો છે. વર્ધા જિલ્લઓ સૌર ઊર્જાની દ્રષ્ટિએ સંપૂર્ણપણે આત્મનિર્ભર બનશે. નેરી મિર્ઝાપુર ગામને સંપૂર્ણ સૌર ઊર્જા પૂરી પાડવામાં આવી છે. ૮૦ ટકા મહારાષ્ટ્રમાં ખેડૂતોને દિવસમાં ૧૦ કલાક વીજળી મળશે (જુઓ પાનું ૪) ▶▶

# અંધેરી (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન પરિસર પરથી અતિક્રમણ હટાવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરના અંધેરીમાં રેલવે સ્ટેશન પરિસરના રસ્તા પર વર્ષોથી મોટા પ્રમાણમાં અતિક્રમણ કરી બેસેલા ફેરિયાઓને કાયમી સ્વરૂપે હટાવવામાં પાલિકાના સફળતા મળી છે, તેને કારણે હવે રસ્તા તથા ફૂટપાથ રાહદારીઓ તથા વાહનચાલકો માટે ખુલ્લી થઈ ગઈ છે.

છેલ્લા અનેક મહિનાથી અંધેરી સ્ટેશનના વિસ્તારમાં આવેલા તમામ અતિક્રમણો હટાવવાની કામગીરી પાલિકાએ હાથ ધરી હતી, જેમાં મુખ્યત્વે એસ.વી.રોડ, જે.પી. રોડ, મસ્જિદ ગલી, ગઝદર રોડ અને એમ.એ. રોડ પરના અતિક્રમણને કાયમી સ્વરૂપે હટાવવામાં આવ્યા છે, જેમાં પોલીસ અને પાલિકાએ સંયુક્ત રીતે કામગીરી હાથ ધરી હતી.

ફેરિયાઓ તથા દુકાનદાર દ્વારા રસ્તા તથા ફૂટપાથ પર કરવામાં આવેલા અતિક્રમણને હટાવી દેવામાં આવતા સ્ટેશન પરિસર હવે વાહનવ્યવહાર તથા રાહદારીઓ માટે મુક્ત થઈ ગયો છે.

અંધેરી (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન, મેટ્રો સ્ટેશન તથા બસ ડેપોમાં મોટા પ્રમાણમાં ભીડ થતી હોય છે અને અહીં રહેલા અતિક્રમણને કારણે સવાર-સાંજના પીકઅવર્સમાં લોકોને વધુ ત્રાસ થતો હતો. પરંતુ હવે તમામ અતિક્રમણને હટાવી દેવામાં આવ્યા છે. ■

# શિક્ષકે ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ સ્કૅમમાં ૬૬ લાખ ગુમાવ્યા

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં શાળાના ૫૪ વર્ષના શિક્ષકે ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટ સ્કૅમમાં ૬૬ લાખ રૂપિયા ગુમાવ્યા બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

કલ્યાણ વિસ્તારમાં રહેતા શિક્ષકે કોલસેવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે સુનિતા ચૌધરી નામની મહિલાએ સોશિયલ મીડિયા પર તેની સાથે મિત્રતા કરી હતી.

સુનિતાએ આકર્ષક વળતરનું આશ્વાસન આપીને વેબસાઇટ મારફત એક સ્કીમમાં રોકાણ કરવા માટે તેને મનાવી લીધો હતો.

દરમિયાન શિક્ષકે પચાસ દિવસમાં ઉપરોક્ત સ્કીમમાં ૬૬ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. શિક્ષકને વળતર ન મળતાં તેણે આરોપીઓનો સંપર્ક સાધ્યો હતો. જોકે આરોપીઓએ તેને ઉડાઉ જવાબ આપ્યા હતા અને બાદમાં મોબાઇલ સ્વીચઓફ કરી દીધો હતો.

પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં શિક્ષકે કોલસેવાડી પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. પોલીસ હવે આઇપી ઍડ્રેસ અને આરોપીઓના મોબાઇલ લોકેશન ટ્રેસ કરી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# આકરો ઉનાળોઃ મહારાષ્ટ્ર ૨૦૨૫માં ગરમીનો રેકોર્ડ તોડશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. મુંબઈમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેવાને કારણે દિવસના સમયે ગરમી અને બફારાનું પ્રમાણ વધી ગયું છે. રાજ્યમાં એક તરફ અમુક જિલ્લામાં કમોસમી વરસાદ પડી રહ્યો છે, તો બીજી તરફ અમુક જિલ્લામાં પડી રહેલી આકરી ગરમી અગાઉના રેકોર્ડ તોડી રહી છે. રવિવારે સમગ્ર રાજ્યમાં વિદર્ભના અકોલામાં ૪૨.૪ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન નોંધાયું હતું.

હાલ દેશના અનેક ભાગમાં સૂર્ય ગરમી ઓકી રહ્યો છે. તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી પણ ઉપર નોંધાઈ રહ્યો છે. એપ્રિલ મહિનામાં જ ગરમી રેકોર્ડ તોડી રહી (જુઓ પાનું ૪) ▶▶

# લાતુરમાં ટોળકીના છ સભ્ય સામે એમસીઓસીએ લગાવાયો

લાતુરઃ લાતુરમાં ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી ટોળકીના છ સભ્ય સામે પોલીસે મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) લગાવ્યો હતો. આરોપીઓ વિરુદ્ધ અગાઉ મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઓફ ડેન્જરસ એક્ટિવિટીસ (એમપીડીએ) હેઠળ ગુનો દાખલ કરાયો હતો અને તેમને જિલ્લાની હદમાંથી તડીપાર કરવામાં આવ્યા હતા, જોકે તેમની ગેરકાયદે પ્રવૃત્તિઓ શરૂ જ રહી હતી. આરોપીઓએ અંબાજોગાઇ ખાતે તાજેતરમાં એક વ્યક્તિ પર જાહેરમાં હુમલો કર્યો હતો. શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓની ઓળખ અજિંક્ય મુળે, બાલાજી જગતાપ, અક્ષય કાંબળે. નીતિન બાળકે, સાહિલ પઠાણ અને પ્રણવ સાંદિકર તરીકે થઇ હતી. હાલમાં તેમની વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનમાં ૧૩ ગુના દાખલ છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# મુખ્ય પ્રધાન અને વિધાનસભ્ય વચ્ચે શાયરાના અંદાજમાં આપલે

મુંબઈઃ વર્ધા જિલ્લાના આર્વી ખાતે વિવિધ વિકાસકામોનું ભૂમિપૂજન અને લોકાર્પણ વિધિ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે પાર પાડવામાં આવી. આ કાર્યક્રમમાં વિવિધ નેતાઓની હાજરીમાં આર્વીના વિધાનસભ્ય સુમિત વાનખેડેએ મુખ્ય પ્રધાનની શેરોશાયરીના અંદાજમાં પ્રશંસા કરી હતી. એટલું જ નહીં ફડણવીસે તેનો જવાબ પણ શાયરીમાં જ આપ્યો હતો. આ કાર્યક્રમમાં શેરોશાયરીનો માહોલ સર્જાયો હતો તેની ચર્ચા રાજકીય વર્તુળોમાં થઇ રહી છે. સુમિત વાનખેડે એક સમયે દેવેન્દ્ર ફડણવીસના પર્સનલ આસિસ્ટન્ટ (પીએ) હતા. ફડણવીસના રૂપમાં આર્વીમાં ચંદ્ર ઊતરી આવ્યો હોવાનું વાનખેડેએ શાયરાના અંદાજમાં કહ્યું હતું.

*'તુમ આ ગયે હો તો ચાંદનીશી બાત હૈ,*
*જમીન પર ચાંદ કબ રોઝ રોઝ ઊતરતા હૈ'*

આ શાયરી કરીને સુમિત વાનખેડેએ ફડણવીસની પ્રશંસા કરી હતી. તેના પર જવાબ આપતા ફડણવીસે કર્યું છે કે વાનખેડેએ આર્વી માટે ઘણી માગણી કરી છે જો તેમની બધી માગણી પૂરી કરીશ તો અન્ય નેતાઓ કહેશે કે બધુ અહીં જ આપી દેવાના છો કે? ફડણવીસે આ બધુ શાયરીના અંદાજમાં પણ વ્યક્ત કર્યું હતું.

*'વો આયે મેરી મઝાર પર મિટ્ટી ઝાડ કર બૈઠ ગયે,*
*ઔર દીયે મેં જો તેલ થા વહ સર પર લગાકર ચલે ગયે'*

આવી શાયરી વ્યક્ત કરતા કાર્યક્રમમાં ઉપસ્થિતિ સૌ ખડખડાત હસી પડ્યા હતા. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પડિક્કલ આરસીબી વતી ૧,૦૦૦ રન કરનાર કોહલી પછીનો બીજો ભારતીય ખેલાડી



જયપુરઃ દેવદત્ત પડિક્કલે આજે અહીં રાજસ્થાન રૉયલ્સ (આરઆર) સામેની મૅચમાં જે અણનમ ૪૦ રન કર્યા એમાં તેની એક મહત્ત્વની સિદ્ધિ પણ સામેલ હતી. તે આઇપીએલમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) વતી ૧,૦૦૦ રન પૂરા કરનાર વિરાટ કોહલી પછીનો બીજો ભારતીય ખેલાડી બન્યો છે.

૨૪ વર્ષના લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન પડિક્કલે ૨૮ બૉલમાં એક સિક્સર અને પાંચ ફોરની મદદથી અણનમ ૪૦ રન બનાવ્યા હતા અને કોહલી સાથે બીજી વિકેટ માટે ૮૩ રનની અતૂટ ભાગીદારીથી આરસીબીની જીત આસાન બનાવી હતી.

રાજસ્થાને ચાર વિકેટે ૧૭૩ રન કર્યા બાદ બેંગલૂરુએ એક જ વિકેટના ભોગે ૧૭.૩ ઓવરમાં ૧૭૫ રનના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો.

ટી-૨૦માં ૩૭ નંબરની જર્સી પહેરીને રમતા પડિક્કલને આરસીબી વતી ૧,૦૦૦ રન પૂરા કરવા ૩૭ રનની જરૂર હતી. એ ૩૭મો રન તેણે બેંગલૂરુની ઇનિંગ્સની ૧૮મી ઓવરના ત્રીજા બૉલમાં કર્યો હતો.

આરસીબી વતી સૌથી વધુ રન કરનારાઓમાં પડિક્કલ એકંદરે સાતમો ખેલાડી છે. આ સાત પ્લેયરમાં કોહલી અને પડિક્કલને બાદ કરતા બાકીના પાંચ વિદેશી ખેલાડી છે.

આરસીબી વતી સૌથી વધુ રન કરનાર સાત ખેલાડીની વિગત આ મુજબ છેઃ કોહલી (૮,૨૫૨ રન), એબી ડિવિલિયર્સ (૪,૪૯૧ રન), ક્રિસ ગેઇલ (૩,૧૬૩ રન), ફાફ ડુ પ્લેસી (૧,૬૩૬ રન), મૅક્સવેલ (૧,૨૬૬ રન), જૅક કૅલિસ (૧,૧૩૨ રન), દેવદત્ત પડિક્કલ (૧,૦૦૩ રન). ■

# થ્રિલરમાં મુંબઈ જીત્યું, દિલ્હીનો ‘કરુણ’ અંત

## ત્રણ બોલમાં દિલ્હીના છેલ્લા ત્રણ બેટ્સમેન રનઆઉટ, નવો રેકોર્ડ

નવી દિલ્હીઃ આઈપીએલમાં અહીં રવિવારે રાત્રે મુંબઈ (૨૦૫/૫)નો દિલધડક મુકાબલામાં યજમાન દિલ્હી (૧૯ ઓવરમાં ૧૯૩/૧૦) સામે ૧૨ રનથી રોમાંચક વિજય થતો હતો. દિલ્હી આ વખતે પહેલી વાર હાર્યું.

દિલ્હીના છેલ્લા ત્રણેય બેટ્સમેન ત્રણ બોલમાં રનઆઉટ થયા હતા.

દિલ્હીએ આ વખતે પહેલી વાર કરુણ નાયર (૮૯ રન, ૪૦ બોલ, પાંચ સિક્સર, બાર ફોર)ને રમાડ્યો અને તેની બધી મહેનત પાણીમાં ગઈ. તેની અને અભિષેક પોરેલ (૩૩ રન) વચ્ચે બીજી વિકેટ માટે ૧૧૯ રનની ભાગીદારી થઈ હતી.

એક તબક્કે (૧૧૯થી ૧૪૫ રનના સ્કોર દરમ્યાન) દિલ્હીએ ચાર ઓવરમાં ચાર વિકેટ ગુમાવી હતી.

મુંબઈના ટ્રમ્પ-કાર્ડ સમાન કર્ણ શર્માએ ત્રણ, સેન્ટનરે બે, બુમરાહે એક અને દીપક ચાહરે એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, મુંબઈએ બેટિંગ મળ્યા બાદ સાધારણ શરૂઆત કર્યા પછી ચોથા નંબરે રમવા આવેલા તિલક વર્મા (૫૯ રન, ૩૩ બોલ, ત્રણ સિક્સર, છ ફોર)ની લડાયક ઇનિંગ્સની મદદથી પાંચ વિકેટે ૨૦૫ રન કર્યા હતા. ■

# રાજસ્થાનના જયપુરમાં આરસીબીનો જયજયકાર

## સૉલ્ટ મૅચ-વિનર, યશસ્વીના ૭૫ રન પાણીમાં

જયપુરઃ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ ગઈ કાલે અહીં યજમાન રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ને એના જ ગઢમાં નવ વિકેટે હરાવીને દિલ્હી કૅપિટલ્સ સામેની ૧૦મી એપ્રિલની હાર પછી ફરી જીતવાનું શરૂ કર્યું હતું. ઓપનર ફિલ સૉલ્ટ (૬૫ રન, ૩૩ બૉલ, છ સિક્સર, પાંચ ફોર)એ બાવીસ દિવસ બાદ ફરી એકવાર હાફ સેન્ચુરીથી આરસીબીને જિતાડી હતી. આરસીબીની ટીમ સતત ચોથી મૅચ હરીફ ટીમના મેદાન પર જીતી છે.

રાજસ્થાને બૅટિંગ મળ્યા બાદ ચાર વિકેટે ૧૭૩ રન બનાવ્યા બાદ બેંગલૂરુએ ૧૭.૩ ઓવરમાં એકમાત્ર સૉલ્ટની વિકેટ ગુમાવીને ૧૭૫ રનના સ્કોર સાથે વિજય હાંસલ કર્યો હતો. સૉલ્ટે વિરાટ કોહલી (૬૨ અણનમ, ૪૫ બૉલ, બે સિક્સર, ચાર ફોર) સાથે ૯૨ રનની મૅચ-વિનિંગ ઓપનિંગ ભાગીદારી કરી હતી.

સૉલ્ટ ૯૨મા રને આઉટ થયો ત્યાર બાદ કોહલીએ દેવદત્ત પડિક્કલ (૪૦ અણનમ, ૨૮ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) સાથે ૮૩ રનની અતૂટ ભાગીદારી કરીને આરસીબીની જીત નિશ્ચિત કરી હતી.

ટૂંકમાં, રાજસ્થાને આપેલો ૧૭૪ રનનો લક્ષ્યાંક ટોચના આ ત્રણ બૅટ્સમેને જ મેળવી આપ્યો હતો. કૅપ્ટન રજત પાટીદાર, લિવિંગસ્ટન કે વિકેટકીપર જિતેશ શર્માએ બૅટિંગ કરવા આવવાની જરૂર જ નહોતી પડી.

એ પહેલાં, રાજસ્થાને ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૭૩ રન બનાવ્યા હતા. ઓપનર યશસ્વી જયસ્વાલ (૭૫ રન, ૪૭ બૉલ, બે સિક્સર, દસ ફોર)નું ટીમના પોણાબસો જેટલા રનમાં સૌથી મોટું યોગદાન હતું. જયપુરની પિચ પર બૉલ નીચો રહી જતો હતો તેમ જ બોલરને પેસ પણ નહોતી મળતી એવી કઠિન સ્થિતિમાં બૉલની અનિશ્ચિતતા વચ્ચે યશસ્વીએ પોણોસો રન કર્યા હતા.

ડેથ ઓવર્સ (છેવટની ૧૭થી ૨૦મી ઓવર)માં રાજસ્થાને ૪૭ રન કર્યા હતા. જો એટલા રન ન થયા હોત તો રાજસ્થાનનું ટોટલ વધુ નીચું હોત.

સુયશ શર્માની ૧૭મી ઓવરના છેલ્લા બૉલમાં વિરાટ કોહલીએ ધ્રુવ જુરેલનો સીધો કૅચ છોડ્યો હતો જેનો જુરેલે અને રાજસ્થાનની ટીમે ફાયદો લીધો હતો.

જુરેલને જીવતદાન મળ્યું ત્યારે તે ૧૨ રન પર હતો અને ૨૦મી ઓવરને અંતે તે બે સિક્સર, બે ફોરની મદદથી બનેલા ૩૫ રને અણનમ રહ્યો હતો.

એ પહેલાં, યશસ્વી અને ઓપનર-કૅપ્ટન સંજુ સૅમસન (૧૫ રન) વચ્ચે ૪૧ બૉલમાં ૪૯ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. યશસ્વીએ રિયાન પરાગ (૩૦ રન, બાવીસ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) સાથે ૩૯ બૉલમાં ૫૬ રનની તેમ જ ધ્રુવ જુરેલ (૩૫ અણનમ, ૨૩ બૉલ, બે સિક્સર, બે ફોર) સાથે ૧૬ બૉલમાં ૨૧ રનની પાર્ટનરશિપ કરી હતી.

બેંગલૂરુ વતી ભુવનેશ્વર, યશ દયાલ, જૉશ હૅઝલવૂડ અને કૃણાલ પંડ્યાએ એક-એક વિકેટ લીધી હતી. સુયશ શર્મા અને લિવિંગસ્ટનને વિકેટ નહોતી મળી.

આઇપીએલ-૨૦૨૫માં કઈ ટીમ કેવી સ્થિતિમાં?

| ટીમ | મૅચ | જીત | હાર | પૉઇન્ટ | રનરેટ |
|---|---|---|---|---|---|
| દિલ્હી | ૪ | ૪ | ૦ | ૮ | +૧.૨૭૮ |
| ગુજરાત | ૬ | ૪ | ૨ | ૮ | +૧.૦૮૧ |
| બેંગલૂરુ | ૬ | ૪ | ૨ | ૮ | +૦.૬૭૨ |
| લખનઊ | ૬ | ૪ | ૨ | ૮ | +૦.૧૬૨ |
| કોલકાતા | ૬ | ૩ | ૩ | ૬ | +૦.૮૦૩ |
| પંજાબ | ૫ | ૩ | ૨ | ૬ | +૦.૦૬૫ |
| રાજસ્થાન | ૬ | ૨ | ૪ | ૪ | -૦.૮૩૮ |
| હૈદરાબાદ | ૬ | ૨ | ૪ | ૪ | -૧.૨૪૫ |
| મુંબઈ | ૫ | ૧ | ૪ | ૨ | -૦.૦૧૦ |
| ચેન્નઈ | ૬ | ૧ | ૫ | ૨ | -૧.૫૫૪ |

(તમામ આંકડા રવિવારની રાજસ્થાન-બેંગલૂરુ મૅચના અંત સુધીના છે) ■

# ‘નસીબવાન’ અભિષેકે તુફાની સેન્ચુરી પછી ક્રાઉડ તરફ કાગળ બતાવ્યો, સદી ‘ઑરેન્જ આર્મી’ને સમર્પિત કરી

હૈદરાબાદઃ સનરાઇઝર્સ હૈદરાબાદને શનિવારે તૂફાની સેન્ચુરીથી પંજાબ કિંગ્સ સામે રોમાંચક વિજય અપાવનાર ઓપનર અભિષેક શર્મા (૧૪૧ રન, પંચાવન બૉલ, ૧૦ સિક્સર, ૧૪ ફોર)એ આઈપીએલના ઇતિહાસના સર્વશ્રેષ્ઠ બોલર (૧૬૫ મૅચમાં હાઈએસ્ટ ૨૦૭ વિકેટ) યુઝવેન્દ્ર ચહલની ઓવરમાં ધમાકેદાર સેન્ચુરી પૂરી કર્યા પછી ખિસ્સામાંથી એક કાગળ કાઢીને સૌને ચોંકાવી દીધા હતા.

બે જીવતદાન મેળવનાર અભિષેકે ૪૦ બૉલમાં છ છગ્ગા અને અગિયાર ચોક્કાની મદદથી ૧૦૦ રન પૂરા કર્યા ત્યારે હૈદરાબાદ શહેરના ઉપ્પલમાં આવેલા રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં બેઠેલા હજારો પ્રેક્ષકોએ ઊભા થઈને અભિષેકની વાહ-વાહ કરી હતી અને તેને અભિનંદન આપ્યા હતા. તે ૪૦ બૉલની સદી બદલ આઇપીએલના ફાસ્ટેસ્ટ સેન્ચુરિયનોમાં છઠ્ઠા નંબરે છે.આ યાદીમાં ક્રિસ ગેઇલ (૩૦ બૉલમાં સદી) ફાસ્ટેસ્ટ છે.

આઈપીએલના ઇતિહાસની આ છઠ્ઠા નંબરની ફાસ્ટેસ્ટ સદી ફટકાર્યા બાદ અભિષેકે તરત જ ખિસ્સામાંથી કાગળ કાઢીને ક્રાઉડ તરફ બતાવ્યો હતો.

કૅમેરા જ્યારે ઝૂમ કરીને એ કાગળ પર કેન્દ્રિત કરવામાં આવ્યો ત્યારે એમાં લખાયેલું વંચાયું હતું. એમાં લખ્યું હતું, ‘ઑરેન્જ આર્મી, આ સેન્ચુરી તમને સમર્પિત.’


સનરાઇઝર્સ હૈદરાબાદના ખેલાડીઓનો ડ્રેસ ઑરેન્જ કલરનો તો છે જ, આ ટીમનો આખો ફેનબેઝ (ચાહકોનો સમૂહ) ઑરેન્જ આર્મી તરીકે ઓળખાય છે.

**શ્રેયસે કાગળ લઈને વાંચ્યો**

અભિષેકે ખિસ્સામાંથી કાગળ કાઢ્યો એ વાંચવાની ઈચ્છા હરીફ ટીમનો સુકાની શ્રેયસ ઐયર નહોતો રોકી શક્યો અને તેણે એ કાગળ લઈને વાંચ્યો હતો.

**ભારતીયોમાં હવે અભિષેક અવ્વલ, એકંદરે ત્રીજો**

અભિષેક શર્મા આઈપીએલના ઇતિહાસમાં સૌથી વધુ (૧૪૧ રન) બનાવનાર ભારતીય ખેલાડી બન્યો છે. તેણે કેએલ રાહુલનો અણનમ ૧૩૨ રનનો રેકૉર્ડ તોડી નાખ્યો હતો. આઈપીએલના ઇતિહાસમાં સૌથી



મોટો સ્કોર ક્રિસ ગેઇલ (અણનમ ૧૭૫ રન)ના નામે છે. બીજા નંબરે બ્રેન્ડન મૅક્લમ (અણનમ ૧૫૮) છે અને અભિષેક (૧૪૧ રન) ત્રીજે છે.

**અગાઉ એકેય સિક્સર નહીં, શનિવારે ૧૦ ફટકારી**

લેફ્ટ હૅન્ડ બૅટ્સમૅન અભિષેકે આ વખતે પહેલી પાંચ મૅચમાં એકેય સિક્સર નહોતી ફટકારી. જોકે શનિવારે તેણે એક જ ઇનિંગ્સમાં ૧૦ છગ્ગા ફટકારી દીધા હતા. હૈદરાબાદના બૅટ્સમેનોમાં એક ઇનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો આ નવો વિક્રમ છે.

**હૈદરાબાદ માટે ૨૪૬નો લક્ષ્યાંક મુશ્કેલ મનાતો હતો**

પંજાબે શ્રેયસના ૮૨ રન, ઓપનર પ્રભસિમરન સિંહના ૪૨ રન, સ્ટોઈનિસના અણનમ ૩૪ રન, ઓપનર પ્રિયાંશ આર્યના ૩૬ રન અને નેહલ વઢેરાના ૨૭ રનની મદદથી ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૪૫ રન કર્યા ત્યારે ઘણાએ વિચાર્યું હશે કે ફૉર્મ ગુમાવી ચૂકેલા અને ઉપરાઉપરી ચાર મૅચ હારી બેઠેલા હૈદરાબાદના બેટ્સમેન ૨૪૬ રનનો લક્ષ્યાંક નહીં મેળવી શકે.

**હૈદરાબાદના ઓપનર્સની શરૂઆતથી જ ફટકાબાજી**

જોકે, અભિષેક અને ઑસ્ટ્રેલિયન હાર્ડ-હિટર ટ્રેવિસ હેડ (૬૬ રન, ૩૭ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર)ની ‘ટ્રૅવિશેક’ તરીકે જાણીતી જોડીએ શરૂઆતથી જ આતશબાજી શરૂ કરી દીધી હતી. તેમની વચ્ચે ૧૨.૨ ઓવરમાં ૧૭૧ રનની રેકોર્ડ-બ્રેક ભાગીદારી થઈ હતી. બન્નેએ (અર્શદીપ, ચહલ, યેનસેન, મેકસવેલ સહિત) એકેય બોલરને નહોતો છોડ્યો. તેમણે મેદાન પર ચારેકોર બાઉન્ડરીની બહાર બૉલ મોકલ્યો હતો. પંજાબનો બોલર લૉકી ફર્ગ્યુસન ઈજાને લીધે માત્ર બે બૉલ ફેંક્યા બાદ પાછો આવી ગયો હતો. તેની ઓવર સ્ટોઈનિસે પૂરી કરી હતી. હિન્રિક ક્લાસેન ૨૧ રન અને ઈશાન કિશન નવ રન બનાવીને અણનમ રહ્યા હતા.

**સેકન્ડ હાઈએસ્ટ સફળ રન-ચેઝ**

હૈદરાબાદે ૧૮.૨ ઓવરમાં માત્ર બે વિકેટે ૨૪૭ રનના સ્કોર સાથે યાદગાર વિજય હાંસલ કર્યો હતો. આઈપીએલના ઇતિહાસમાં આ બીજા નંબરનો હાઈએસ્ટ સફળ રન-ચેઝ છે. ૨૦૨૪માં પંજાબે કોલકાતા સામે ૨૬૨ રન બનાવીને વિજય મેળવ્યો હતો એ આઇપીએલનો પ્રથમ નંબરનો સફળ રન-ચેઝ છે.

**હૈદરાબાદમાં સનરાઇઝર્સની સળંગ આઠ જીતનો વિક્રમ**

હૈદરાબાદમાં સનરાઇઝર્સની ટીમ ૨૦૧૫થી માંડીને અત્યાર સુધીમાં પંજાબ સામે લાગલગાટ આઠ મૅચ જીતી છે અને એક જ મેદાન પર કોઈ એક ટીમે એક જ હરીફ સામે સૌથી વધુ જીત મેળવી હોય એમાં આ વિક્રમ છે. ■

## મુંબઈ ન્યૂઝ

# સાયબર છેતરપિંડી માટેની હેલ્પલાઇન નં. ૧૯૩૦ દ્વારા પીડિતોના ૨૪૧ કરોડ રૂપિયા બચાવાયા

મુંબઈઃ સાયબર ક્રાઇમ અંગે ફરિયાદ કરવા માટે મુંબઈ પોલીસની હેલ્પલાઇન નંબર ૧૯૩૦ ઘણી ઉપયોગી સાબિત થઇ રહી છે. આ હેલ્પલાઇન નંબર પર આ અઠવાડિયા સુધીમાં એક લાખથી વધુ ફરિયાદ આવી હતી તથા તેના કારણે જ પોલીસને પીડિતોના ૨૪૧ કરોડ રૂપિયા બચાવવામાં મદદ મળી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ હેલ્પલાઇનનો ઉપયોગ મુંબઈ પોલીસની સાયબર વિંગ દ્વારા ૧૭મી મે, ૨૦૨૨થી કરવામાં આવી રહ્યો છે. પહેલા છ લાઇનથી આ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી હતી અને હવે બાવીસ લાઇન સુધી વધારો થયો છે. નાગરિકો ઓનલાઇન છેતરપિંડીના શિકાર ન બને તે માટે કોન્સ્ટેબલ અને અધિકારીઓ ઘડિયાળના કાંટા પર કામ કરી રહ્યા છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

સાયબર ક્રાઇમ દ્વારા આર્થિક છેતરપિંડીના કેસ છેલ્લાં કેટલાક વર્ષમાં ઘણા વધ્યા છે. આધુનિક ટેક્નોલોજી અને યંત્રણાનો ઉપયોગ છેતરપિંડી માટે કરનારાઓ સામે પોલીસ સતત લડી રહી છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

અમારી પાસે મજબૂત ફોલોઅપ ટીમ છે જે બેંકો, નાણાકીય સંસ્થાઓ, રિઝર્વ બેંક, સાયબર ક્રાઇમ સામે કાર્ય કરતી વિવિધ રાજ્યની લૉ એન્ફોર્સમેન્ટ એજન્સીસ સહિત તમામ સ્ટેકહોલ્ડર્સ સાથે સતત સંપર્કમાં રહે છે. હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર અમને ઓછામાં ઓછી ૧૫૦૦ ફરિયાદ આવે છે. ગત શુક્રવારે ફરિયાદનો આંકડો એક લાખની પાર જતો રહ્યો હતો, એમ તેમણે કહ્યું હતું.

શનિવારે ફરિયાદનો આંકડો ૧,૦૧,૦૬૯ રહ્યો હતો જ્યારે અત્યાર સુધી આ હેલ્પલાઇન નંબરને કારણે પીડિતોના ૨,૪૧,૪૨,૧૧,૮૨૭ રૂપિયા બચાવવામાં આવ્યા હતા, એમ સૂત્રોએ કહ્યું હતું.

શેરમાં વધુ વળતરની લાલચ આપવી, વિવિધ ટાસ્ક આપવા, ડિજિટલ અરેસ્ટ સહિતના સાયબર છેતરપિંડી તથા ફોન અને ઇમેઇલ હેકિંગમાં થયેલા વધારા વચ્ચે પોલીસ દ્વારા આવી પ્રવૃત્તિઓમાં વાપરવામાં આવતા ૮,૨૧૪ મોબાઇલ ફોન હંમેશ માટે બ્લોક કર્યા છે, એમ તેમણે વધુમાં કહ્યું હતું. ■

# લગ્નનું વચન આપીને મહિલા ડૉક્ટર સાથે દુષ્કર્મઃ આઈપીએસ અધિકારી સામે ગુનો

નાગપુરઃ લગ્નનું વચન આપીને મહિલા ડૉક્ટર સાથે કથિત દુષ્કર્મ કરવા પ્રકરણે નાગપુરમાં ૩૦ વર્ષના ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ) અધિકારી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ ૨૮ વર્ષની તબીબે શુક્રવારે ઈમામવાડા પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ કરી હતી.

ફરિયાદ અનુસાર નવેમ્બર, ૨૦૨૨માં સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ ઈન્સ્ટાગ્રામના માધ્યમથી ફરિયાદીની ઓળખાણ આરોપી સાથે થઈ હતી. તે સમયે આરોપી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) પરીક્ષાની તૈયારી કરતો હતો, જ્યારે ફરિયાદી પણ એમબીબીએસનો કોર્સ કરતી હતી.

ઑનલાઈન ચૅટિંગ પછી બન્ને વચ્ચે મોબાઈલ નંબરની આપલે થઈ હતી. પછી બન્ને એકબીજાને કૉલ્સ કરી સંપર્કમાં રહેતાં હતાં. ધીરે ધીરે મિત્રતા થતાં આરોપીએ લગ્નની ખાતરી આપી ફરિયાદી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ) માટે પસંદગી થયા પછીથી આરોપીએ મહિલાની અવગણના કરવા માંડી હતી અને લગ્ન પણ ઇનકાર કર્યો હતો.

આરોપીના પરિવારજનો પણ ફરિયાદીને પ્રતિભાવ આપવાનું ટાળવા લાગ્યા હતા. પરિણામે હતાશ થયેલી ફરિયાદીએ ઈમામવાડા પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે પોલીસે શનિવારે આઈપીએસ અધિકારી વિરુદ્ધ બળાત્કારનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્રનાં મંદિરોમાં ડ્રેસ કોડનો આગ્રહઃ દર્શનાર્થીઓમાં મિશ્ર પ્રતિક્રિયા

મુંબઈઃ મહારાષ્ટ્રનાં મંદિરો ધીમે ધીમે મુલાકાતીઓ માટે ડ્રેસ કોડ અમલમાં આવી રહ્યો છે. ધાર્મિક સ્થળોનું સંચાલન કરતા ટ્રસ્ટોએ માર્ગદર્શિકા બહાર પાડીને શ્રદ્ધાળુઓને સાધારણ તેમજ પરંપરાગત વસ્ત્રો પહેરવાની આગ્રહભરી વિનંતી કરી છે. મંદિરના ટ્રસ્ટોએ ધાર્મિક સ્થળોની પવિત્રતા જાળવવા માટે ડ્રેસ કોડની જરૂરિયાત પર ભાર મૂક્યો છે, પરંતુ આ બાબતે મુલાકાતીઓના મિશ્ર પ્રત્યાઘાતો જોવા મળ્યા છે.

ચિંચવડ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત મંદિરોએ શુક્રવારે નિવેદન જારી કરીને મુલાકાતીઓને ‘‘યોગ્ય‘‘ પોશાક પહેરવાની વિનંતી કરી હતી. આ દેવસ્થાન હેઠળ પુણે જિલ્લાના મોરગાંવ અને થુર, અહલ્યા નગરમાં સિદ્ધટેક અને પિંપરી ચિંચવડમાં મોર્યા ગોસાવી સંજીવન અને રાયગઢમાં ખાર નારંગીનો સમાવેશ થાય છે,

ટ્રસ્ટે સ્પષ્ટતા કરી હતી કે ડ્રેસ કોડ ફરજિયાત નથી પરંતુ આ મંદિરોમાં શિષ્ટાચાર જાળવવા આ આદરણીય અપીલ છે. આ નવી માર્ગદર્શિકા ધીમે ધીમે રાજ્યભરમાં ઊભરી રહેલા વલણનો એક ભાગ હોય તેવું લાગે છે.

પુણેની રહેવાસી અદિતિ કાણેએ જણાવ્યું હતું કે ‘આજકાલ, લોકો મંદિરોની મુલાકાત લેવા માટે અગાઉથી આયોજન નથી કરતા, પરંતુ રજાઓ મળે ત્યારે અન્ય સ્થળોની મુલાકાત સાથે મંદિરે દર્શન કરવા પણ જાય છે. મેં રજાઓ દરમિયાન મંદિરોની મુલાકાત લીધી ત્યારે જોવામાં આવ્યું છે કે અમુક લોકોને બાદ કરતા મોટાભાગના લોકો મર્યાદા જળવાય એવો પોશાક પહેરે છે. મંદિર સંચાલકો ડ્રેસ કોડ વિશે અપેક્ષા વ્યક્ત કરે તેમાં કશું ખોટું નથી, પરંતુ તેમણે એ ફરજિયાત ન કરવું જોઈએ.’ આ વર્ષે જાન્યુઆરીમાં મુંબઈસ્થિત શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર ટ્રસ્ટે અગ્રણી મંદિર માટે ડ્રેસ કોડની જાહેરાત કરી હતી. અહીં સેલિબ્રિટીઝ સહિત હજારો મુલાકાતીઓ આવે છે. ગયા વર્ષે રત્નાગિરિના ૫૦ મંદિરોમાં મુલાકાતીઓ માટે ડ્રેસ કોડ રજૂ કરવામાં આવ્યા હતા. પ્રવેશદ્વાર પર સાઇન બોર્ડ સાથે લોકોને આખું શરીર ઢંકાય એવા કપડાં પહેરવા અને શરીરના ભાગોને ખુલ્લા પાડતાં વસ્ત્રોને ટાળવાની વિનંતી કરવામાં આવી હતી. ■

# ટ્રાફિક જામને કારણે મહિલાને કોસ્ટલ રોડ ટનલમાં શ્વાસ લેવામાં તકલીફ પડી; બીએમસી અધિકારીએ બચાવ્યાં

મુંબઈઃ મુંબઈના કોઈ રસ્તા એવા બાકી નથી જ્યાં ટ્રાફિક જામ ન થતો હોય. ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મેળવવા બનાવાયેલો કોસ્ટલ રોડ પણ હવે તેમાંથી બાકાત નથી રહ્યો. સાત એપ્રિલના રોજ મુંબઈના કોસ્ટલ રોડ ટનલની અંદર એક મહિલાને શ્વાસ લેવામાં તકલીફ પડી, જેના કારણે વેન્ટિલેશન અને ટ્રાફિક નિયંત્રણ સંબંધિત ગંભીર સમસ્યાઓ સામે આવી હતી. ડોમ્બિવલીના યોગ શિક્ષક સુબોધ જઠાર અને તેમની પત્ની શહેરની ઐતિહાસિક કાળી-પીળી ટેક્સીમાં દાદરથી કોલાબા જઈ રહ્યાં હતાં ત્યારે આ ઘટના બની હતી.

ઓક્સિજનના સ્તરમાં અચાનક ઘટાડો આ દંપતી લગભગ ૩૦ મિનિટ સુધી ટનલમાં મોટા ટ્રાફિક જામમાં ફસાયેલું હતું. જઠારના જણાવ્યા મુજબ, લાંબા સમય સુધી ટ્રાફિક જામ, અપૂરતી હવાના પરિભ્રમણને કારણે તેની પત્નીના ઓક્સિજનના સ્તરમાં ઘટાડો થયો. તેને શ્વાસ લેવામાં તકલીફ અને ગંભીર અસ્વસ્થતાનો અનુભવ થવા લાગ્યો. જઠારે કહ્યું કે તેમને પણ ટનલમાં નબળા વેન્ટિલેશન અને વધતી ગરમીની અસરોનો અનુભવ થયો.

તેમની પત્નીની હાલત બગડતા પરિસ્થિતિ ઝડપથી વણસી ગઈ. આ જામમાં બીએમસીના આર સાઉથ વૉર્ડના આસિસ્ટન્ટ કમિશનર મનીષ સાલ્વે પણ પોતાની સ્કોર્પિયો એસયુવી સાથે ફસાયેલા હતા. સદનસીબે, આઈપીએલ મેચ માટે વાનખેડે સ્ટેડિયમ જઈ રહેલા સાલ્વેએ મહિલાની તકલીફ જોઈ અને તરત જ મદદની ઓફર કરી. સાલ્વે દંપતીને સીધા બોમ્બે હોસ્પિટલ લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ મહિલાની સ્થિતિ સ્થિર કરવા માટે ઓક્સિજન આપ્યો. તેમને બે કલાક સુધી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યાં અને તે જ દિવસે મોડેથી રજા આપવામાં આવી.

કોસ્ટલ રોડ ટનલની અંદર વેન્ટિલેશન અંગે ગંભીર ચિંતાઓ

જઠારે સમયસર મદદ માટે સાલ્વેનો આભાર વ્યક્ત કર્યો પરંતુ કોસ્ટલ રોડ ટનલના સંચાલન અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી. તેમણે વધુ સારી વેન્ટિલેશન સિસ્ટમની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો અને અધિકારીઓને ભીડ દરમિયાન વાહનોના પ્રવેશને નિયંત્રિત કરવા હાકલ કરી. તેમણે ટનલની અંદર ટ્રાફિકની સ્થિતિની જાણ કરવા માટે પ્રવેશ બિંદુઓ પર ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ લગાવવાનો પણ પ્રસ્તાવ મૂક્યો. તેમણે કહ્યું કે ટેક્સીના એર કન્ડિશનિંગથી થોડી રાહત મળી, પણ ભીડભાડવાળી ટનલની અંદર ગરમી અને ગંદકીનો સામનો કરવા માટે તે પૂરતું નહોતું. જ્યારે તેઓ હોસ્પિટલ પહોંચ્યા ત્યારે તેમની પત્નીના હાથપગ અકડાવા લાગ્યા હતા. ■

# છત્રપતિ સંભાજીનગરમાં શતાયુ વ્યક્તિએ આંબેડકર સાથેના તેમના સંભારણાં વાગોળ્યાં

છત્રપતિ સંભાજીનગરઃ દેશ ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતીની ઉજવણી માટે તૈયાર થઈ રહ્યો છે. આ પ્રસંગે, દલિત નેતાની સેવા કરવા માટે રેલવેમાં કાયમી નોકરી છોડી દેનાર, અને હવે સદી વટાવી ચૂકેલા છત્રપતિ સંભાજીનગરના આજોબા (દાદાજી), પોતાનાં સંસ્મરણો વાગોળે છે.

વયોવૃદ્ધ હોવા છતાં, ૧૦૩ વર્ષીય લક્ષ્મણ ખોતકર નવા, સ્વતંત્ર ભારતમાં બંધારણના ઘડવૈયાની સેવામાં વિતાવેલા છ થી સાત વર્ષ, આબેહૂબ વિગતો સાથે હજુ પણ યાદ કરે છે.

૧૯૪૮માં, ખોતકરને સુભેદરી સર્કિટ ગેસ્ટ હાઉસમાં કામ કરવાની તક મળી ત્યારે તેઓ નિઝામના રાજ્ય રેલવેમાં ગેટ વોચમેન તરીકે નોકરી કરતા હતા. જ્યાં છત્રપતિ સંભાજીનગરમાં તેમણે સ્થાપેલી મિલિંદ કોલેજના નિર્માણ દરમિયાન આંબેડકર સમયાંતરે રોકાતા હતા.‘‘મને શેરનાપુર (છત્રપતિ સંભાજીનગરની ઉત્તરે આવેલ રેલવે ફાટક) માં રેલ્વેમાં પોસ્ટ કરવામાં આવ્યો હતો. મને ખબર પડી કે બાબાસાહેબ એક કોલેજ બનાવી રહ્યા છે, અને મેં ઉત્સાહપૂર્વક રેલવેની નોકરી છોડી દીધી અને કોલેજ સાઇટ પર આવ્યો, કોન્ટ્રાક્ટર, અપ્પાસાહેબ ગાયકવાડ અને એક શ્રી વારલેને મને નોકરી પર રાખવા વિનંતી કરી.’’ તેઓ યાદ કરતા કહે છે.’’

ખોતકર કહે છે કે તેમણે આંબેડકર પ્રત્યેના પ્રેમ અને પ્રશંસાને કારણે દરરોજ ૧.૫ રૂપિયાના દરે ચોકીદાર અને હેન્ડીમેનનું કામ સ્વીકાર્યું.

‘‘મારી રેલવેની નોકરીમાં હું દર મહિને ૧૫ રૂપિયા કમાતો હતો. જોકે, મને કોલેજમાં દરરોજ ૧.૫ રૂપિયા મળતા હતા. દરરોજ કામની કોઈ ગેરંટી નહોતી, અને આવક સ્થિર નહોતી. મારો પરિવાર નાનો હતો, અને તે દિવસોમાં, ૧૬ કિલો જુવારની કિંમત ૧ રૂપિયા હતી, જે અમારા માટે પૂરતી હતી,’’ તેમણે જણાવ્યું. ખોતકરે ઉમેર્યું કે તેઓ શહેરની મુલાકાતો દરમિયાન આંબેડકરની દિનચર્યા અને જરૂરિયાતોનું ધ્યાન રાખતા હતા.

‘‘મને બાબાસાહેબની મુલાકાતો વિશે અગાઉથી જાણ કરવામાં આવતી અને હું તેમના રોકાણ દરમિયાન તેમના માટે બધી જ સંભાળ રાખતો,’’ તેઓ ગર્વથી કહે છે. ખોતકર કહે છે કે આંબેડકર એક વિચારશીલ અને સંભાળ રાખનાર માણસ હતા. ‘‘બાબાસાહેબ હંમેશાં અમને પૂછતા કે અમે ભોજન કર્યું છે કે નહીં અને તેમના ડ્રાઇવર મારુતિ અને મને તેમની સાથે નાસ્તો કરવા પણ કહેતા.’’ ખોતકર યાદ કરે છે કે આંબેડકર ખૂબ કામગરા હતા અને મોડી રાત સુધી કામ કરતા અને સવારે ૫ વાગ્યા સુધીમાં જાગી જતા.

ખોતકર કહે છે, આ ઘટના હજુ પણ તેમને યાદ છે. ત્યારબાદ આંબેડકરે ખોતકરના છ મહિનાના પુત્રને આશીર્વાદ આપ્યા. ખોતકર આજે પણ મિલિંદ કોલેજ પાસે રહે છે, અને દેશના સૌથી આદરણીય વ્યક્તિત્વોમાંના એકની યાદોને ઉજવે છે. (પીટીઆઈ) ■

# નાગપુરમાં ઘરમાં મહિલા ડૉક્ટરની હત્યા

નાગપુરઃ નાગપુરમાં ઘરમાં ઘૂસી અજાણ્યા શખસે મહિલા ડૉક્ટરની કથિત હત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસને ડૉક્ટરનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો અને તેના માથા પર ઇજાનાં નિશાન હતાં. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ હુડકેશ્વર પોલીસ સ્ટેશનની હદમાં લાડીકર લેઆઉટ સ્થિત ઘરમાંથી શનિવારની રાતે ડૉ. અર્ચના અનિલ રાહુળે (૫૦)નો મૃતદેહ મળી આવ્યો હતો. ડૉ અર્ચના ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલમાં ફિઝિયોથેરપી વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે અર્ચના એકલી રહેતી હતી. તેના પતિ ડૉ. અનિલ રાહુળે છત્તીસગઢના રાયપુરમાં પ્રેક્ટિસ કરે છે, જ્યારે પુત્ર ડૉક્ટરીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હોવાથી તે પુણેમાં રહે છે. (પીટીઆઈ) ■

# ધર્મતેજ

મનન

હેમંત વાળા
feedback@bombay samachar.com

## યોગથી ઊભરતું વિસ્મય



પતંજલિના યોગસૂત્રનું આ વિધાન છે. યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ અર્થાત્ ચિત્તની વૃત્તિનો નિરોધ એટલે યોગ. ચિત્તની વૃત્તિ, મનના વિચારો, મનન તથા ચિંતનની પ્રક્રિયા, બુદ્ધિની નિર્ણયલક્ષી ભૂમિકા - એ બધું જ શાંત થાય, વિરમી જાય ત્યારે યોગ સિદ્ધ થયો તેમ કહેવાય. ત્યારે યોગની ભૂમિકા પ્રાપ્ત થઈ હોય તેમ કહેવાય. તે વખતે અદ્‌ભુત વિસ્મય ઊભરે.

યોગ એ વિચારોને શાંત કરવાનું, ઇન્દ્રિયોને નિયંત્રિત રાખવાનું, અંતર તરફ દૃષ્ટિ વાળવાનું, આંતરિક શાંતિ પ્રાપ્ત કરવાનું, સ્થિરતા સ્થાપિત કરવાનું, અંતિમ સત્ય તરફ જવાનું, સૃષ્ટિની ઉત્પત્તિના મૂળ કારણ તરફ અગત્યનું પગલું ભરવાનું, સ્વયંની વાસ્તવિક સ્થિતિને ઓળખવાનું અને પરમ અસ્તિત્વની પ્રતીતિ કરવાનું મહત્ત્વનું માધ્યમ છે.

મહર્ષિ પતંજલિ અહીં એમ કહે છે કે ઇન્દ્રિયોના વિષયો દ્વારા આવેગમાં આવતાં મનના વિચારોને નિયંત્રિત કરવાથી, બુદ્ધિને સ્થિર રાખી તેની નિર્ણાયક ભૂમિકાને શાંત કરવાથી, ચિત્તમાં સંગ્રહિત દરેક બાબતનો, દરેક સંસ્કારનો લય કરવાથી યોગની સ્થિતિ પ્રાપ્ત થઈ શકે. આમ તો આ યોગનાં આઠ અંગ છે; યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. ચિત્તની વૃત્તિના નિરોધની ભૂમિકા પ્રાણાયામ પહેલાં સ્થાપિત થઈ જવી જોઈએ, અને પ્રાણાયામથી તે સ્થિતિ પૂર્ણતાને પામે. ચિત્ત શાંત થાય પછી જ પ્રત્યાહાર અને યોગનાં આગળનાં તબક્કાઓ શરૂ થાય. ચિત્ત વૃત્તિનો નિરોધ એવો પડાવ છે જ્યાં આગળની પ્રક્રિયા પૂર્ણતાને પામે અને પછીની પ્રક્રિયાની ભૂમિકા સ્થપાય. આ એક વચ્ચેની એવી કડી છે કે જે તેની બંને બાજુની પરિસ્થિતિને જોડે છે. આ કડી જેટલી સબળ એટલું જોડાણ પરિપક્વ અને પરિણામલક્ષી. વિસ્મયતા સુધી પહોંચવા આ કડી બહુ જરૂરી છે.

પરમ સાથે જોડાવા માટે મન, બુદ્ધિ અને ચિત્ત શૂન્યતામાં પ્રવેશે એ જરૂરી છે. બ્રહ્મ સાથેના જોડાણ વખતે બીજા કશાનું અસ્તિત્વ ન હોવું જોઈએ. જ્યાં માત્ર બ્રહ્મ પ્રવર્તમાન હોય ત્યાં બ્રહ્મ જ પ્રવર્તમાન હોય. જ્યાં બીજા કશાની કામના ન હોય ત્યાં બ્રહ્મ અર્થાત્ ઈશ્વર જ બાકી રહે. જ્યાં બીજા કશાની અપેક્ષા ન હોય ત્યાં ઈશ્વર સામેથી આવે. જ્યાં બધું શાંત થયું હોય ત્યાં જ ઈશ્વરનું પ્રતિબિંબ દેખાય, જ્યાં સુધી પાણીમાં તરંગો હોય ત્યાં સુધી છબી સ્પષ્ટ ન બને. જ્યાં નીરવ શાંતિ હોય ત્યાં જ ઈશ્વરનો ૐકાર સંભળાય, ત્યાં શ્વાસની ગતિનો ધ્વનિ પણ જાણે થંભી જાય.

બ્રહ્મ અનંત છે. બ્રહ્મ શૂન્ય પણ છે. જ્યાં અનંતની પ્રાપ્તિ થતી હોય ત્યાં શૂન્યનું મહત્ત્વ ન હોય અને જ્યાં શૂન્યની પ્રાપ્તિ થતી હોય ત્યાં અનંત પણ શૂન્યમાં પરિણામે. બ્રહ્મ નિરાકાર છે, જે સાકારતા પણ ગ્રહણ કરી શકે છે. નિરાકારનો આકાર નથી પણ જ્યારે તે નિરાકાર આકાર ધારણ કરે ત્યારે તે આકાર પણ નિરાકાર સમાન હોય. બ્રહ્મ અખંડ છે જેના અંશ માત્રથી સમગ્ર સૃષ્ટિ ધારણ કરાઈ છે. ગીતામાં પણ આ વાત સ્પષ્ટપણે કહેવાઈ છે. આ એ અખંડ છે જેનો અંશ પણ અખંડ છે. આ એ અખંડ છે કે જે અંશમાં વિભાજિત થયેલો પણ જણાય છે. અહીં અંશ જ અખંડ છે અને અખંડ એક અંશ છે. બ્રહ્મ શાશ્વત છે, પરંતુ જ્યારે તે શિવમાંથી જીવ બની અવતાર ધારણ કરે ત્યારે તે અવતાર, તે મનુષ્ય દેહ, પ્રકૃતિના નિયમોનું અનુસરણ કરી રૂપાંતરણને સ્વીકારી લે. બ્રહ્મ અનાદિ છે. જોકે બ્રહ્મ સાથે અનાદિ શબ્દ જોડવો પણ યોગ્ય નથી. જ્યારે અનાદિ શબ્દ સ્થાપિત થાય ત્યારે ધારણા તરીકે એક સમયની રૂપરેખા બંધાય. બ્રહ્મ આ રૂપરેખા તથા તેની ધારણાથી પર છે. બ્રહ્મ વિસ્મયકારક હકીકત છે.

બ્રહ્મ આકાશ સ્વરૂપ છે, જેનાં અસ્તિત્વમાં બધું જ સમાયેલું હોય. બ્રહ્મ પ્રકાશ સ્વરૂપ છે જેનાથી સમગ્ર સૃષ્ટિ પ્રકાશિત થાય છે. તે પ્રકાશમાં પ્રતીત થાય અને અંધકારમાં પણ દર્શન આપે. બ્રહ્મ સુગંધ સ્વરૂપ છે જેની સુવાસ સૃષ્ટિના દરેક સંજોગોમાં સમાયેલી છે. બ્રહ્મ ધર્મ સમાન છે જેનાથી બધું જ ધારણ કરાયેલું છે. બ્રહ્મ આધ્યાત્મ વિદ્યા સમાન છે, બ્રહ્મનો સ્વભાવ જ આધ્યાત્મ છે. બ્રહ્મ સત્ય સમાન છે જ્યાં કોઈપણ પ્રકારનાં ભ્રમ કે દંભ માટે સ્થાન નથી. બ્રહ્મ દ્રષ્ટિ સમાન છે જે બધાને સાક્ષી ભાવે જોયા કરે છે. બ્રહ્મ માટે કોઈ બાધા નથી. એ આ પણ છે અને તે પણ છે. તે અહીં છે અને ત્યાં પણ છે. તે અંદર પણ છે અને બહાર પણ છે. નિરાકાર તરીકે તે અનુભૂતિનો વિષય છે અને સાકાર તરીકે તે દર્શન પણ આપી શકે. બ્રહ્મ સર્વત્ર છે, સર્વજ્ઞ છે, સર્વથા છે.

પતંજલિના યોગસૂત્રમાં એમ પણ કહેવાયું છે કે જ્યારે યોગની સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે વિસ્મય જાગ્રત થાય. આ એક અદભુત વાત છે. જે કલ્પનાના વિસ્તારમાં નથી, જે મનની પહોંચમાં નથી, જે બુદ્ધિના ક્ષેત્રમાં નથી, જે ચિત્તમાં એકત્રિત થયેલ સંસ્કાર સાથે કોઈ રીતે સરખાવી શકાય તેમ નથી, જે અદ્‌ભુત અકલ્પ્ય નિર્વચન અનોખું અસ્તિત્વ છે, તે યોગની સ્થિતિમાં અનુભૂતિમાં આવે. આ અનુભૂતિ એ પ્રકારનો અનુભવ છે કે જેનાથી વ્યક્તિ માત્ર અપારથી પણ વધુ વિસ્મય અનુભવે. કંઈક અંશે આ વાત ગીતાના વિશ્વરૂપ દર્શન સમાન છે. આ વિસ્મય સાથે પરમ આનંદ સમાયેલો હોય. આ વિસ્મય સાથે અપાર શાંતિની અનુભૂતિ થાય. સૃષ્ટિનું સત્ય અહીં સમજમાં આવે.

યોગની આ સ્થિતિમાં, અહીં જાણે બધું જ છતું થઈ જાય. એવું કશું જ ન હોય કે જે જાણવાનું બાકી રહે અથવા તે જાણવા માટેની જિજ્ઞાસા રહે. અહીંથી આગળ કશાનું અસ્તિત્વ જ ન હોય. આ એક પૂર્ણ સ્થિતિ છે, સંપૂર્ણ સ્થિતિ છે, અતિપૂર્ણ સ્થિતિ છે. આ જ અંતિમ લક્ષ્ય છે. ■

## સંકટ સે હનુમાન છુડાવૈ, મન ક્રમ બચન ધ્યાન જો લાવૈ



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



હનુમંત એટલે પ્રાણતત્ત્વનું બળ. હનુમાન બહુ સુંદર છે, સારા છે, પ્યારા પણ છે. હનુમાન સંકટથી છોડાવે છે, પરંતુ પહેલાં આપણે એ નક્કી કરીએ કે સંકટ શું છે? સંકટ એટલે શું ? સંકટની પરિભાષા શું? 'માનસ'કાર તો બિલકુલ જુદી જ પરિભાષા કરે છે.

હનુમાનજીના મુખેથી નીકળેલું વચન છે કે, હે હરિ, અમે તમારું સ્મરણ છોડી દઈએ, અમે તમારું ભજન છોડી દઈએ એ સૌથી મોટું સંકટ છે, સૌથી મોટી વિપત્તિ છે. સમય હોય, ક્ષમતા હોય તો પણ આપણે ભજન, સ્મરણ, સેવા ન કરી શકીએ તો સમજવું કે આપણા પર ભારે સંકટ છે. કુંતીને કૃષ્ણ પાસે જ્યારે માગવાની વાત આવી ત્યારે મા કુંતીએ કહ્યું, 'હે ગોવિંદ, જો તારે કંઈ આપવું હોય તો ક્ષણે ક્ષણે, સમયે સમયે મારા પર વિપત્તિઓના પહાડ પડે એવું આપ; કેમ કે વિપત્તિ આવશે તો હરિ, તારી યાદ આવતી રહેશે; નહીંતર અમે સંસારીઓ તને ભૂલી જઈશું!' માલિકનું સ્મરણ થતું રહે. માણસ મંત્રનું સ્મરણ કરે અને સત્યનું સ્મરણ છૂટી જાય તો? તો, સૌથી મોટી વિપત્તિ તો આ છે. છતાં પણ આપણા જેવા સંસારી લોકોનાં એવાં ક્યાં સંકટ છે કે, હનુમાનને કહેવું પડે કે તું એમાંથી છોડાવ?

આપણા સૌના જીવનમાં એક ધર્મસંકટ હોય છે.'રામચરિત માનસ'ના પ્રસંગમાં ભગવાન શંકરના જીવનમાં ધર્મસંકટ ઊભું થયું હતું, 'જ્યારે સતી ખોટું બોલી, સતીએ રામની પરીક્ષા કરવા માટે એક અર્થમાં રૂપ બદલ્યું, રામની સામે છળ કર્યું, તો તેને હું કેવી રીતે રાખું ? એક બાજુ મારા પ્રત્યે એમની ભક્તિ પણ છે.' તો, આપણા જેવાને માર્ગદર્શન આપવા માટે કહેવાયું કે જીવને તો સંકટ આવે છે, પરંતુ શિવના જીવનમાં સંકટ આવે ત્યારે એ શું કરે ? એ હરિનામ જપવા બેસી ગયા, થઇ ગયું કામ. અસમંજસ પરિસ્થિતિ, દુવિધા એ ધર્મસંકટ હોય છે. હનુમાનજી નવા વિચારો આપીને ધર્મસંકટમાંથી આપણને છોડાવે છે.

બીજું છે અર્થસંકટ. નોકરી નથી મળતી. કમાઈએ છીએ એમાં પૂરું નથી થતું. નાનાં-મોટાં સૌને સંકટ છે, ધનિકોને પોતાનાં સંકટ છે. જીવનનો સાચો અર્થ શું છે ? પરમાત્મા માટે જીવવું છે કે સ્વાર્થ માટે જીવવું છે, એનો આપણે નિર્ણય નથી કરી શકતા, એ અર્થસંકટ છે. અર્થનો મતલબ મારી સમજ મુજબ એવો છે કે, જીવન પરમાર્થ માટે છે કે કેવળ સ્વાર્થ માટે છે, માણસે એનો નિર્ણય કરવો જોઈએ. સત્સંગમાં વિવેકની પ્રાપ્તિ પછી એનો નિર્ણય થાય છે. જીવન કોના માટે છે, એ અર્થ સ્પષ્ટ થઇ જવો જોઈએ.

ત્રીજું, ધૈર્યસંકટ. સાવધાન રહો, ધીરજ ન ગુમાવો. ધૈર્ય તૂટ્યા પછી આપણે વિવેક ચૂકી જઈએ છીએ અને વિવેક ગયો તો જીવતો માણસ પણ મરી ગયો સમજો ! જીવનનો પ્રાણ વિવેક છે. જનકને જ્યારે ધૈર્યસંકટ આવ્યું, એનું ધૈર્ય છૂટી ગયું ત્યારે એ સંકટથી છોડાવવા હનુમાન જ આવ્યા. શંકર હનુમાન છે, હનુમાન શંકર છે. શંકરે જઈને ધનુષની નીચેથી સૂચના આપી કે, જનક ધૈર્ય ગુમાવી ચૂક્યા છે એટલે રામ સ્પર્શે ત્યારે તું તૂટી જજે. શિવ જ છોડાવે છે. હનુમાનતત્ત્વ જ એને મુક્ત કરાવે છે.

એક છે કાળસંકટ. કાળના બે અર્થ. કાળ એટલે મૃત્યુ; અને કાળ એટલે પોતાનો જે સમય ચાલતો હોય તે. સમયનું સંકટ આવે છે. કેવો સમય હતો અને કેવો થઇ ગયો ! ક્યાંથી ક્યાં ગયા! એનાથી હનુમાનજી છોડાવે છે. વાનરો-રીંછોને હનુમાને છોડાવ્યા. જાનકી રામની વિરહમાં મૃત્યુ માગી રહી છે ત્યારે હનુમાન આવીને બચાવે છે. સુગ્રીવને કાળથી છોડાવ્યો. સમયસર રામ ન આવ્યા, ને ભરત મરવા તૈયાર છે ત્યારે એને હનુમાન છોડાવે છે. 'માનસ'માં એવાં ઘણાં પાત્રો મળે છે જે આપણને પ્રેરણા આપે છે, પ્રમાણ આપે છે. તમારો કોઈ મિત્ર બદલી જાય, જુદો પડી જાય તો સમજવું કે એ નથી બદલ્યો, પણ મારો સમય બદલ્યો છે. કેટલોક સમય એવો આવે છે, જ્યારે માણસ જ્યાં હાથ નાખે છે ત્યાં બધું ઊલટું થાય છે !

દેશસંકટ, રાષ્ટ્રસંકટ. એવા સંકટોમાં કોઈ ગાંધી જોઈએ. દશરથજી પર દેશસંકટ આવ્યું. એક સંકટ છે પ્રાણસંકટ. જન્મ સંકટ છે, મૃત્યુ સંકટ છે, જરા-બુઢાપો સંકટ છે. વ્યાધિ, શરીરમાં રોગનું ફેલાવું એ બધું સંકટ છે. બધું દુઃખમય એનું થોડું જુદું દર્શન કરો તો મારાં શ્રોતા ભાઈ-બહેનો, એ જ વસ્તુ સુખદ થઇ શકે છે. જન્મ દુઃખ છે, અવશ્ય. પરંતુ જન્મ સુખ નથી?

જન્મ દુઃખ જ નથી, સુખ પણ છે. માની લો કે મૃત્યુ દુઃખ પણ છે, પરંતુ મૃત્યુ મહોત્સવ પણ બની શકે છે. કાળ શું કરી શકે ? સ્મરણવાળાને મરણ મારી ન શકે. બુઢાપો સારો નથી? વૃદ્ધનો અર્થ છે, જે વિચારોની વૃદ્ધિ પામી ગયું છે. બુઢાપો એક દર્શન પણ છે. ટાગોરને જુઓ, વિનોબાજીને જુઓ. અને પીડા પણ હરિનું સ્મરણ કરવામાં મદદ કરે છે.

સંસારના રોગોની ઔષધિ છે હરિનામ. એનાથી અંદરનાં રોગ મટી જાય છે. હરિના નામમાં તાકાત છે. મારા દેશના ઋષિમુનિઓના ખભે બેસીને રોજ નવું દર્શન કરો. ઋષિ રાજી થશે. તુલસીદાસજીની પંક્તિઓનું કેવળ ભાષાંતર નહીં, ભાવાંતર કરો. પ્રતિપળ બધું બદલી રહ્યું છે.

ભગવાન કરે કોઈ પર સંકટ ન આવે, પરંતુ કાળને કારણે, કર્મોને કારણે, સ્વભાવને કારણે, જો આવે તો એ સમયે ધ્યાનથી, શાંતિથી મનમાં વિચારવું કે એનું કારણ શું છે ? અને સંકટ આવી જ ગયું છે, તો હવે શું કરવું ? સંકટના સમયે બોલવામાં ધ્યાન રાખવું. હરિને યાદ કરો. હનુમાનજી સંકટથી મુક્ત કરશે. એક નાની એવી શરત છે કે, મન, કર્મ, વચનથી ધ્યાન ધરવું. હનુમાન શંકરરૂપ છે. હનુમંત આશ્રય કરો.

– સંકલન : જયદેવ માંકડ

## શિવમંદિરના રક્ષક ગણાય છે ભૈરવ

અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombay samachar.com



(ગયા અંકથી ચાલુ)

અષ્ટાંગયોગમાં આ કાર્ય 'યમ' દ્વારા થાય છે. યમ પાંચ છેઃ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ. અસત્ય, હિંસાવૃત્તિ, ભોગવાસના, ચૌર્યવૃત્તિ અને સંગ્રહવૃત્તિ-આ પાંચ બંધન છે, પાશ છે અને તેથી અધ્યાત્મપથમાં બાધાકારક છે. પાંચ યમના પાલન દ્વારા સાધક આ બંધનને કાપી નાખે છે અને યોગના ઉચ્ચતર અભ્યાસમાં સરળતાથી આગળ વધે છે. આ સત્ય શિવમંદિરમાં કાપાલિકના પ્રતીક દ્વારા સૂચિત થાય છે. કાપાલિકની જેમ યમ અને યમની જેમ કાપાલિક અધ્યાત્મયાત્રીનાં - શિવોપાસકનાં બંધનોને છેદી નાખે છે.

૨. શિવમંદિરમાં કાપાલિકની સાથે ભૈરવની મૂર્તિ પણ હોય છે.

ભૈરવ શિવમંદિરના રક્ષક ગણાય છે. વારાણસીના પ્રધાન દેવ કાશીવિશ્વનાથ છે અને કાળભૈરવ વારાણસીના કોટવાળ અર્થાત્ રક્ષક ગણાય છે. આમ ભૈરવ રક્ષક-દેવ છે. કૂતરો ભૈરવનું વાહન ગણાય છે. કૂતરો રક્ષાનું પ્રતીક છે.

યોગમાં દ્વિતીય સોપાન નિયમ છે. નિયમ દ્વારા જ યોગસાધનાની રક્ષા થાય છે. નિયમ વિના યોગસાધના પરિપૂર્ણ થાય નહીં. નિયમ પાંચ છેઃ શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન. આ પાંચ નિયમો દ્વારા સાધકની યોગસાધનાની રક્ષા થાય છે. તેમની રક્ષાથી રક્ષિત સાધક સમાધિ અને કૈવલ્ય સુધી પહોંચી શકે છે.

ભૈરવ શિવમંદિરના રક્ષક-દેવ છે, કોટવાળ છે. ભૈરવ શિવમંદિરની અને શિવ-ઉપાસકની, તેની શિવ-ઉપાસનાની રક્ષા કરે છે. શિવમંદિરમાં જે સ્થાન ભૈરવનું છે, તે જ સ્થાન અષ્ટાંગયોગમાં નિયમનું છે. ભૈરવ દ્વારા નિયમ અને નિયમ દ્વારા ભૈરવ સૂચિત થાય છે. ભૈરવ અને નિયમ શિવ-ઉપાસના અને યોગસાધનાની રક્ષા કરે છે.

૩. શિવમંદિરની તૃતીય મૂર્તિ નંદી છે. અષ્ટાંગયોગમાં આસન તૃતીય અંગ છે. નંદી આસીન છે, અર્થાત્ પગ વાળીને બેઠેલા છે અને આસનસ્થ પણ છે. નંદીની આ અવસ્થા અને તે રીતે નંદીની મૂર્તિ દ્વારા યોગનું તૃતીય અંગ આસન સૂચિત થાય છે. નંદીનું મુખ શિવ તરફ જ હોય છે. તેના દ્વારા એમ સૂચિત છે કે આસન સમાધિ અને કૈવલ્યપ્રાપ્તિ માટે ધારણ કરવાનું છે. આસન અને નંદીનું મુખ સમાધિ અને શિવ તરફ છે.

૪. શિવમંદિરની ચતુર્થ મૂર્તિ હનુમાનજી છે. હનુમાનજી વાયુપુત્ર છે. અષ્ટાંગયોગમાં ચતુર્થ અંગ પ્રાણાયામ છે. પ્રાણાયામ વાયુના નિયંત્રણ દ્વારા પ્રાણજયની સાધના છે. હનુમાનજીની મૂર્તિ દ્વારા યોગનું ચતુર્થ અંગ પ્રાણાયામ સૂચિત થાય છે. આપણાં શરીરમાં રહેલા પ્રાણતત્ત્વના અધિષ્ઠાતા દેવ હનુમાનજી ગણાય છે.

શિવમંદિરમાં જે સ્થાન હનુમાનજીનું છે, તે જ સ્થાન અષ્ટાંગયોગમાં પ્રાણાયામનું છે. પ્રાણાયામ વાયુના નિયંત્રણ સાથે ગાઢ રીતે સંકળાયેલી યોગસાધના છે અને હનુમાનજી તો વાયુપુત્ર છે. આમ હનુમાનજી અને પ્રાણાયામનો અન્યોન્ય સંબંધ સુસ્પષ્ટ છે.

૫. શિવમંદિરની પાંચમી મૂર્તિ કચ્છપ છે. કચ્છપ એટલે કાચબો. અષ્ટાંગયોગનું પાંચમું અંગ પ્રત્યાહાર છે. ઈન્દ્રિયો પોતાના વિષયોમાંથી પાછી હટીને પોતાના ગોલોકમાં પાછી ફરે તે પ્રત્યાહાર છે. આવી જ ઘટના કાચબાના વ્યવહારમાં પણ જોવા મળે છે. કાચબો પોતાનાં અંગોને અંદર સંકોરી લે છે. કાચબાની આ અંગોને સંકોરી લેવાની પ્રક્રિયા દ્વારા પ્રત્યાહારની ઘટના સૂચિત થાય છે, તેથી કાચબો પ્રત્યાહારનું પ્રતીક છે.

આમ, શિવમંદિરમાં જે કચ્છપ તે જ અષ્ટાંગયોગમાં પ્રત્યાહાર છે. કચ્છપમૂર્તિ દ્વારા પ્રત્યાહાર અને પ્રત્યાહાર દ્વારા કચ્છપમૂર્તિ સૂચિત થાય છે.

૬. શિવમંદિરની છઠ્ઠી મૂર્તિ ગણપતિ છે. અષ્ટાંગયોગનું છઠ્ઠું અંગ ધારણા છે. ધારણા એટલે કોઈ વિષયમાં ચિત્તનું એકાગ્ર થવું. ગણપતિની આંખો ઝીણી છે, અર્થાત્ એકાગ્ર થયેલી છે. આ રીતે ગણપતિની મૂર્તિ દ્વારા એકાગ્રતા અને એકાગ્રતા (ધારણા) દ્વારા ગણપતિ સૂચિત થાય છે.

આમ, શિવમંદિરમાં જે સ્થાન ગણપતિનું છે, તે સ્થાન અષ્ટાંગયોગમાં ધારણાનું છે.

૭. શિવમંદિરની સાતમી મૂર્તિ પાર્વતીજી છે. અષ્ટાંગયોગમાં સાતમું અંગ ધ્યાન છે.

પાર્વતીજી શિવનું ધ્યાન કરે છે, એટલું જ નહીં, પરંતુ પાર્વતીજી ઉપાસકને શિવની પ્રાપ્તિ કરાવે છે, શિવસુધી દોરી જાય છે. તે જ રીતે ધ્યાન યોગીને સમાધિની પ્રાપ્તિ કરાવે છે, સમાધિ સુધી દોરી જાય છે. યૌગિક સાધનપદ્ધતિ પ્રમાણે ધ્યાન જ વિકસીને સમાધિમાં પરિણમે છે.

આમ પાર્વતીજી દ્વારા ધ્યાન અને ધ્યાન દ્વારા પાર્વતીજી સૂચિત થાય છે.

૮. શિવમંદિરની અષ્ટમ મૂર્તિ શિવલિંગ છે. અષ્ટાંગયોગનું આઠમું અને આખરી અંગ સમાધિ છે. શિવમંદિરમાં શિવલિંગ પ્રધાન મૂર્તિ અને કેન્દ્રસ્થ તત્ત્વ છે, તે જ રીતે અષ્ટાંગયોગમાં સમાધિ આખરી સોપાન અને કેન્દ્રસ્થ તત્ત્વ છે, ધ્યેય છે, તેથી જે સ્થાન શિવમંદિરમાં શિવલિંગનું છે, તે જ સ્થાન અષ્ટાંગયોગમાં સમાધિનું છે.

આમ, શિવલિંગ દ્વારા સમાધિ અને સમાધિ દ્વારા શિવલિંગ સૂચિત થાય છે.

આ રીતે જોઈ શકાય છે કે શિવમંદિર દ્વારા અષ્ટાંગયોગ અર્થાત્ શિવમંદિરની અષ્ટમૂર્તિ દ્વારા અષ્ટાંગયોગ (રાજયોગ)નાં આઠ અંગ સૂચિત થાય છે.

**૨. શિવમંદિરનાં અન્ય તત્ત્વોઃ**

**(૧) જળધારાઃ**

શિવલિંગ પર જળની અખંડ ધારા થાય છે તે અખંડ ચિંતન કે અખંડ શિવધ્યાનનું પ્રતીક છે. આ જળધારા દ્વારા એમ સૂચિત કરવામાં આવે છે કે જેમ આ જળધારા શિવ પર અખંડ સ્વરૂપે વહ્યા કરે છે, તેમ શિવતત્ત્વનું અખંડ અનુસંધાન (ધ્યાન કે ચિંતન) રહેવું જોઈએ. આ અખંડ અનુસંધાન દ્વારા શિવતત્ત્વનેપામી શકાશે.

**(૨) શિવલિંગ અને થાળુંઃ**

શિવલિંગ પુરુષ (આત્મતત્ત્વ) અને થાળું પ્રકૃતિનું પ્રતીક છે. જેમ થાળામાં શિવલિંગ પ્રતિષ્ઠિત થયા છે, તેમ પુરુષતત્ત્વ પ્રકૃતિમાં પ્રતિષ્ઠિત થાય ત્યારે તે તાદાત્મ્ય બંધનનું કારણ બને છે, પરંતુ થાળામાં પ્રતિષ્ઠિત થયું હોવા છતાં શિવલિંગ થાળાની બહાર રહે છે, તેમ પુરુષતત્ત્વ પ્રકૃતિથી નિઃસંગ રહી શકે તો તે શિવની જેમ મુક્ત જ છે.

**(૩) નાગ :**

નાગ કુંડલિનીશક્તિનું પ્રતીક છે. યોગશાસ્ત્રમાં સર્વત્ર કુંડલિનીશક્તિને નાગસ્વરૂપિણી ગણેલ છે. નાગનાં બે સ્વરૂપો છેઃ ગૂંચળું વળીને પડેલું સ્વરૂપ અને ફેણ ચડાવેલું-ઉત્થિત સ્વરૂપ. કુંડલિનીશક્તિનાં પણ બે સ્વરૂપો છેઃ સુષુપ્ત કુંડલિની અને ઉત્થિત કુંડલિની. શિવલિંગના થાળામાં ગૂંચળું વાળીને પડેલા નાગ હોય છે તે સુષુપ્ત કુંડલિનીનું પ્રતીક છે અને શિવલિંગની ચારે બાજુ તથા ઉપર ફેણ ચડાવેલ નાગ હોય છે તે ઉત્થિત કુંડલિનીશક્તિનું પ્રતીક છે.

સુષુપ્ત કુંડલિની જાગ્રત થઈને મૂલાધારમાંથી સહસ્રાર સુધી પહોંચે છે અને ત્યાં શિવશક્તિનું મિલન થાય છે ત્યારે સાધક સમાધિ-અવસ્થામાં પ્રવેશે છે- આવો યોગનો સિદ્ધાંત શિવલિંગ સાથે નાગના પ્રતીક દ્વારા સૂચિત કરવામાં આવે છે. સુષુપ્ત નાગ શિવલિંગની નીચે છે, અર્થાત્ સુષુપ્ત કુંડલિની મૂલાધારમાં છે અને જાગ્રત નાગ શિવલિંગની ઉપર છે, અર્થાત્ જાગ્રત કુંડલિની સહસ્રારમાં પહોંચે છે.

**શિવલિંગનું રહસ્યઃ**

આપણા દેશમાં શિવ-ઉપાસના સર્વવ્યાપક છે. દક્ષિણમાં રામેશ્વરથી ઉત્તરમાં કેદારનાથ સુધી સૌ શિવને ઉપાસે છે, શિવને વંદે છે. આમ છતાં આપણા દેશમાં કેટલીક પરંપરાઓ એવી છે, જે વિશેષતઃ શિવ-ઉપાસક પરંપરાઓ કહેવાય છે, અર્થાત્ શૈવ પરંપરા ગણાય છે. આ શૈવ પરંપરામાં અદ્વૈતવેદાંતને વરેલા શાંકરમતાનુયાયી દશનામીઓ, નાથસંપ્રદાય, કાશ્મીર શૈવ સંપ્રદાય, લિંગાયત સંપ્રદાય અને પાશુપત શૈવ સંપ્રદાય મુખ્ય છે. આ બધી પરંપરામાં નિર્ગુણ-નિરાકાર બ્રહ્મને સર્વોચ્ચ તત્ત્વ ગણવામાં આવે છે અને શિવતત્ત્વને નિર્ગુણ-નિરાકાર ગણીને તેની ઉપાસના કરવામાં આવે છે. શિવ એટલે સર્વોચ્ચ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મતત્ત્વ.

ઉપાસના કરવા માટે કોઈક આધાર જોઈએ, કોઈક પ્રતીક જોઈએ. નિર્ગુણ-નિરાકાર બ્રહ્મતત્ત્વની ઉપાસના થાય કેવી રીતે? આ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મતત્ત્વનું પ્રતીક તે શિવલિંગ. શિવલિંગનો આકાર જ એવો છે કે તેના દ્વારા નિરાકાર સૂચિત થાય છે. વિષ્ણુ, રામ, કૃષ્ણ, જગદંબા આદિની મૂર્તિઓ માનવ-આકૃતિ-સદૃશ હોય છે. તેમને માનવની જેમ જ અંગ-ઉપાંગો હોય છે, પરંતુ શિવલિંગનો આકાર જ વિશિષ્ટ છે. શિવલિંગને આકાર છે, છતાં આકૃતિ નથી. શિવલિંગના આકાર દ્વારા એમ સૂચિત થાય છે કે આ પ્રતીક મૂલતઃ નિરાકારનું પ્રતીક છે. ઉપાસના માટે કોઈક આધાર જોઈએ જ, કોઈક બહિરંગ સ્વરૂપ જોઈએ જ. નિર્ગુણ-નિરાકાર બ્રહ્મતત્ત્વની ઉપાસના કરવી હોય તો? નિર્ગુણ-નિરાકારનું પ્રતીક એવું હોવું જોઈએ, જેનો કોઈક આકાર તો હોય, પણ તે આકાર દ્વારા નિરાકાર સૂચિત થાય! તે આકાર તે જ શિવલિંગ. આમ શિવલિંગ નિર્ગુણ-નિરાકાર બ્રહ્મતત્ત્વનું પ્રતીક છે.

શિવ એટલે પરબ્રહ્મ અને લિંગ એટલે ચિહ્ન, તેથી શિવલિંગ એટલે પરબ્રહ્મનું ચિહ્ન અર્થાત્ પ્રતીક.

(ક્રમશ) ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# રાખી હોય તો રાખજે, ગરીબ સંતની લાજ....



*રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ ,*
*ગરીબ સંતોની લાજ રે તારા, લાલન સંતોની લાજ...*
*ઊંડા રે જળમાં ગજ ગ્રહાયો, ગોવિંદા તેં કીધી'તી એની વ્હાર ,*
*ઝુડ મારીને કટકા કીધા, વ્હાલા તમે ઉગાર્યો ગજરાજ તેણી વાર ...*
*-રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦*
*નિંભાડામાંથી બચલાં ઉગાર્યા, બિલાડી કેરાં બાળ ,*
*પ્રહલાદ કારણ થંભ ધગાવ્યો, એને તરત ઠાર્યો'તો મહારાજ...*
*-રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦*
*કોલવા માથે કરુણા કીધી, તમે મહેર કરી'તી મહારાજ ,*
*દેવળ ફેરવી દર્શન દીધાં, ભગતાં કેરે કાજ ...*
*-રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦*
*રાવ સાંભળી ચડયા રામદે સ્થિર તો કીધાં એનાં જહાજ,*
*ઈ વિશ્વાસે વાણિયો વળગ્યો'તો, બુડતાં તાર્યા એનાં વ્હાણ...*
*-રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦*
*કુંભો છેતરવા આવ્યો રે ચારણ, કુંભે કીધા સન્માન ,*
*કુંભા માથે મહેરું કીધી, મંદિરે મંદિરે મહારાજ...*
*-રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦*
*દાસી જીવણ સંતો ભીમ ને શરણે, અલખનો કર્યો આરાધ,*
*દાસી માથે કરૂણા કરી તમે, દર્શન દેજો દીનાનાથ...*
*-રાખી હોય તો રાખજે ગરીબ સંતોની લાજ...૦*

સંત દાસીજીવણ સાહેબની આ ભજન રચના અનેક ભજનિકો દ્વારા ગવાતી રહે છે. પૂર્વે થયેલા સંત-ભક્તોના પરમાત્માએ કરેલાં કાર્યોની યાદી આપીને આર્તભાવે- સંપૂર્ણ શરણાગતિથી પોતાના ઉપર આવેલી આપત્તિના સમયે આ રીતે અનેક સંત-ભક્ત કવિઓએ ઈશ્વરને અરજ કરી છે.

પોતાનાં વ્યવહારિક કાર્યોના ઉકેલ માટે હજાર હાથવાળા અવિનાશી ઈશ્વર સામે જ હાથ ફેલાવીને માગણી કરનારા આવા સંતોની વ્યવહારિક વિટંબણાઓ પણ પરમાત્મા દ્વારા કાયમ ઉકેલાતી રહી છે એવી સ્પષ્ટ શ્રદ્ધા આવી અનેક ભજનરચનાઓમાં સંત-ભક્તો રજૂ કરતા રહ્યા છે.

વિષમતા, વિસંવાદ, ક્રૂરતા, અસ્થિરતા અને અજ્ઞાનથી ભરેલા માનવ જીવનમંચ પરના એક પાત્ર તરીકે આપણા લોકસંતોને કડવા અનુભવો થતા રહ્યા હશે, પણ એ અનુભવોને પરમાત્માની કસોટીરૂપ ગણીને હસતે મુખે સહન કરી લેવાનું તેઓ સહજ રીતે સ્વીકારતા આવ્યા છે. સમગ્ર ભારતીય ભજન સાહિત્યનાં મુખ્ય લક્ષણોમાં પરમાત્માની અકળ લીલા અને પૂરોગામી ભક્તોને પ્રભુએ કરેલી સહાયનું વર્ણન એ અગત્યનું લક્ષણ છે.

ભક્તિમાર્ગના બધાં કવિ-ભક્તો પુરાણોના પ્રસંગોના ઉલ્લેખો દ્વારા ભગવાનની ભક્તવત્સલતા પ્રગટ કરતા હોય છે. ક્યારેક તો એ પ્રસંગો યાદ કરાવી પ્રભુને મીઠો ઠપકો પણ આપતા હોય છે. દાસી જીવણે તો ગાયું છે : 'નિકર કોણ જપે તારા જાપ? ખાવંદ તારા બાનાની પત રાખ..'

અંબરિષ રાજાનો શ્રાપ ટાળવા દશ અવતાર ધર્યા, ઊંડા જળમાં ઝૂડના મોઢામાં ફસાયેલા ગજરાજને બચાવ્યો, હરિશ્ચન્દ્ર રાજાની કસોટી તો કરી પણ પછી સત્યવાદી તરીકે અમર કર્યો, તારામતીનું સત રાખવા પોતે માળી બન્યા, ભક્ત પ્રહલાદને કારણે ધગાવેલા સ્થંભ ઉપર કીડીઓની હાર દેખાડી ને હિરણ્યકશિપુનો વધ કર્યો, ધ્રુવરાજાને અવિચળ સ્થાન આપ્યું, સુધન્વાને ઉકળતી તેલકડામાં ઉગાર્યો, હળાહળ વિષ ભરેલ અજગરને ખાવાનું આપ્યું,

રામાવતારમાં અહલ્યાનો ઉદ્ધાર કર્યો, શબરીનાં બોર પ્રેમથી આરોગ્યા, કૃષ્ણાવતારમાં પાંડવોને લાક્ષાગૃહમાંથી બચાવ્યા, દ્રૌપદીનાં ચીર પૂર્યા, નારદની ચોરાશી છોડાવી, વિદુરજીની ભાજી ખાધી, મહાભારતના યુદ્ધમાં ટિટોડીનાં ઈંડાં માથે ઘંટ વાળીને એની સંભાળ લીધી ને બચાવ્યાં.

કળિયુગમાં કોલવાને માથે કરૂણા કરી મંદિર ફેરવ્યાં, શરીબાઈના નિંભાડામાંથી બિલાડીનાં બચલાં ઉગાર્યાં, રોહિદાસ માટે શાળીગ્રામને ચલાવ્યા, અધર્મી સજના કસાઈનો ઉદ્ધાર કર્યો, નામદેવનું છાપરૂં સમાર્યું, વિઠ્ઠલ પખે વેળુ વાવી ને એમાં અનાજ પકાવ્યું, રૂપાંદે રાણીને માટે આકાશમાંથી મોજડી ઉતારી ને ફૂલડાંની છાબ આપી, કુંભારાણાને ત્યાં આવેલા ચારણે રાણીની માગણી કરી ત્યારે તમામ રાણીઓના મહાલયમાં ચારણને કુંભારાણાના દર્શન થયાં, નરસિંહ મહેતાને હાથોહાથ હાર આપ્યો, કુંવરબાઈના મામેરાં પૂર્યાં, મીરાંબાઈના ઝેરના કટોરા અમૃત કીધાં, રામદેવ અવતારે વાણિયાનાં બૂડતાં જહાજ સ્થિર કર્યાં, ગણિકાને પણ ભક્તોમાં સ્થાન આપ્યું.....વગેરે પ્રસંગોના ઉલ્લેખો કરીને પરમ કૃપાળુ પરમાત્માની ભક્તજનો પ્રત્યેની અનુકંપાનું વર્ણન દરેક સંતકવિઓ પોતાનાં ભજનોમાં ઠેકઠેકાણે કર્યા કરે છે.

મધ્યકાલીન સંતકવિઓની આવી રચનાઓમાં પ્રભુ પ્રાર્થના, વિનંતી કે અરજનું આ તત્ત્વ સમાન રીતે આલેખાયું છે. એમાં પોતાની આપદા મટાડવા ભગવાનને યાચના કરતાં કરતાં અન્ય ભક્તજનોનો ઉલ્લેખ થતો રહે છે. એનાં કામ પાર પાડયાં, હવે મારી સંભાળ જલ્દી લ્યો એવી અરજ થતી આવે છે.. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# ધર્મરથને મોક્ષમાર્ગમાં આગળ વધારવા આ ચાર અશ્વ રૂપી ગુણ જરૂરી છે

ગોસાંઈ તુલસીદાસે લોકભોગ્ય ભાષામાં રામચરિતમાનસ લખીને સમાજ પર મોટો ઉપકાર કર્યો છે. તેમાં તેમણે પોતાના એવાં સુંદર અર્થઘટનો આપ્યાં છે કે જે ભક્તો માટે દીવાદાંડી સમાન સાબિત થાય. તુલસીદાસજી લંકાના યુદ્ધ મેદાનમાં ધર્મના રથની વાત કરે છે. તેમાં કહે છે, 'બલ, બિબેક, દમ, પરહિત ઘોરે'. પહેલાના જમાનામાં પેટ્રોલ, ડીઝલ કે ઇલેક્ટ્રિકથી તો ગાડીઓ ચાલતી નહોતી. પ્રાણીઓ દ્વારા વાહનો વહન થતાં હતાં. પ્રાણીઓમાં ઘોડા બળ અને વેગ બંનેમાં શ્રેષ્ઠ ગણાયા છે. આજે પણ ગાડીઓની ચાલક શક્તિને 'હોર્સ પાવર' કહેવામાં આવે છે.

રથ અશ્વો જ કેમ ચલાવે છે? તેના ઘણા અર્થઘટન થઇ શકે. અશ્વો બળશાળી, વેગવાન તો હોય જ છે; સાથે તેઓ સ્ફૂર્તિલા હોય છે. સ્ફૂર્તિથી દિશા બદલવામાં અશ્વો માહેર હોય છે. અશ્વો પણ શ્વાનની જેમ પોતાના પાલક પ્રત્યે વફાદાર હોય છે. ઉપરાંત અશ્વોનું અનુશાસન અનુકરણીય છે. અશ્વોમાં બીજો અદ્ભુત ગુણ એટલે સમૂહમાં હોય ત્યારે એકબીજા સાથે તાલમેલ રાખીને કાર્ય કરવું. અશ્વોને ખુલ્લા મેદાનમાં મુક્ત મુકવામાં આવે તો લાંબી મજલ કાપીને બતાવે છે. અશ્વો યુદ્ધના મેદાનમાં હોય કે રમતના, પરિસ્થિતિ પ્રમાણે પોતાને ઢાળીને વિવેકપૂર્ણ કાર્ય કરી બતાવે છે.

આપણે અશ્વો પાસેથી કેટલું શીખવાનું છે તે અશ્વોના આ ગુણ પરથી સમજાય છે. તુલસીદાસજી પણ ધર્મના રથના ચાર અશ્વ



કહે છે. શું છે આ ચાર અશ્વો? બળ, વિવેક, દમ (ઇન્દ્રિય પર નિયંત્રણ) અને પરહિત. પ્રશ્ન થાય કે ધર્મના માર્ગમાં બળનું શું કામ? બળ પણ બે પ્રકારના હોય છે. એક શારીરિક બળ અને બીજું આત્મબળ. ધર્મમાં દ્રઢતા રાખવા આંતરિક બળ અતિ આવશ્યક છે. આપણે હમણાં જ વિરતિના વિરલા તીર્થંકર મહાવીરની જયંતી ઉજવી. વિચાર કરો, ધર્મના માર્ગે ચાલવામાં એમને કેટલા કષ્ટો સહન કરવા પડ્યા હતાં? જો માનસિક બળ ન હોત તો આ કષ્ટો સહન કરી શક્યા હોત ખરાં? ઉપરાંત ઘોર તપશ્ચર્યાના માર્ગ પાર ચાલનાર જૈન તીર્થંકરો હોય કે હિમાલયમાં એકાંતવાસમાં રહીને સાધના કરનારા સનાતનના ઋષિઓ હોય, તેમના આત્મબળની સાથે તેમની શારીરિક શક્તિ પણ જરૂર તો ખરી જ ને! ભક્ત કવિ પ્રીતમદાસે એટલે જ તો લખ્યું છે,

'હરીનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી,
વળતા લેવું નામ જોને.'

બીજો અશ્વ એટલે વિવેક. ધર્મના માર્ગ પર ચાલનારના વાણી અને વર્તન વિવેકપૂર્ણ હોવા જોઈએ. તેનાથી જ તો ધર્મી અને અધર્મી વચ્ચે ભેદ પડે છે. રામ અને રાવણ બંને જ્ઞાની, બંને ભક્ત, બંને શક્તિશાળી, બંને રૂપવાન હતાં. પણ ભેદ હતો બંનેના વિવેકમાં. એક બાજુ રામ મર્યાદા પુરુષોત્તમ બની રહ્યા, તો બીજી બાજુ રાવણ વિવેક ચુક્યો. તેણે ભક્ત એવા પોતાના ભાઈનું અપમાન કર્યું, દૂત બનીને આવેલા હનુમાનનું અપમાન કર્યું, સ્ત્રીનું હરણ કરીને મર્યાદા મૂકી. જેવો વિવેક ગયો કે ધર્મ પણ તેના પક્ષમાંથી દૂર થયો. એવું જ મહાભારતમાં કૌરવોનું પણ થયું.

ત્રીજો અશ્વ છે દમ, અર્થાત ઇન્દ્રિય નિગ્રહ. ગમે તેટલી વિકટ પરિસ્થિતિમાં કે ગમે તેવી લલચામણી પરિસ્થિતિમાં ઇન્દ્રિયો કાબૂમાં ન હોય તો ધર્મના માર્ગે પતન નક્કી છે. ધર્મના માર્ગમાં સાધુનું બ્રહ્મચર્ય ઇન્દ્રિય નિગ્રહનું ઉત્તમ ઉદાહરણ છે. પત્નીના અપહરણ પછી રામ થોડા વિચલિત જરૂર થયા, પરંતુ પોતાના ઉપરનો કાબૂ ગુમાવ્યો નહીં. પરિસ્થિતિને પોતાના ઉપર કાબૂ કરવા દીધો નહીં, પરંતુ સંજોગો ઉપર કાબુ મેળવવા ઇન્દ્રિયોને કામે લગાડી.

ચોથો અશ્વ એટલે પરહિત. પરોપકાર જેવો ઉત્તમ ધર્મ કોઈ નથી. સંસારનો ત્યાગ કરીને સંન્યાસનો માર્ગ અપનાવનાર સાધુઓ માટે પણ ધર્મમાં પરોપકારની ભાવના રાખવા કહ્યું છે. આત્મકલ્યાણની સાથે પરકલ્યાણની ભાવના વિના ધર્મ સંપૂર્ણ થતો નથી. તેથી જ આપણે ત્યાં માત્ર એવી પ્રાર્થના નથી થતી કે મારું કલ્યાણ થાય, પરંતુ એવી પ્રાર્થના થાય છે કે સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ, અને કહીએ છીએ કે સર્વેષાં સ્વસ્તિર્ભવતુ, સર્વેષાં શાંતિર્ભવતુ, સર્વેષાં પૂર્ણ ભવતુ, સર્વેષાં મંગલમ ભવતુ.

એટલે ધર્મના રથને મોક્ષના માર્ગમાં આગળ વધારવો હોય તો આ ચાર અશ્વ રૂપી ગુણ મનુષ્યએ કેળવવા આવશ્યક છે. આપણા જીવનમાં પણ આ ગુણો કેળવાય તેવું માર્ગદર્શન આપનાર ગુરુ આપણને મળી રહે તેવી જ અભ્યર્થના. (સંપૂર્ણ) ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# યજ્ઞ ને માનવ જીવન

ગત અંકમાં દૈવી જીવોનાં લક્ષણમાં નિર્ભયતાને બતાવ્યા પછી હવે ભગવાન કૃષ્ણ યજ્ઞક્રિયાને પણ દૈવી જીવોના ગુણોમાં સમાવેશ કરે છે, તે સમજીએ.

ભારતીય શાસ્ત્રોમાં યજ્ઞને ખૂબ જ અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. યજ્ઞ શબ્દનું અર્થઘટન શાસ્ત્રોમાં વિવિધ રીતે કરવામાં આવ્યું છે. યજ્ઞ, મૂળ રૂપે સંસ્કૃત શબ્દ છે, જેનો અર્થ 'બલિદાન', 'આહુતિ' અથવા 'સમર્પણ' થાય છે. તે કોઈક ઉદ્દેશ્ય માટે સમર્પિત થવું અથવા ઈશ્વરને પ્રસ્તુત કરવાના અર્થમાં પ્રયુક્ત થાય છે.

યજ્ઞ માત્ર અગ્નિમાં આવાહન કરીને હવન કરવો તે જ નથી, પરંતુ તે એક આધ્યાત્મિક પ્રવૃત્તિ છે, જે માણસને ભગવાન સાથે જોડે છે અને શ્રેષ્ઠ કર્મો કરવા માટે પ્રેરિત કરે છે. ભારતીય શાસ્ત્રોમાં, યજ્ઞને સૃષ્ટિનું મૂળ માનવામાં આવે છે. તે માનવામાં આવે છે કે બ્રહ્માએ પ્રથમ યજ્ઞ કર્યો અને સૃષ્ટિને ઉત્પન્ન કરી.

યજ્ઞ હિન્દુ ધર્મની પ્રાચીન અને પવિત્ર પરંપરાઓમાંથી એક છે. યજ્ઞ એક ધાર્મિક ક્રિયા છે, જે વેદકાળથી ચાલી આવી છે. યજ્ઞનો મૂળ અર્થ છે સકામ ધર્મક્રિયા, જેમાં અગ્નિમાં હવન સામગ્રીની આહુતિ દેવાય છે અને દેવતાઓને પ્રસન્ન કરવા માટે મંત્રોનો ઉચ્ચાર કરવામાં આવે છે.

આધુનિક કાળમાં યજ્ઞની પરંપરા હજી પણ જાળવવામાં આવે છે. લગ્ન,ઉત્સવ, સંસ્કાર અને અન્ય શુભ પ્રસંગો દરમિયાન યજ્ઞનું અનુષ્ઠાન



આજકાલ યથાવત છે. યજ્ઞ શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે મહત્ત્વપૂર્ણ છે. યજ્ઞ દ્વારા પર્યાવરણનું શુદ્ધિકરણ થાય છે.

આ તો હતા ધાર્મિક વિધિવિધાન સાથે કરવામાં આવતાં યજ્ઞના ફાયદા પણ આજે આપણે જીવનરૂપી યજ્ઞમાં કંઈ વિશિષ્ટ આહુતિ દ્વારા તેને સર્વોત્તમ અનુષ્ઠાન બનાવી શકીએ તેનો વિચાર કરીશું. જી હા, માનવ જીવન પણ એક યજ્ઞ છે, જેમાં દરેક વ્યક્તિ પોતાનાં શુભકર્મો, સેવાઓ અને સમર્પણના રૂપમાં આહુતિ આપે તો શ્રેષ્ઠઅનુષ્ઠાન સાબિત થાય. સમય એ જીવનનું સૌથી મહત્ત્વપૂર્ણ પાસું છે. જો માણસ સમયનું યોગ્ય રીતે નિયંત્રણ કરે અને પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરે, તો તેનો જીવન યજ્ઞ સફળ બને છે. સમયની આહુતિએ શિસ્ત અને સ્થિરતા લાવે છે. મનોવિજ્ઞાનના આધારે, યજ્ઞ કરવાથી ધાર્મિક તીવ્રતા વધે છે જેનાથી માનસિક શાંતિ અને તણાવમુક્તિ મળે છે તેજ પ્રકારે જીવનરૂપી યજ્ઞમાં પણ અણબનાવ-અભાવ-અવગુણ રૂપી સ્વભાવને સ્વાહા કરીએ તો માનસિક શાંતિ સાથે હળવાશ અનુભવાય છે. જીવનઉન્નત બનાવવાં માટે માનવમાત્રને શાંતિ અને સકારાત્મક ઊર્જાની જરૂર હોય છે.

યોગ્ય મહેનત અને પોતાનાં કર્તવ્યોની નિષ્ઠાપૂર્વક આહુતિ આપવી એ જીવનના યજ્ઞમાં મહત્ત્વપૂર્ણ છે. જે રીતે યજ્ઞમાં શ્રદ્ધા અને સમર્પણ જરૂરી છે, એ જ રીતે જીવનમાં નિષ્ઠા અને મહેનતથી પોતાની જવાબદારીઓનું પાલન કરવું આવશ્યક છે. યજ્ઞમાં જેમ બ્રહ્મચર્ય અને સંયમ રાખવામાં આવે છે, તેમ જીવનમાં ઇન્દ્રિયોને સંયમિત રાખવી તે મહત્વપૂર્ણ છે. ઇચ્છાઓ અને લાલસાઓ પર નિયંત્રણ રાખીને મનુષ્ય પોતાની આત્મા સુધી પહોંચે છે, જે સત્ય સ્વરૂપ સુધી પહોંચવાનો માર્ગ છે.

યજ્ઞમાં આપણે માત્ર પોતાનું હિત જ નહીં, પરંતુ સમાજના હિત માટે પણ આહુતિ આપીએ છીએ. તે જ રીતે, જીવનમાં પરોપકાર અને સેવા દ્વારા મનુષ્ય શ્રેષ્ઠ યજ્ઞ નિર્માણ કરે છે. બીજા માટે જિંદગી જીવવી અને સેવા ભાવના રાખવી એ શ્રેષ્ઠ યજ્ઞની નિશાની છે. પ્રમુખસ્વામી મહારાજનું જીવન એક યજ્ઞ સમાન હતું, જેમનું તો જીવન સૂત્ર જ હતું, બીજાના ભલામાં આપણું ભલું, બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ.

જીવનમાં પ્રેમ, મિત્રતા, અને સુમેળની મહત્ત્વની ભૂમિકા છે. આ સારા ગુણો જીવનના યજ્ઞમાં સૌમ્યતાની સુગંધ ફેલાવે છે. સંબંધોમાં આપેલી આહુતિઓ દ્વારા જીવન વધુ પ્રફુલ્લિત અને સૌમ્ય બને છે. સત્ય અને ન્યાય જીવનનો મૂળભૂત આધાર છે. મનુષ્યએ હંમેશાં સત્યનો માર્ગ અપનાવીને પોતાના જીવન યજ્ઞને પૂર્ણતા તરફ દોરી જવું જોઈએ. આ આહુતિ જીવનમાં શાંતિ અને સંતોષ લાવે છે.

આ રીતે, મનુષ્ય પોતાના જીવનમાં ઉપરોક્ત આહુતિઓ આપીને શ્રેષ્ઠ યજ્ઞ બનાવી શકે છે, જે તેના જીવનમાં સુખ, શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ મોકળો કરે છે. આ યજ્ઞમાં સદાય પરોપકાર, નિષ્ઠા, સત્ય અને ધર્મનો પ્રચાર કરવાની ભાવના હોવી જોઈએ. જીવનના દરેક પ્રકારના સંબંધો, જોડાણો, અને કર્તવ્યો એ આ યજ્ઞના ભાગરૂપ છે. આમ માનવ જીવનને એક યજ્ઞ સમાન માનવું એ શ્રેષ્ઠ વિચાર છે, જ્યાં દરેક આહુતિ એ ભવિષ્યનો વિકાસ અને આત્માને ઉજળું કરવાનું માધ્યમ બને છે.

આમ ગીતા કથિત યજ્ઞ માત્ર ધાર્મિક કર્મકાંડ નથી પરંતુ જીવન સત્ત્વ છે, જે દૈવી ગુણોનું નિર્માણ કરે છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# મહોરાં પર મહોરું : નકલી ચહેરા સામને આયે અસલી સૂરત છૂપી રહે

ગુજરાતીમાં એક અતિ પ્રચલિત કહેવત છે કે ડુંગર દૂરથી રળિયામણા લાગે.

* માનવ માત્રના ચહેરા પર ઘણા બધા ચહેરા ચઢાવેલા હોય છે જે નજીક જતા ઊતરતા હોય છે.

* નાનાં બાળકોના મુખ પર તથા પશુ, પક્ષી , પ્રાણીઓ, જળચર અને જીવજંતુઓના મુખ પર મહોરાં હોતાં નથી.

- પરંતુ બાળકો જેમ જેમ સમજદાર થતાં જાય તેમ તેમ મહોરાં પર મહોરાં ચડાવતા શીખી જતાં હોય છે.

* દરેક પત્ની પોતાના પતિને કહેતી જ હોય છે કે 'હું તમને બરાબર ઓળખું છું. તમે દેખાવ છો તેવા નથી!'

લગભગ રાજકારણીઓ, શ્રીમંતો, નેતા- અભિનેતા કલાકારો -સત્તાધારીઓનાં સંતાનો તેમના વડીલોને મહોરાં વગરના જોઇ ચૂક્યાં હોય છે, તે પણ નજદીકીના લીધે જ.

* રાવણે પણ સાધુનું મહોરું ધારણ કરીને સીતાજીનું હરણ કરેલું.

* દ્રોણાચાર્યનું મહોરું ત્યારે ઊતર્યું જ્યારે એકલવ્યનું અંગૂઠો માગ્યો.

* ઋષિ વિશ્વામિત્ર પણ મેનકાનું નૃત્યુ જોઇ પછી શું થયું તે બધા જાણે છે.

- સાધારણ માણસો તો ઘણા નબળા છે.
- ન્યાયાલયોમાં ચાલતા અબજો મુકદમા.

* દગો.
* લૂંટ.
* ફસામણી.
* ચોરી.
* છૂટાછેડાઓ.
* ભાગીદારીઓના તથા
* વારસા-હકના કેસો વગેરે વગેરે મહોરાં ઉતારવાના લીધે જ થાય છે ને!

- પ્રત્યેક વેપારી, સેલ્સમેનો, ચૂંટણી પ્રચારકો હિતચિંતકનું મહોરું પહેરીને આવે છે.
- સંતો, શાહો, વલિઓલિયાઓ કહે છે કે,

* સ્વને ઓળખો.
* સ્વમાં કેટલા દુર્ગણો ભરેલા છે અને તેનું પ્રમાણ કેટલું છે તે જુઓ.
* કરુણામય, અહિંસક થવામાં ઉપર વર્ણવ્યા મુજબના દુર્ગુણો જ બાધારૂપ બને છે.

સનાતન સત્ય :

- સ્વ સાથે નજદીકી કેળવી સ્વદર્શન કરવાથી જ અહંકાર ઓગળતો જશે. નમ્રતા આવશે અને રસ્તો કેટલો લાંબો છે તે દેખાશે.



- સ્વની પાછળ રહેલા અંતરાત્માની નજદીકી કેળવી તેના આદર્શ, સલાહ પ્રમાણે જીવન જીવાય તો ઉતમ.
- બાકી શરીરના કોઇ પણ પ્રવાહી અંશની માઇક્રોસ્કોપની મદદ વડે નજદીકી કેળવીએ- જંતુઓ બેક્ટેરિયા જ દેખાશે. ઍક્સ-રે જોઈએ તો હાડપિંજર દેખાશે.
- પણ આ બધું જોયા પછી પણ તેને ઓળંગી જનારા, ઝેરને કંઠમાં રાખી પેટમાં ન જવા દેનારા પણ છે.
- ઉદાહરણ રૂપે

* માતા-પિતા.
* ડૉક્ટરો-તબીબો.
* હૉસ્પિટલો.
* નર્સો.
* સદાવ્રતો.
* ભંડારાનાં જમણો.
* પાણીની-છાસની પરબો.
* મધર ટેરેસા બાબા આમટે જેવા હજારો લોકો.

- પ્રભુવચનોમાંના વિશ્વાસના કારણે સભાની દુર્ગંધની ઉપરવટ જઇ ખુશ્બૂ-સુગંધ ફેલાવવાના કામમાં, સેવામાં, સહાયમાં લાગેલાં હતાં અને એવાં હિતચિંતકો છે અને કયામત, આખરી નિર્ણય, ન્યાયના દિવસ સુધી રહેશે, રહેશે અને રહેશે જ...

બોધ:

- પરોપકારી -વાટના પથ્થર સમા લોકો સભાના અસલ ચહેરાને જાણ્યા-સમજ્યા પછી પણ કરુણા વરસાવતા રહે છે.
- પોતાનો ચહેરો ઇશ્વરને ગમે તેવો અને સેવારૂપી કર્મ, આચરણ-વ્યવહાર કરવામાં તેમને આનંદ અને તૃપ્તિ મળતી હોય છે. ■

# ગુના વગરની સજા

આજની ટૂંકી વાર્તા

**નિશા પટેલ**

feedback@bombaysamachar.com



**મીનલ તેનાં અને પ્રતીકનાં શારીરિક સંબંધને લીધે હાઈસ્કૂલ પૂરી થતાં પહેલાં જ પ્રેગ્નન્ટ બની. રમીલા અને વલ્લભનાં બહુ સમજાવ્યાં છતાં મીનલ એબોર્શન કરાવવા માની નહીં. એમ ને એમ જ છઠ્ઠો મહિનો પતવા આવ્યો, પેટ પણ સ્પષ્ટ રીતે બહાર દેખાવાં લાગેલું.**

મીનલનું આખું શરીર ઢીલું પડી ગયું. નીચે પડતાં જ તે ભાન ભૂલી ગઈ હતી. તેનાં કાનમાં શબ્દો પડઘાતાં રહ્યાં,

હું જાઉં છું

તે દિવસે સવારથી મીનલનું મન અસ્વસ્થ હતું. તેની અંદર કંઈક સુકાઈ ગયું હોય તેવી બરછટતા અનુભવાતી હતી. મનમાં અંદર સુકાયેલાં પર્ણો તૂટવાનો ખર ખર એવો અવાજ આવ્યાં કરતો હતો. કાલે આખી રાત પ્રતીક ઘરે નહોતો આવ્યો. તેણે ફોન કર્યો હતો પણ પ્રતીકે ફોનનો જવાબ આપ્યો નહોતો. છેવટે હમણાં રાત્રે કોઈ અજાણ્યા નંબર પરથી પ્રતીકે સામેથી ફોન કર્યો અને મુકી દીધો માત્ર એટલું જ બોલીને,

‘હું જાઉં છું મને શોધીશ નહીં! હું પાછો આવવાનો નથી!’

તેણે મીનલનો જવાબ સાંભળવાની પણ રાહ ના જોઈ. અચાનક શું થયું તે તેને સમજાયું જ નહીં. એક સમયનો તેનો બાળપણનો પરમ મિત્ર- પ્રેમી, પતિ અચાનક છોડી જાય? તેને? તેમનાં બે બાળકોને???

મૂળ ગુજરાતનાં એક સાવ નાનકડાં ગામની હસુમતી લગભગ ૧૯૭૦માં ગેરકાયદેસર રીતે અમેરિકા આવી હતી. તેનો આખો પરિવાર છૂટોછવાયો યેનકેન પ્રકારે અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરી રહેવા લાગ્યો હતો. માતા પિતા, તેના ત્રણ ભાઈઓ, તે બે બહેનો હસુમતી અને તેની નાની બહેન રેવા શિકાગોમાં એજન્ટની વ્યવસ્થા પ્રમાણે કોઈને ઘરે આવીને રહ્યાં. હસુમતી અને રેવાએ જે ઘરમાં રહેવાનું ચાલુ કર્યું હતું તે ઘરમાં બે બેડરૂમ, એક કિચન, એક બાથરૂમ અને એક લિવિંગ રૂમ હતાં. ત્રણેય રૂમમાં ચાર ચાર પથારી થતી. દરેક પથારીમાં એક ઓઢવાનું અને એક ઓશીકું. બાથરૂમમાં એક નાહવાનો સાબુ અને ટૂથપેસ્ટ. કિચનમાં પણ બે પથારી થતી. એકમાં હસુમતી અને રેવા સુતાં અને બીજામાં અપાર્ટમેન્ટનાં માલિક રમામાસી સૂતાં. એ ત્રણે ત્યાં જ રસોઈ બનાવતાં, ખાતાં પીતાં અને સૂઈ રહેતાં. માસી સ્વભાવે તો માયાળુ હતાં. બંને છોકરીઓનું ધ્યાન સારું રાખતાં પણ હંમેશાં પૈસા બનાવવાની તાકમાં રહેતાં.

બાકીનાં ત્રણ રૂમોમાં ચાર ચાર કરી ટોટલ બાર પુરુષો દિવસે સૂવા આવતાં અને રાત્રે બીજાં બાર. દિવસ રાત કરીને એ ઘરમાં ચોવીસ ચોવીસ પુરુષો રહેતાં. માસી સાંજે એકવાર એ બધાંની રસોઈ બનાવી દેતાં. દિવસે સુનારા સાંજે ઉઠી નહાઈ ધોઈ જમીને અથવા ટિફિન લઈને રાતનાં કામ પર નીકળી જતાં. અને ત્યારે રાતનાં સુનારા દિવસના કામ પરથી આવી જમીને સૂઈ જતાં અને બીજી સવારે નાહી ધોઈને પાછાં કામે જતાં રહેતાં. માસી બધાંને એક ટાઈમનું જમવાનું, સવારની ચા, ટૂથપેસ્ટ અને સાબુ આપતાં. બાકીની વ્યવસ્થા બધાંએ પોતાની જાતે કરવાની રહેતી. અલબત્ત, હસુમતી અને રેવા બાર ચૌદ વર્ષની હોઈ માસી તેમની પાસેથી પૈસા લેવાના બદલે રસોઈ અને ઘરકામ કરાવતાં. સામાનમાં દરેક વ્યક્તિને ચારપાંચ જોડી સમાઈ શકે તેવી એક નાનકડી બેગ રાખવાની વ્યવસ્થા રહેતી. અલબત્ત, હસુમતી અને રેવા પાસે તો કશું હતું જ નહીં. જરૂરિયાતનું બધું માસીએ વસાવી આપેલું. માસી બધાં પાસે પચાસ પંચોતેર ડૉલર લેતાં. આવી વ્યવસ્થા જોવા જઈએ તો અમેરિકામાં ગેરકાયદેસર રહેતાં લોકો માટે બહુ સામાન્ય હતી!

એક બે વર્ષમાં માસીએ હસુમતીને અઢાર વર્ષની બતાવી એક પિસ્તાલીસ વર્ષની ઉંમરના મગનભાઈ સાથે તેને પરણાવી દીધી. પરિવારમાં એક રેવા સાથે રહેલો તેનો સંપર્ક પણ છૂટી ગયો. મગનભાઈ ન્યુજર્સીમાં રહેતા હતા. અમેરિકન સીટીઝન, આગળની બે પત્નીઓથી જન્મેલા ચાર પુત્રો, ત્રણ ડંકીન ડોનટનાં માલિક અને ટીબીના રોગી. હસુમતીનું ગેરકાયદે રહેવાસીનું સ્ટેટસ બદલાઈ ને પરમેનન્ટ રેસિડન્ટ અને પછી સિટીઝનનું સ્ટેટસ થાય ત્યાં સુધીમાં હસુમતી મીનલની માતા બની ગઈ હતી. અને મીનલ એક વર્ષની થતાં પહેલાં તો મગનભાઈએ સ્વર્ગસ્થનું સ્ટેટસ ધારણ કરી લીધું. હવે અભણ અને પૂરતી સમજ વગરની હસુમતી પાસે તેના સાવકા સંતાનોએ તમામ મિલકત પર તેની સહી કરાવી પોતાના નામે ટ્રાન્સફર કરી તેને અને મીનલને ઘરમાંથી કાઢી મૂક્યાં. નાની મીનલ સાથે હસુમતી સાવ નોંધારી બની ગઈ અને તેનાં સાવકા પુત્રો પિતાની તમામ મિલકતોના માલિક બન્યા! પણ, અત્યારે હસુમતી પાસે એક એક્કો હતો, તે હતો અમેરિકાની નાગરિકતા!

યુવાન સ્ત્રીનાં માથાં પરથી એક છત્રી ઊડી જાય તો તેનાં રક્ષણ માટે સો પુરુષો છત્રી સાથે હાજર થઈ જતાં હોય છે. તેમ જ થયું. થોડાં મહિનામાં હસુમતી હસુમતી મગનભાઈમાંથી હસુમતી વલ્લભભાઈ અને બે લાખ રૂપિયાની માલિક તો બની પણ મગનભાઈનો ટીબી તેને પણ લાગી ચૂક્યો હતો. હસુમતી સાથેનાં લગ્નથી અમેરિકાના પરમેનન્ટ રેસિડેન્ટ અને મીનલનાં લીગલ ગાર્ડિયન એવા વલ્લભને મીનલની તમામ જવાબદારી સોંપી હસુમતીએ યુવાનીમાં જ સ્વર્ગનો રસ્તો પકડ્યો. મીનલ જ્યારે દસેક વર્ષની થઈ ત્યારે વલ્લભ ભારત આવી પોતાનાં ગામડેથી રમીલા નામની એક સ્ત્રીને પરણી અમેરિકા લઈ આવ્યો. રમીલા સ્વભાવે માયાળુ હતી. મીનલ તેની સાથે બરાબર હળીમળી ગઈ.

મીનલ જ્યારે કિશોરાવસ્થામાં પ્રવેશવાની તૈયારી કરતી હતી ત્યારે ગેરકાયદે અમેરિકામાં આવેલા પ્રતીકને વલ્લભે પોતાના ઘરમાં આશ્રય આપ્યો. તે મીનલથી ચારપાંચ વર્ષ મોટો હતો. રમીલા અને વલ્લભે યેનકેન પ્રકારે તેને સ્કૂલમાં પણ મૂક્યો. સાથે રમવું, ભણવું, ખાવું, પીવું, સ્કૂલે જવું - બંને પરમ મિત્રો બની ગયાં. આ નજીકતા પ્રેમમાં પલટાઈ. મીનલ તેનાં અને પ્રતીકનાં શારીરિક સંબંધને લીધે હાઈસ્કૂલ પૂરી થતાં પહેલાં જ પ્રેગ્નન્ટ બની. રમીલા અને વલ્લભનાં બહુ સમજાવ્યાં છતાં મીનલ એબોર્શન કરાવવા માની નહીં. એમ ને એમ જ છઠ્ઠો મહિનો પતવા આવ્યો, પેટ પણ સ્પષ્ટ રીતે બહાર દેખાવાં લાગેલું. આખરે હારી થાકીને એમણે મીનલ અને પ્રતીકનાં લગ્ન કરાવ્યાં. પ્રતીક માટે તો મીનલ એનું સર્વસ્વ બની ગઈ. તો મીનલ માટે પણ પ્રતીક સર્વસ્વથી જરાય ઓછો નહોતો. લગ્નનાં ત્રણચાર મહિનામાં તો બંને એક સુંદર બાળકીના માતાપિતા બની ગયાં. રમીલા અને વલ્લભ સમજાવતાં રહ્યાં પણ મીનલનાં મનમાં એટલી તો ઈનસીક્યોરીટી હતી કે તે પતિ પત્ની બની ગયાં હોવાં છતાં કોર્ટમાં જઈ લગ્ન રજિસ્ટર્ડ કરાવવાં તૈયાર નહોતી.

તેને લાગતું કે તે અમેરિકન નાગરિક હતી એટલે પ્રતીક એની સાથેનાં લગ્નને કારણે અમેરિકામાં કાયદેસર બની જાય પણ તેને બદલે જો લગ્ન રજિસ્ટર્ડ કરાવવાં જતાં અમેરિકન ગવર્નમેન્ટ પ્રતીકને પકડીને સીધો ડીપોટ કરી દે તો? અથવા જેલમાં નાખી દે તો? તો તે પ્રતીક વિના જીવી શકશે? સગાં માતાપિતા તો યાદ નથી. એ પછી, ઘડીમાં સાવકી માતા બદલાઈ છે તો ઘડીમાં સાવકા પિતા! એક પ્રતીક મળ્યો છે કે જે કિશોરાવસ્થાથી સાથે છે, તેને ય જો અમેરિકન ગવર્નમેન્ટ કાઢી મૂકે તો? કે પછી પ્રતીક પોતાની જાતને સરન્ડર કરી ભારત પાછો જાય અને પછી પોતે ભારત જઈ લગ્ન કરી એને અહીં લાવવાનો પ્રયત્ન કરે પણ ત્યારેય ભારતીય કે અમેરિકન સરકાર પ્રતીકને અહીં પાછો આવવા જ ના દે તો? શક્યતાઓ ઘણી હતી, બંને પ્રકારની. અને તે કોઈ પણ સંજોગોમાં પ્રતીકને ગુમાવવા તૈયાર નહોતી.

આ તો એમ, કે, તે પકડાઈ જશે તો? એ ભયની તલવાર સતત માથે લટકતી રાખીને જીવવાનું. પણ, પેલું તો સામે ચાલીને સરકારને જણાવવાનું કે લો, મને પકડી લો! એ તો તલવાર પર ગળું જ ઘસી નાખ્યું કહેવાય ને! ના, ના, ના! તેની અંદરનો ડર તેના પર હંમેશાં હાવી રહેતો. તલવાર માથા પર લટકતી છો રહી પણ એ ગળું તો તલવાર પર નહીં ઘસે!

સમય તો પોતાની નિશ્ચિત ગતિથી વહેતો ગયો. મીનલે એક પુત્રને જન્મ આપ્યો. પ્રતીકે સબવેની એક ફ્રેન્ચાઈઝી મીનલનાં નામે ખરીદી. એક હંમેશના ભય સાથે મીનલનું નાનકડું ફેમિલી આર્થિક અને સાંસારિક પ્રગતિનાં પંથે ઊડવાં લાગ્યું. આ સમયગાળા દરમ્યાન વલ્લભનું અવસાન થયું અને રમીલાની પણ તબિયત લથડી હતી. તેનાં બાળકો દસબાર વર્ષનાં થાય ત્યાં સુધીમાં રમીલાએ પણ સંસારની વિદાય લીધી. મીનલને રમીલા અને વલ્લભે પોતાનું લોહી ના હોવાં છતાં ખૂબ પ્રેમથી ઉછેરેલી. એને લીધે તેમણે પોતાનું પણ એકે સંતાન થવાં દીધું નહોતું. કદાચ ને કદાચ તેમનો પ્રેમ અને ધ્યાન આ નિરાધાર બાળકી પ્રત્યે ઓછું થઈ જશે તો? એમનાં સિવાય તો મીનલ સાવ નિરાધાર જ હતી ને! મીનલ પણ મોટી થયાં પછી આ વાત મનોમન સમજી ગઈ હતી. તેને પણ એ બંને માટે સગાં માબાપથી યે વધારે પ્રેમ હતો! વલ્લભ અને પછી રમીલાએ દુનિયામાંથી વિદાય લીધી ત્યારે મીનલ અંદરથી થોડી તૂટી પણ તેણે પાછી પોતાની જાતને સમેટી લીધી. એક પછી એક પોતાનાંને ગુમાવતાં જવાનું તો તેણે બાળપણથી જ અનુભવ્યું હતું ને!

હવે મીનલનું આખું વિશ્વ પ્રતીક અને બે બાળકો બનીને રહ્યું. આ સિવાય તેનું કોઈ સગુંસંબંધી રહ્યું નહોતું. પ્રતીક રાતદિવસ ધંધામાં રચ્યોપચ્યો રહેતો પરંતુ શનિરવિ મીનલ અને બાળકોને પૂરતો સમય આપતો. બધાં સાથે મળીને વેકેશન લેતાં, પિકનિક કરતાં, મિત્રોને ત્યાં જતાં આવતાં, રમતો રમતાં બધો જ પ્રેમ, કાળજી, સાથ, વિશ્વાસ તેને પ્રતીક પાસેથી મળતાં. ધંધો પણ વધતો જતો હતો. એકનાં ચાર સબવેની માલિક મીનલ બની ગઈ. જીવન આનંદમય પસાર થતું હતું.

ત્યારે અચાનક આવી રીતે એક દિવસ મીનલનું સમગ્ર વિશ્વ પાયા સહિત ધરાશાયી થશે તેની કોને કલ્પના હતી? મિત્રો દોડી આવ્યાં. મીનલને અને બાળકોને સાંત્વના આપી. પણ પ્રતીક ક્યાં ગયો, શું થયું, તેનો જવાબ કોઈ પાસે નહોતો. મિત્રોએ થોડા દિવસ ધંધો સંભાળ્યો. મહિનો પસાર થઈ ગયો છતાં પ્રતીકનાં કોઈ સમાચાર નહોતાં. મીનલ પાસે ખાનગીમાં મિત્રો અને ઓળખીતાંઓ પાસે પૂછપરછ કરાવવાનો જ એકમાત્ર વિકલ્પ હતો. પોલીસે પકડી લીધો હશે? ડીપોટ કરી દીધો હશે? જીવતો હશે તો ખરો ને? કોઈએ તેનું ખૂન કર્યું હશે? એ ડ્રગ્સ કે મની લોન્ડરિંગનાં ખોટાં રસ્તે જતો રહ્યો હશે? બીજી કોઈ સ્ત્રી સાથે જતો રહ્યો? જોકે પ્રતીક કોઈ પ્રેમનાં ચક્કરમાં હોય તેવો અણસાર પણ તેને કોઈ દિવસ આવ્યો નહોતો. શક્યતાઓ તો ઘણી હતી.

કાયદેસર પોલીસમાં ફરિયાદ પણ કેવી રીતે કરાય? ભારતમાં રહેતાં પ્રતીકનાં માતા પિતા, સગાસંબંધી, ગામવાળાં બધાંને તે સતત ફોન કરીને પૂછ્યાં કરતી. પણ વ્યર્થ હતું બધું. છેવટે બેત્રણ મહિનામાં તો મીનલ સાવ જ ભાંગી પડી. કોઈની દેખરેખ વિનાં ધંધો પણ ખલાસ થઈ ગયો અને મીનલની આશા પણ.

એક સમયની ચાર ચાર સબવેની માલિક હવે સઘળું ગુમાવી બેઠેલી મીનલને હતાશાનાં પહાડ નીચેથી કાઢવાં કેટલાંક મિત્રોએ મેન્ટલ અસાયલમમાં પહોંચાડી. ત્યાં તેની નિરાશા હતાશાની સારવાર ચાલુ થઈ અને બીજી તરફ મા સાજી થઈને જલ્દી પાછી આવે તેવી છુપી આશા સાથે કિશોરવયનાં બાળકો ફોસ્ટર હોમમાં મુકાયાં. જેમનાં મનમાં એક જ પ્રશ્ન ડંખતો રહ્યો, અમારું બધું કેમ લૂંટાઈ ગયું? અમારો શો ગુનો છે? (સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ


‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| દેવયાની | નળ રાજાની પત્ની |
| દધીચિ | ક્રોધી સ્વભાવના ઋષિ |
| દમયંતી | શકુંતલાનો પતિ |
| દુર્વાસા | યયાતિની પત્ની |
| દુષ્યંત | વજ્ર માટે હાડકાં આપનાર ઋષિ |

### ઓળખાણ પડી?



રામાયણ કથા અનુસાર કયા સ્થળે લક્ષ્મણે શૂર્પણખાનું નાક કાપ્યું હતું અને રાવણે સીતાનું હરણ કર્યું હતું એ કહી શકશો?

અ) અશોક વાટિકા બ) પંચમઢી ક) પંચવટી ડ) ચિત્રકૂટ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દા | સા | ૨ નુ | દા | ૩ સ | | ૪ દા | ૫ ન | વી | ૬ ર |
| મો | | ર | | ૭ પ | ૮ દા | વ | લિ | | મ |
| ૯ દ | ર | | ૧૦ મી | ના | ક્ષી | | ૧૧ નિ | ૧૧અ રાં | ત |
| ર | | ૧૨ મ | ના | | ણ્ય | | | ૧૩ ક | વી |
| | ૧૪ મ | લ | કા | ટ | | ૧૫ યા | ૧૬ દ | | ર |
| ૧૭ દા | | ૧૮ મ | રી | | ૧૯ દા | | ૨૦ મ | ૨૧ ત | |
| ૨૨ રો | ૨૨અ જ | | | ૨૩ પ | ખ | ૨૪ વા | ડિ | ક | |
| ૨૫ મ | ત | ૨૬ લા | | ૨૭ વ | લો | ણું | | ૨૮ લી | ૨૯ ખ |
| દા | | ૩૦ ય | ૩૧ જ | ન | | | ૩૨ આ | ફ | ત |
| ૩૩ ર | સ | ક | સ | | ૩૪ દા | ક્ત | ર | | મ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | ૭ |
| | | ૮ | | | ૯ | | | | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | | | |
| ૧૩ | | | ૧૪ | | | | ૧૫ | ૧૬ | |
| | | | ૧૭ | | | | ૧૮ | | |
| ૧૯ | | ૨૦ | | | ૨૧ | | | | |
| | | ૨૨ | | | | | | | ૨૩ |
| ૨૪ | | | | | ૨૫ | ૨૬ | | ૨૭ | |
| | | | | ૨૮ | | | | ૨૯ | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. પગે લાગવું તે (૫)
૪. અટકાવ, રજોદર્શન (૪)
૮. જયારે (૨)
૯. ઉપર રહેતો ઇશ્વર (૫)
૧૦. ઉત્તર ગુજરાતની એક નદી (૩)
૧૨. --- તફરી એટલે ઊથલ પાથલ (૩)
૧૩. ‘રમવું’નું આજ્ઞાર્થ (૨)
૧૪. અપરાધી હોવાની લાગણી (૬)
૧૭. સ્ત્રી (૨)
૧૮. ધૈર્ય હિંમત (જો. છૂ.) (૩)
૧૯. ફિલ્મમાં કથા પરથી --- લખાય (૪)
૨૧. અધોગતિ, અવળી ગતિ (૪)
૨૨. તલ, જેટલું, સહેજ (૪)
૨૪. ભારતનું પૂર્વમાં આવેલું રાજ્ય (૪)
૨૫. ગજુ, પ્રતિષ્ઠા, પ્રમાણ (૨)
૨૭. જવર, ગરમી (૨)
૨૮. કપિ, વાંદરો (૩)
૨૯. --- કરવી એટલે માઠું લાગવું (૨)
૩૦. અવાજના અનુકરણથી થતો શબ્દ (૫)
૩૧. સાચે જ. (૪)

**ઊભી ચાવી**

૧. અઢળક, ખૂબ, પુષ્કળ (૪)
૨. યોગ્ય (૩)
૩. --- યુદ્ધ બલરામે દુર્યોધનને શીખવ્યું (૨)
૪. ગુનો (૪)
૫. બીક (૨)
૬. કાશ્મીરમાં --- પીવાય (૨)
૭. મરોડ, તાલીમ (૩)
૯. પાસાભેર, ઊભા (૩)
૧૧. ધોધમાર, ઝડી (વરસાદની) (૪)
૧૨. ઓરમાન, ભિન્ન (૩)
૧૪. અનાથ બાળકોનું રહેઠાણ (૫)
૧૫. અહીં બુદ્ધને જ્ઞાન થયું હતું (૪)
૧૬. જમીન, વસુંધરા (૩)
૧૯. પરમાત્મા (૫)
૨૦. કતલ થતી હોય તે જગા (૫)
૨૧. ઇચ્છા (૪)
૨૩. પ્રસંગ, લાગ, મોકો (૪)
૨૬. કસોટી (૩)
૨૭. -- પડવી એટલે મુકદમાની મુદત પડવી (૩)
૨૮. --- જવું એટલે ફીદા થઇ જવું (૨)

### ગુજરાત મોરી મોરી રે

રાજવી તખ્તસિંહ ગોહિલે એક સંતના આદેશથી નાનકડી ટેકરી પર સફેદ આરસપહાણના પથ્થર વાપરી બનાવેલું તખ્તેશ્વર મહાદેવ કયા શહેરમાં છે?

અ) પોરબંદર બ) ભાવનગર ક) કેશોદ ડ) ભુજ

### માતૃભાષાની મહેક

સાત્ત્વિક મનુષ્ય ભક્તિ ત્રણ પ્રયોજન અર્થે કરે છેઃ કર્મના ક્ષયન અર્થે, પ્રભુની પ્રીતિ મેળવવા અથવા ઈશ્વર ભજનીય છે એવા વિધિવાક્યને વશ વર્તવા. રાજસ મનુષ્ય ત્રણ પ્રયોજન માટે ભક્તિ કરે છેઃ ઇષ્ટ વિષયની પ્રાપ્તિ માટે, યશ માટે, ઐશ્વર્ય માટે. તામસ મનુષ્યનાં ત્રણ પ્રયોજનઃ અનિષ્ટ પ્રાણીની હિંસા માટે, દંભ માટે, પોતાની બીજા કરતાં સરસાઈ કરવા ભક્તિ કરે છે

### સુડોકુ-૮૦૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૬ | | | | | | ૪ |
| | | ૧ | ૨ | ૩ | | | | |
| ૭ | ૩ | | ૯ | | ૪ | | ૬ | |
| | | | | | ૭ | ૫ | | ૯ |
| ૫ | ૨ | ૯ | ૬ | | ૩ | ૭ | ૮ | ૧ |
| ૧ | | ૭ | ૮ | | | | | |
| | ૮ | | ૫ | | ૯ | | ૭ | ૬ |
| | | | | ૬ | ૮ | ૪ | | |
| ૬ | | | | | | ૯ | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૬ | ૫ | ૮ | ૯ | ૭ | ૪ | ૩ |
| ૫ | ૭ | ૯ | ૩ | ૪ | ૧ | ૮ | ૬ | ૨ |
| ૪ | ૮ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ | ૧ | ૫ |
| ૩ | ૯ | ૫ | ૧ | ૨ | ૪ | ૬ | ૭ | ૮ |
| ૭ | ૧ | ૨ | ૮ | ૯ | ૬ | ૩ | ૫ | ૪ |
| ૮ | ૬ | ૪ | ૭ | ૩ | ૫ | ૨ | ૯ | ૧ |
| ૬ | ૪ | ૭ | ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૯ |
| ૯ | ૩ | ૮ | ૪ | ૫ | ૭ | ૧ | ૨ | ૬ |
| ૨ | ૫ | ૧ | ૯ | ૬ | ૩ | ૪ | ૮ | ૭ |

### ઈર્શાદ

ભલે જળ ન સીંચો તમે તે છતાંયે,
અમે ભીંત ફાડીને ઊગી જવાના.

-- હર્ષ બ્રહ્મભટ્ટ

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘જગતમાં ઘણા લોકો આડંબર સાથે જીવતા હોય છે’માં આડંબર શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) સ્વાભિમાન બ) આળસ ક) મુશ્કેલી ડ) અહંકાર

### માઈન્ડ ગેમ

રોમેન્ટિક વાતાવરણ તેમજ અવિસ્મરણીય જગ્યાઓને કારણે વિશ્વનું કયું શહેર ‘સિટી ઓફ લવ’ તરીકે સહેલાણીઓમાં પ્રખ્યાત છે એ જણાવો.

અ) સિડની બ) લંડન ક) પેરિસ) ન્યૂયોર્ક

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કુબેર | ધનનો દેવતા |
| કુબ્જા | કંસની કદરૂપી દાસી |
| ઘટોત્કચ | ભીમ - હિડિંબાનો પુત્ર |
| ચાર્વાક | નાસ્તિક તત્ત્વ દર્શન |
| જરાસંઘ | કંસનો સસરો |

ઓળખાણ પડી? આંધ્ર પ્રદેશ

માઈન્ડ ગેમ નાગપુર

ગુજરાત મોરી મોરી રે વેરાવળ

ચતુર આપો જવાબ અર્થ જણાવો અંદર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) ધીરેન ઉદ્દેશી (૬) ગીતા ઉદ્દેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) સુભાષ મોમાયા (૧૦) નિતા દેસાઈ (૧૧) વિભા મહેશ્વરી (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) લજીતા ખોના (૧૫) શ્રદ્ધા આશર (૧૬) પ્રવીણ વોરા (૧૭) પુષ્પા પટેલ (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) મીનળ કાપડિયા (૨૦) જ્યોતી ખાંડવાલા (૨૧) નિખીલ બંગાળી (૨૨) અમીષી બંગાળી (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) નૂતન વિપીન શાહ (૨૬) તાહેર ઔરંગાબાગવાળા (૨૭) શીરીન ઔરંગાબાગવાળા (૨૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૯) ભાવના કર્વે (૩૦) અલકા વાણી (૩૧) શિરીષ ઉદ્દેશી (૩૨) વીણા સંપટ (૩૩) અંજુ ટોલીયા (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) કિશોર બી. સંઘરાજકા (૩૬) પુષ્પા ખોના (૩૭) નિતીન જે. બજરીયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) જ્યોત્સના ગાંધી (૪૩) રમેશ દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) હીના દલાલ (૪૬) મહેશ સંઘવી (૪૭) જયવંત પદમશી ચિખલ

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# રામ રસાયન તુમ્હરે પાસા



ભારતીય રસાયણ શાસ્ત્રમાં બે વાતોનો ઉલ્લેખ સૌથી વધુ જોવા મળે છે, એક તો તંદુરસ્તી માટેનું રસાયણ - જે આગળ જતાં અમરત્વ પામવાનું સાધન પણ બની શકે, અને બીજું સોનું બનાવવાની વિદ્યા. એક, જીવનના આદર્શ સિદ્ધ કરવા માટે, પૂર્ણતાને પ્રાપ્ત કરવા માટે રસાયણોના ઉપયોગને પ્રોત્સાહિત કરે છે તો બીજું, રસાયણશાસ્ત્રનો ભૌતિક સંપત્તિ માટે ઉપયોગ કરે છે.

એમ માનવામાં આવે છે કે નવનાથ સંપ્રદાયના મૂળ સાધકોએ પહેલા અમરત્વ પામવાનો પ્રયત્ન કરેલો. આની પાછળનો એમનો તર્ક એવો હશે કે, આધ્યાત્મિક - યોગીક સાધનામાં સિદ્ધિ પ્રાપ્ત થાય તે પહેલા કદાચ મૃત્યુ આવી જાય. તેવા સંજોગોમાં ફરીથી જન્મ લેવો પડે, સાધના માટે ફરીથી માનસિકતા કેળવવી પડે, કદાચ ફરીથી યોગ્ય ગુરુની શોધ કરવી પડે અને જ્યાંથી સાધના છૂટી હોય ત્યાં સુધીની ભૂમિકા તૈયાર કરવી પડે. આવા કારણોસર, તેમની દ્રષ્ટિએ મૃત્યુ એક કષ્ટદાયક, સમય માગી લે તેવી તથા ક્યાંક અનિશ્ચિતતા લાવી દે તેવી ઘટના ગણાય.

મૃત્યુને કારણે જ્યારે નવો જન્મ ધારણ કરવો પડે, ત્યારે બાલ્યાવસ્થાના અમુક વર્ષો તો સાધનાની પ્રક્રિયા વગર વ્યર્થ જતા રહે. જન્મ પછી અમુક સમય સુધી તો માત્ર મોટા થવાનું હોય છે, તે પરિસ્થિતિમાં આધ્યાત્મિક બાબતોની ચર્ચા સંભવ ન જ હોય - યોગીક માર્ગે જવું સંભવ ન જ હોય.

જ્યારે થોડીક પરિપક્વતા આવે, જ્યારે ગયા ભવના સંસ્કાર જાગ્રત થાય, જ્યારે અંતઃકરણના ઊંડાણમાંથી સાધના માટે પ્રેરણા મળે, પછી જ સાધનામાં સંલગ્ન થઈ શકાય. આમાં પણ, ગીતામાં જણાવ્યા પ્રમાણે, જેની સાધના અધૂરી રહી ગઈ છે તેવા યોગીની બે પ્રકારની ગતિ સંભવ હોય છે. એક, આવી વ્યક્તિ શ્રીમંતના ઘરે જન્મ ધારણ કરી સુખ ભોગ ભોગવે, અથવા તો બીજું, કોઈક કુલીન યોગીના ઘરે જન્મ લઇ ત્યાં તેની સાધનાના જૂના સંસ્કારો જાગ્રત થાય તેની પ્રતીક્ષા કરે. આમાં જો બીજી સંભાવના હોય તો તો બરાબર છે, પરંતુ પહેલી સંભાવનાથી તો વ્યક્તિ યોગના માર્ગથી ચલિત થઈ જાય. આ એક જોખમી સ્થિતિ છે. આવા સંજોગોમાં એવા રસાયણની માગ ઊઠે કે જેનાથી તંદુરસ્તી એ હદે જળવાઈ કે મૃત્યુ જ ન થાય. આ રસાયણનું જ્ઞાન હનુમાનજી પાસે છે.

પ્રશ્ન એ થાય કે હનુમાનજી પાસે લોખંડ કે પારાને સોનામાં બદલવા માટે જે રસાયણની વાત છે તે વાત સંપત્તિ કેન્દ્રિત છે. આ વાતમાં પ્રત્યક્ષ રૂપે ધન એટલે કે પૈસો સમાયો છે. બધાને ખબર છે કે હનુમાનજીને ધનમાં કોઈ જ રસ ન હતો. શ્રીરામ અને માતા સીતાએ મોતીનો જે આ હાર તેમને આપેલો તે હાર તોડીને તેમાં તેઓ શ્રીરામને ગોતતા હતા. તેમને તો હારની કે હારમાં પરોવાયેલ મોતીની કિંમત જ ન હતી. આવી વ્યક્તિને સોનું બનાવવાના રસાયણમાં રસ ન હોય તે સ્વાભાવિક છે. અહીં રામ-રસાયણની વાત થઈ છે. મજાની વાત એ છે કે રામ-રસાયણથી અમરતા પણ પ્રાપ્ત થઈ શકે અને સંપત્તિનો લાભ પણ મળી શકે.

રામ નામનો મંત્ર અનેરી મહિમા વાળો મંત્ર છે. રામ ધ્વનિ તરીકે ૐની બહુ નજીકનો ધ્વનિ છે. ૐ ના ઉચ્ચારણથી જે અનુભૂતિ થાય લગભગ તેવી જ અનુભૂતિ રામ મંત્રથી પણ થઈ શકે. રામ-રસાયણના ઉપયોગથી અતૂટ ભક્તિ પામી શકાય, સાધના સિદ્ધ થઈ શકે, એમાં અપાર શ્રદ્ધા રાખવાથી જ્ઞાનની સીમા પણ વિકસી શકે અને સત્કર્મમાં રુચિ પણ જાગે. એક રીતે જોતા તો આ બધી ક્રિયાઓ પૂર્ણતા તરફ લઈ જાય - રામ-રસાયણ વ્યક્તિને પૂર્ણતાનો અનેરો અહેસાસ કરાવે.

રસાયણ એ રાસાયણિક પ્રક્રિયાથી ઉદ્‌ભવતો અને રાસાયણિક પ્રક્રિયામાં સંમિલિત થતો પદાર્થ છે. રસાયણથી ભૌતિક, ઊર્જાકીય તથા પર્યાવરણલક્ષી પરિણામ મળી શકે. રસાયણ એ એવું તત્વ છે કે જે અભૂતપૂર્વ પરિણામ આપી શકે.

માનવ જીવનમાં રસાયણોનું આગવું મહત્ત્વ છે. સવારના ટૂથપેસ્ટથી શરૂ કરીને રાતના મચ્છર મારવાની દવાના છંટકાવમાં રસાયણની જ હાજરી હોય છે. રસોડામાં પણ અપાર રસાયણ મસાલા સ્વરૂપે ભરેલા હોય છે. દવામાં તો રસાયણ હોય છે જ. જીવન રસાયણોથી જ ટકી રહે છે. જીવનનો વિકાસ રસાયણોથી જ થાય છે. જીવનની શૃંખલા રસાયણોને કારણે જ ચાલુ રહે છે. જો જે તે રસાયણને વ્યવસ્થિત રીતે જાણી લેવામાં આવે તો જીવન અને જીવનની ગુણવત્તાને નિયંત્રિત કરી શકાય. આ નિયંત્રિત કરવાની ચાવી હનુમાનજી પાસે છે. તેમની પાસે રામ-રસાયણ છે.

રસાયણ એ અસ્તિત્વ માટેનું જરૂરી તત્ત્વ છે. અમુક શ્રેણીના રસાયણથી માનસિક ભાવને પણ અસર કરી શકાય. રસાયણથી શારીરિક તેમજ અન્ય પ્રકારની ક્ષમતા પણ વધી શકે, જેનાથી સમયની પણ બચત થઈ શકે. રસાયણથી સામર્થ્યનું સંચય પણ થઈ શકે. અગત્યનું એ છે કે રસાયણ યોગ્ય હોય અને તેની અપેક્ષા યોગ્ય હેતુ માટે હોય. અધર્મ માટેનો ભાવ ઉત્પન્ન કરવા રસાયણ નો ઉપયોગ ન થવો જોઈએ. જ્યારે હનુમાનજી જેવી વ્યક્તિ રસાયણ પ્રદાન કરે ત્યારે એની ખાતરી તો રહી જ કે તેનો ઉપયોગ નકારાત્મક દિશામાં ન થાય.

હનુમાનજી એવી વ્યક્તિને રસાયણ આપે જ નહીં કે જે વ્યક્તિ આધ્યાત્મ અને સમાજ માટે જોખમી હોય. હનુમાનજી એવી વ્યક્તિને રસાયણ કે રસાયણનું જ્ઞાન આપે જ નહીં કે જે વ્યક્તિ આસુરી પ્રકૃતિની હોય અને કામ ક્રોધ લોભ મોહમાં લિપ્ત હોય. હનુમાનજીના હાથમાં આ રસાયણ જ્યાં સુધી હોય ત્યાં સુધી તે રક્ષિત છે અને તેનો ઉપયોગ શુભતા માટે જ થાય.

# નિષ્કુળાનંદસ્વામીઃ વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કબદ્ધ સર્જક

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com



(૧) શિક્ષાપત્રીભાષા (ઈ.સ. ૧૮૨૬)

૨૬૦ કડી ચોપાઈબંધમાં ગુજરાતી ભાષામાં મૂળ સંસ્કૃત શિક્ષાપત્રિનો પદ્યાનુવાદ સમશ્લોકી પ્રકારનો અનુવાદ છે.

*'મંગળકારી મૂરતી, શ્રીસહજાનંદ સુખધામ,*
*ભક્તિ ધર્મસૂત ભાવશુ, રહ્યા અંતરમાં ઘનશ્યામ.'*

મંગળાચરણની પંક્તિ પોતિકુ અર્પણ છે. મૂલાનુસારી અનુવાદને અવલોકતા ખ્યાલ આવે છે કે સાંપ્રદાયિક અને ગુજરાતી સામાજિક અવસ્થિતિથી સુપરિચિત નિષ્કુળાનંદજી મૂળ ધર્મને અને એમાંના ભાવવિશ્વને બરાબર સમજીને ભારે કુશળતાથી એને ગુજરાતીમાં અવતારી શક્યા છે.

મૂળ ગ્રંથના વિષયસામગ્રીના ક્રમને પણ એમણે યતાતથઃ જાળવ્યો જણાય છે. ૧ થી ૧૬ કડી સુધી મંગળાચરણ, ૧૭થી ૧૫૦ કડી સુધી ચારેય વર્ણાશ્રમે જાળવવાના ધર્મોનું નિરૂપણ. ૧૫૧માં સામાન્ય ધર્મનો ઉપસંહાર આલેખેલ છે. ૧૫૨ થી ૧૬૩ ક્રમાંકની કડીમાં આચાર્યે અનુસરવાના વિશેષધર્મનું આલેખન છે અને એમની પત્નીઓએ જાળવવાના પાળવાના ધર્મોની વિગત ૧૬૪ થી ૧૬૬ ક્રમાંકની કડીમાં નિરૂપેલ છે. કડી ક્રમાંક ૧૬૭થી ૧૯૪માં ગૃહસ્થે જાળવવાના વિશેષ ધર્મોની વિગતો છે. ૨૦૫ પતિવ્રતા સાધવા સન્નારી અને ૨૦૬ થી ૨૧૮ કડીમાં વિધવા સન્નારીએ પાળવાના ધર્મો તથા ૨૧૯ થી ૨૨૨ સુધી બન્ને પ્રકારની મહિલાના વિશેષધર્મો વિશેની વિગતો છે. ૨૨૩ થી ૨૩૪ કડીઓમાં બ્રહ્મચારીએ પાળવાના ધર્મો વિશે આલેખન છે. ૨૩૫ થી ૨૪૩ કડીમાં સાધુ સંતોએ વિશેષ ધર્મોનું પાલન કરવાનું હોય એ જણાવેલ છે. ૨૪૪ થી ૨૪૯ કડીમાં વર્ણસાધુના સામાન્ય ધર્મોનું કથન છે. ૨૫૦ થી ૨૬૦ કડીમાં ગ્રંથનો ઉપસંહાર નિર્દેશેલ છે. મૂળ ગ્રંથના ક્રમાંકને જાળવીને એને અનુસરીને ૨૬૦ ચોપાઈનું સર્જન નિષ્કુળાનંદની સાંપ્રદાયિક, સામાજિક અને સાહિત્યિક સમજશક્તિનો પરિચય કરાવે છે.

(૨) શ્રીકૃષ્ણજન્મ ચરિત્ર ખંડ : સહજાનંદનું ગદ્ય મધ્યકાલીન ગુજરાતીનું મહત્ત્વનું દૃષ્ટાંત છે. લગભગ એ સમયનું ગદ્ય અન્ય કોઈ જૈનેતરકર્તા દ્વારામાં પ્રયોજાયેલું જણાતું નથી. જૈનકવિઓ દ્વારા રચાયેલ બાલાવબોધ, ઔક્તિકો, ટબા વગેરે ગ્રંથો છે. આજ સુધી નિષ્કુળાનંદ દ્વારા રચાયેલ ગદ્ય અંગે કશી વિગત નથી આલેખાઈ, પરંતુ વડતાલ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજના અંગત પુસ્તકાલયમાં નિષ્કુળાનંદ સ્વામીના હસ્તાક્ષરમાં લખાયેલ 'શ્રી કૃષ્ણજન્મ ચરિત્ર ખંડ' નામની કૃતિ ૩૪૫ પૃષ્ઠમાં હસ્તપ્રત સ્વરૂપે સચવાઈ છે.

દેવનાગરી બાળબોધ લિપિમાં કાળી શાહીથી સમગ્ર ગ્રંથ લખાયેલ છે. સમાપન લેખન લાલ શાહીથી કર્યું છે. વિ.સં. ૧૮૭૦નો સમય પણ નિર્દેશાયેલ છે. બ્રહ્મવૈવર્તપુરાણના અહીં પોતે પસંદ કરેલા અધ્યાયનો સાર ગદ્યમાં આલેખેલ છે. એ મુજબ ૧ થી ૭ સળંગ અધ્યાય પછી ૧૫, ૨૩, ૩૭, ૪૭, ૫૬ થી ૫૯ અને ૬૧ એમ કુલ મળીને સોળ અધ્યાયનો સારાંશ ગદ્યમાં આલેખેલ છે.

તળપદી ગુજરાતની કાઠિયાવાડી-સૌરાષ્ટ્રી બોલીના શબ્દો, રસળતી સારવાણી સમજણ આપતી શૈલીને કારણે સંસ્કૃતમાંથી ગુજરાતી ગદ્યમાં વિહરતો આ સાર નિષ્કુળાનંદજીની ગદ્યસેવા તરીકે ધ્યાનાર્હ બની રહેશે.

(૩) વિપુલ અને વૈવિધ્યપૂર્ણ પદરાશિ

એમના વિવિધ પ્રકારના ભાવવિશ્વસભર વિષયસામગ્રીમાં સનાતન ભારતીય તત્ત્વદર્શન, ધર્મમૂલક વિગતોથી અનુપ્રાણિત સ્વામિનારાયણીય સાહિત્યમાં વિપુલ અને સત્વશીલ પદસાહિત્ય મધ્યકાલીન ગુજરાતી પદપરંપરામાં પ્રવાહને બનાવનારું જણાયું છે. એમના બે હજારથી વધુ પદોનો ઊંડાણથી અભ્યાસ કરીને પ્રારંભિક અને પછીના સંચયોમાંથી પાઠ મેળવીને એને વર્ગીકૃત કરીને અત્રે સંપાદિત કર્યા છે. આરંભે આ પદોમાંના પ્રભાતિયા પ્રકારના પદો પછી પ્રાર્થના ભાવના પદોને પ્રસ્તુત કરેલ છે. એ પછી ભક્તિભાવ, ભક્તિશૃંગાર, લીલાભાવ અને વિરહભાવ એમ ચતુર્વિધ પ્રકારની પદરાશિને સંપાદિત કરેલ છે. ઉપદેશલક્ષી અને સંત મહિમાલક્ષી પદોને પછીના ક્રમે રાખ્યા છે. જ્ઞાનમાર્ગી, વૃત્તિવિવાહ અને શિયળના પદોની ધારાને પણ અહીં આનુષંગિક ક્રમે પ્રસ્તુત કરેલ છે.

સાતવાર, તિથિ અને બારમાસી પરંપરાના પદોના ગુચ્છને પણ અહીં સમાવિષ્ટ કર્યા છે. કચ્છી પદો, સ્વકવિત અને મહિમામૂલક પદોને અંતમાં રાખ્યા છે. અન્ય કથામૂલક સુદીર્ઘ ગ્રંથોમાંના પદ, ધોળ કે કીર્તન પણ સ્વાયત્તભાવને અભિવ્યક્તિ અર્પતા હોઈને જે-તે વિષય અંતર્ગત ગોઠવીને નિષ્કુળાનંદ સ્વામીના સમગ્ર પદસમૂહને અહીં પ્રથમ વખત એક સાથે વર્ગીકૃત કરીને. અભ્યાસ અને આસ્વાદ માટે ઉપલબ્ધ બનાવીને એનો સ્વાધ્યાય પણ અહીં સમાવિષ્ટ છે.

॥૩॥

નિષ્કુળાનંદના વિપુલ સાહિત્યને અવલોકતા એમના વ્યાપક રૂપના 'શ્રીમદ્ ભાગવદ્' આદિ ગ્રંથોના અભ્યાસનો પરિચય મળી રહે છે. એમણે 'ગરુડપુરાણ' જેવા સંસ્કૃત પ્રચુર ગ્રંથની વિષયસામગ્રીને આગવી રીતે પદ્યમાં ઢાળીને 'યમદંડ' રચનાનું સર્જન કર્યું એ જ પ્રકારે ઉદ્ધવસંપ્રદાયના મૂળ સ્નેહ-પ્રેમભાવને લક્ષતું સાહિત્ય સર્જ્યું, પરંતુ તેમ છતાં સંપ્રદાયમાં અને સંપ્રદાયની બહાર પણ તેઓ વૈરાગ્યભાવનો મહિમા કરનારા પદોના રચયિતા એવા વૈરાગી પદ કવિ તરીકેના સ્થાન અને માનને પામેલા છે.

તેમના ભક્તિભાવના વિવિધ વલયોને પ્રગટાવતા પદો પણ વિષયસામગ્રી અને અભિવ્યક્તિ એમ બન્ને બાબતે મને ઉલ્લેખનીય જણાય છે. ભક્તિભાવને પ્રબોધતા એક પદનો અંશ અવલોકીએ.

*'હરિરસ પીજે રે હેતે, નાવે અવસર સો શિર દેતે;*
*અમુલખ અવસર રે પામી, અંતર ભજીએ અંતરજામી.*
*રોક્યા કેના રે નવ રહીએ, શિરને સાટે સતસંગ લઈએ.'*

બ્રહ્માનંદ પૂર્વે 'શિર સારે સત્સંગને - નટવરને વરવાની' વાત નિષ્કુળાનંદે અસરકારક રીતે દૃઢ ભક્તિભાવ સંદર્ભે કથી છે.

બીજા એક પદમાં તેઓ પ્રેમ ભક્તિભાવ પ્રગટાવતા ગાય છે કે

*'લટકે હું લોભી રહી, લટકાળાજી રે;*
*લટકંતા આવો મારા લાલ, મુખ જોઈ સુખ લીજીયે...'*
*'હું તો જોઈ રહી છું આજ, વાલા તારી વાટડી;*
*વાલા નિષ્કુળાનંદના રાજ, ખોલો હેત હાટડી.'*

લયાન્વિત પદાવલિ, અર્થપૂર્ણ પ્રાસયોજના અને વર્ણસગાઈને અનુસંગે પ્રેમભક્તિનું હૃદયસ્પર્શી ભાવ પ્રાગટ્ય નિષ્કુળાનંદની પદરિદ્ધિનો એક અંશ છે.

(ક્રમશઃ)

# આજે કેમ તમે અલગ અલગ લાગો છો?

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com

પ્રવાસ દરમિયાન રાજા ઋતુપર્ણ પાસેથી પાસાંઓનાં દ્યુતકલાનું વિજ્ઞાન મેળવી રાજા નળ વધુ વેગે રથ હંકારે છે. બપોરનો સમય થતાં રાજા ઋતુપર્ણની આજ્ઞાથી સારથિ બાહુક રથ થોભાવે છે અને અશ્વોને ચારા પાણી માટે છૂટા કરે છે. રાજા નળ અશ્વોને ઝરણામાંથી બહાર કાઢવા જાય છે. રાજા નળનો પડછાયો ઝરણામાં પડતાં જ કર્કોટક સર્પનું વિષ ઓકતાં ઓકતાં કળિયુગ બહાર આવેલો જોઈ રાજા નળ તેને શાપ આપવા જાય છે પણ કળિયુગ તેને રોકે છે અને વરદાન આપે છે કે 'જે કોઈ માનવ કળિયુગમાં તમારું ચરિત્ર પઠન કે શ્રવણ કરશે તેને હું ક્યારેય નહીં નડું, તેને મારો કોઈ ભય નહીં રહે.' આનંદિત રાજા નળ અશ્વોને ફરી જોડે છે અને પવનવેગે રથને કુંડિનપુર તરફ દોડાવે છે. ઋતુપર્ણના રથના રણકારનો અવાજ રાજમહેલ સુધી પહોંચતાં દમયંતી વિચારે છે કે તેનો પતિ હવે કુંડિનપુર આવી ગયો છે અને હવે જો એ મને નહીં ઓળખે તો હું ધગધગતી અગ્નિમાં કૂદી પડીશ. રાજા ઋતુપર્ણ જુએ છે કે અહીં સ્વયંવરની કોઈ જ તૈયારી નથી. રાજા ભિમ ઋતુપર્ણને કહે છે, 'રાજન મારી પુત્રી દમયંતી રાજા નળની પત્ની છે અને અમને ખાતરી છે કે તમારો સારથિ જ રાજા નળ છે, તમે રાજસભામાં બોલાવી શકો તો ઉત્તમ છે.' ધ્રૂસકે ધ્રૂસકે રડતી દમયંતી અને તેની બાજુમાં તેના બે બાળકોનાં લોચનમાંથી ટપકતાં આંસુઓ જોઈ રાજા નળ પોતાને રોકી ન શકયો અને પોતાની ઓળખ રાજા નળ તરીકે આપે છે. દમયંતી માફી માગતા કહે છે કે, આ યુક્તિ ફક્ત તમને અહીં સુધી લઈ આવવાની હતી, મારા સ્વયંવરના સમાચાર સાંભળી ૧૦૦ યોજનનું અંતર એક દિવસમાં ફક્ત તમે જ કાપી શકો એ વાતની ખાતરી અમને હતી. જો મેં તમારા સિવાય અન્ય કોઈ પુરુષ વિશે વિચાર સુદ્ધાં કર્યો હોય તો સૂર્યદેવ, ચંદ્રદેવ અને અગ્નિદેવને વિનંતી કરું છું કે મારા જીવનનો તુરંત નાશ કરે.' એ જ ક્ષણે પવનદેવે આકાશસ્થિત કહ્યું કે, 'દમયંતીએ કોઈ પાપ કર્યું નથી, તેના સતિત્વનું રક્ષણ અમે કર્યું છે, તેના પર શંકા કરશો નહીં, તેની વરણી કરો.' આવું અદ્‌ભુત વાતાવરણ જોઈ રાજા નળે કર્કોટક સર્પે આપેલા વસ્ત્રો ધારણ કરી નાગરાજ કર્કોટકનું સ્મરણ કર્યું. બીજી જ ક્ષણે રાજા નળે પૂર્વવત સ્વરૂપ ધારણ કરી લીધું. રાજા ઋતુપર્ણએ રાજા નળની માફી માગી વિદાય લીધી. રાજા નળ નિષધદેશ પહોંચતાં જ નગરજનોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. નળરાજ તુરંત રાજમહેલ પહોંચ્યા. નળરાજાએ ભાવહિન શબ્દોમાં ભ્રાતા પુષ્કરને પડકાર ફેંકયો, પાસાંઓ ફેકાતા ગયાં, દાવ પર દાવ રમાતાં ગયાં. દરેક દાવમાં રાજા ઋતુપર્ણે શિખવેલા પાસાં વિજ્ઞાન પોતાનું કૌશલ દેખાડવા માંડતા અંતે ભ્રાતા પુષ્કર બધું જ હારી ગયા અને રાજ્ય છોડી વનવાસનો સ્વીકાર કર્યો. રાજા નળે સૈન્ય મોકલી રાણી દમયંતીને બોલાવી. રાજા નળ અને દમયંતીએ ખૂબ આનંદથી પ્રજા પાલન કરવા લાગ્યાં. તેમની ખ્યાતિ



દૂર દૂર સુધી અનંત કાળ સુધી ફેલાઈ. (નાગરાજ કર્કોટક, નળ, દમયંતી અને રાજા ઋતુપર્ણની આ કથાનું શ્રવણ કે પઠન કરશે તેને કળિયુગ ક્યારેય નડી નહીં શકે અને માનવ ધૈર્ય પ્રાપ્ત કરે છે.)

***

બીજી તરફ કૈલાસ ખાતે માતા પાર્વતી અને ભગવાન શિવ વાર્તાલાપ કરતા હોય છે.

માતા પાર્વતીઃ 'સ્વામી તમારી કૃપાથી માનવી ધારે તો દેવ પણ બની શકે અને દાનવ પણ બની શકે છે, તો તમે તેમને એવી સદ્‌બુદ્ધિ આપો કે તેઓ દાનવ ન બને.'

ભગવાન શિવઃ 'મારી કૃપા અને વરદાન મેળવી માનવી પોતાની પ્રકૃત્તિ પ્રમાણે વર્તે છે, તેને દાનવ બનતાં હું કેમ રોકી શકું.'

માતા પાર્વતીઃ 'એટલે?'

ભગવાન શિવઃ 'હું તમને મારા બે ભક્તની કથા કહીશ, એક ભક્ત પોતાનું સમગ્ર જીવન સમાજ ઘડતર અને ગૌસેવામાં વિતાવે છે જ્યારે બીજો ભક્ત પોતાના સ્વાર્થ માટે સમાજને કેટલું નુકસાન પહોંચાડે છે તે તમને જ્ઞાત થશે.'

માતા પાર્વતીઃ 'તો પ્રથમ તમે મને ગૌસેવામાં રત રહેનાર ભક્ત વિશે જણાવો.'

ભગવાન શિવઃ 'હિમાલયના પર્વતોની હારમાળામાં અલકાપુરી આવેલું છે. એ અલકાપુરીમાં મારા અસંખ્ય ગણ ત્યાં વાસ કરે છે. ત્યાંના પદ્મ સરોવરના જળમાં ચંદ્રનું પ્રતિબિંબ પડતું હોવાથી અમાસના દિવસે પણ અંધારું થતું નથી, ત્યાં રાત્રે ચાંદરણું (અજવાળુ) પથરાયેલું જ હોય છે. મારો પ્રખર ભક્ત એટલે ગણ મૂળનાથ અલકાપુરીના પદ્મ સરોવરના કિનારે નિવાસ કરે છે. તેણે પંચાક્ષર મંત્રના જાપ દ્વારા અનેક સિદ્ધિ પ્રાપ્ત કરી છે, એ સિદ્ધિઓમાં અનેરી એવી પરકાયા પ્રવેશ પણ છે. મૂળનાથ કોઈપણ મૃત પ્રાણીની કાયામાં પ્રવેશી શકવાનું સામર્થ્ય ધરાવે છે. એક દિવસ મૂળનાથે અસંખ્ય ગાયોને ભાંભરતી અને આંસુ સારતી જોઈ. તેઓ ગૌસેવાના પ્રખર હિમાયતી હોવાથી વિમાસણમાં પડી ગયા. ગાયોની વચ્ચે જતાં જોયું કે એ ગાયોનો રખેવાળ ગોવાળિયો ત્યાં મૃત્યુ પામ્યો હતો, મૃત ગોવાળિયાને જોઈ તેની બધી ગાયો આંસુ સારતી હતી.

આટલું દયામણું દૃશ્ય નિહાળી મૂળનાથે પરકાયા પ્રવેશ કરવાની જે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તે અજમાવવા દૃઢ સંકલ્પ કર્યો કે તે ગોવાળિયાની કાયામાં પ્રવેશી ગૌમાતાને દુઃખમાંથી ઉગારશે. મૂળનાથનો પરકાયા પ્રવેશ કોઈને દશ્યમાન થતો નથી અને તે ગોવાળિયાની કાયામાં પ્રવેશ કરે છે. ગોવાળિયાની કાયામાં પ્રાણ પૂરાતાં તેના શરીરમાં સળવળાટ થવા લાગ્યો. થોડી જ ક્ષણોમાં ગોવાળિયો આંખો ચોળતો ચોળતો ઊભો થઈ ગયો. પોતાના રખેવાળને ફરી ઊભેલો જોઈ ગૌમાતાઓ આનંદિત થઈ ઉઠી. સંધ્યાવેળા થઇ હોવાથી ગાયમાતાઓને લઈ ગોવાળિયો પોતાના ઘરે પહોંચ્યો. સાંજે વાળુ કરવાનો સમય થઈ ગયો હોવાથી ગોવાલણી દલી ભોજન પીરસે છે.

ગોવાલણ દલીઃ 'હું તમને રોજ શિરામણ કરતા નિહાળું છું, આજે કેમ તમે અલગ અલગ લાગો છો, તમારા મુખ પર કંઈક અલગ છટા દેખાય આવે છે, તમારો સ્વર પણ બદલાયેલો કેમ લાગે છે?'

ગોવાળિયોઃ 'આજે હું ખૂબ જ થાકી ગયો છું, મારે વિશ્રામ કરવો છે. તારે જે કહેવું હોય તે કાલે કહેજે.'

ગોવાલણ દલીએ પોતાની હઠ ચાલુ રાખી, આજે તો મારે તમારી સાથે ખૂબ ખૂબ વાતો કરવી છે, મન ભરીને તમને ભેટવાનું મન થયું છે એમ કહી ગોવાલણ દલી આલિંગન આપવા આગળ વધી.

ગોવાળિયોઃ 'અરે! શિવશંભો... શિવશંભો કહેતા મૂળનાથ પથારીમાંથી ઊભો થઇ ડેલી તરફ દોડયો.

ગોવલણ દલીએ વધુ કંઈ ન પૂછતાં કહ્યું કે, 'તમે તો વિષ્ણુ ભક્ત છો તો શિવશંભુ... શિવશંભો કહીને ભગવાન શિવને કેમ યાદ કર્યા.'

ગોવાળિયાની મનસ્થિતિનો તાક ન મળતાં ગોવાલણ દલી રાત્રે પોતે ઓરડામાં સૂતી અને ગોવાળને ઓસરીમાં ખાટલો પાથરી આપ્યો. મૂળનાથે આખી રાત 'ૐ નમઃ શિવાય'નો જાપ કર્યો, તેને ઉંઘ આવતી નહોતી કે હવે પરકાયા પ્રવેશની વાત ગોવાલણ દલીને કઈ રીતે કહેવી.

મૂળનાથ આખરે બધી કહીકત કહી સંભળાવી અને ત્યાંથી પેલા એકાંત સ્થળે જ્યાં પોતાનું શરીર મૂકયું હતું ત્યાં ગયો પણ તેને પોતાનું શરીર ન મળ્યું. (ભગવાન શિવે તેને આકાશવાણી દ્વારા આદેશ આપ્યો કે , 'દૂર પૂર્વ દિશામાં એક અપૂજ્ય શિવમંદિર છે તે ખંડિયેર અવસ્થામાં છે એ મંદિરનો જીર્ણોધ્ધાર કર અને ગૌસેવામાં જીવન વ્યતીત કર.'

ભગવાન શિવનો આદેશ સ્વીકારી પૂર્વ દિશામાં આવી એ ખંડિયેર મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો અને અનેક ગૌશાળા બનાવી હજારો ગૌમાતાની સેવામાં જીવન વ્યતીત કર્યું.

વૃદ્ધાવસ્થામાં અંત સમયે મૂળનાથે પીપળાના વૃક્ષ નીચે સમાધી લગાવી, પંચાક્ષરી મંત્રનો જાપ કરી પરકાયા પ્રવેશ કરેલ ગોવાળના શરીરનો ત્યાગ કર્યો અને કૈલાસ લોકને પામ્યો.

(ક્રમશઃ) ■

# સમૃદ્ધિ ને પુણ્ય માટે ઉત્તમ છે વૈશાખ મહિનો

ફોકસ

નિધી ભટ્ટ
bhandev@bombay samachar.com

વૈશાખ મહિનો એટલે ધન, સમૃદ્ધિ અને પુણ્ય કમાવવાની ઉત્તમ તક. ૨૮ એપ્રિલથી વૈશાખની શરૂઆત થાય છે. વૈશાખનો સંબંધ વિશાખા નક્ષત્ર સાથે હોવાથી એને વૈશાખ કહેવામાં આવે છે. આ મહિના દરમ્યાન પૂજા-આરાધના ખૂબ ફળદાયી હોય છે. ભગવાન વિષ્ણુ અને પરશુરામની ઉપાસના અનેકગણું ફળ આપે છે. ૧૨ મે સુધી વૈશાખ મહિનો રહેશે.

પૌરાણિક કથા અનુસાર નારદ ઋષિએ વૈશાખને ત્રણ શુભ મહિનાઓમાં શ્રેષ્ઠ ગણાવ્યો છે. સ્કંદ પુરાણમાં કહેવામાં આવ્યું છે કે આ મહિનામાં કરવામાં આવેલું દાન, સ્નાન અને પૂજાથી પાછલા જન્મોના પાપ નાશ પામે છે. એવી પણ માન્યતા છે કે આ મહિનામાં જ ભગવાન પરશુરામ, નરસિંહ ભગવાન અને બુદ્ધ ભગવાનનો જન્મ થયો હતો.

વૈશાખમાં અનેક મોટા તહેવાર આવે છે. આ મહિનામાં જ અક્ષય તૃતીયા આવે છે. એમાં સોનું ખરીદવું અને દાન કરવાને શુભ માનવામાં આવે છે. પવિત્ર નદીઓમાં સ્નાન કરવું પણ શુભ ગણવામાં આવે છે. જો આસપાસ નદી ન હોય તો ઘરના પાણીમાં ગંગાજળ ભેળવીને સ્નાન કરી શકાય છે.

**વૈશાખ માહમાં શું કરવું?**

વૈશાખ માહમાં સવારે સૂર્યોદય પહેલા સ્નાન કરવું અને ભગવાન વિષ્ણુની પૂજા કરવી. તુલસી અને પીપળાના વૃક્ષની પૂજા કરવી. ગરીબોને પાણી, કપડાં, ભોજન અને દાન કરવું જોઈએ. ભગવાન વિષ્ણુના મંત્રોનો જાપ કરવો.

રસ્તામાં આવતા-જતાં લોકોને પાણી પીવડાવવું જોઈએ.

પાણીની પરબ બાંધવી જોઈએ.

ફળના દાનની સાથે ચપ્પલ, છત્રી, પાણીથી ભરેલા માટલા અને શરબતનું દાન કરવું જોઈએ. ■

# શૅરબજારની આગામી ચાલનો આધાર ટૅરિફના ટેન્શન, વિશ્વબજારના વલણ અને વિપ્રો, એચડીએફસી બૅન્ક સહિતની કંપનીઓના પરિણામ પર

ફોરકાસ્ટ: નિલેશ વાઘેલા

મુંબઇઃ અમેરિકન પ્રમુખ દ્વારા ટેરિફ મોકૂફીની જાહેરાતથી ભારતીય બજારોમાં તેજીનો ઉછાળો જોવા મળ્યો છે. આ સપ્તાહે બજારના સેન્ટિમેન્ટ અને ચાલ પર અસર કરી શકે એવા મુખ્ય પરિબળોમાં અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર યુદ્ધની પરિસ્થિતિ, વોલ સ્ટ્રીટનું પ્રદર્શન તેમ જ સ્થાનિક સ્તરે વિપ્રો અને એચડીએફસી બેંક જેવી મોટી કંપનીઓના નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરના પરિણામો અને મેનેજમેન્ટની કોમેન્ટ્રીનો સમાવેશ થાય છે. આજે સોમવારે ડો.આંબેડકર જયંતી અને શુક્રવારે ગુડફ્રાઈડે નિમિત્તે બંધ રહેશે.

ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિત ૭૦થી વધુ દેશો માટે ટેરિફ નેવુ દિવસ માટે સ્થગિત રાખી હોવાથી સ્થાનિક બજારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો, જે પાછલા શુક્રવારે મજબૂત વધારા સાથે પ્રદર્શિત થયો હતો. ભ

ારતીય ફ્રન્ટલાઇન શેરઆંક તેમના સાપ્તાહિક નુકસાનને ઘટાડીને માત્ર ૦.૩ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા. મંગળવારે જ્યારે બજારો ફરી ટ્રેડિંગ શરૂ કરશે, ત્યારે અઠવાડિયા દરમિયાન લાઇનઅપ થયેલી ઘણી મહત્વપૂર્ણ સ્થાનિક અને વૈશ્વિક ઘટનાઓ તેમના પર અસર કરે તેવી શક્યતા છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઘણા વિવાદ પછી ટેરિફ વધારો ૯૦ દિવસ માટે મુલતવી રાખવાની જાહેરાત કર્યા બાદ ગુરુવારે વિશ્વભરના શેરબજારોમાં ભારે ઉછાળો આવ્યો હતો. જાપાન, કોરિયાથી લઈને ઓસ્ટ્રેલિયા સુધી એશિયાઇ અને યુરોપના શેરબજારમાં તેજી જોવા મળી હતી. જોકે, ભારતીય શેરબજાર મહાવીર જયંતિને કારણે બંધ રહ્યું હોવાથી આ દિવસની રેલી ચૂકી ગયું હતું. ચીન પર ૧૨૫ ટકા ટેરિફ લાદ્યા પછી ટ્રમ્પે ઘણા દેશો પર ટેરિફને અસ્થાયી રૂપે મુલતવી જાહેર કરી છે. જોકે, સામે ચીને પણ અમેરિકા પર એટલી જ ટેરિફ ઝીંકી હોવાથી ટેરિફ વોર યથાવત્ ચાલુ રહી છે.

ટોકિયોના માર્કેટ એનાલિસ્ટ ફ્રાન્સિસ લૂન જણાવે છે કે શેરબજારોએ હજુ પણ વોલેટીલિટીનો સામનો કરવા તૈયાર રહેવાનું છે, કારણ કે ટ્રમ્પ ક્યારે શું કરશે એ કહી શકાય એમ નથી. શેરબજાર માટે આ એક ખૂબ જ મોટી અનિશ્ચિતતા છે. મંદીનો ભય હજું પણ તોળાઇ રહ્યો છે.

અગ્રણી એનાલિસ્ટે કહ્યું હતું કે, હવે આ એક સંચાલન કરી શકાય એવું જોખમ છે, ખાસ કરીને જ્યારે વૈશ્વિક અર્થતંત્રો મંદીનો ભય અનુભવી રહ્યા છે ત્યારે આ નવી જાહેરાતથી એશિયાના મોટાભાગના નિકાસકારો રાહતનો શ્વાસ લીધો છે. દરેક દેશને ટ્રેડ બેલેન્સ કરવા માટે નેવું દિવસનો સમયગાળો મળ્યો છે.

ટ્રમ્પના વેપાર યુદ્ધથી વૈશ્વિક અર્થતંત્ર મંદીમાં ધકેલાઈ જવાની ચિંતા દૂર થઇ નથી, માત્ર પાછળ ઠેલાઇ નથી. ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે પત્રકારોને જણાવ્યું હતું કે ટ્રમ્પ દેશના મોટાભાગના સૌથી મોટા વેપારી ભાગીદાર દેશો પરના તેમના પારસ્પપરિક ટેરિફને થોભાવી રહ્યા છે, પરંતુ લગભગ તમામ વૈશ્વિક આયાત પર તેમના ૧૦ ટકા ટેરિફને જાળવી રહ્યા છે.

આનો અર્થ એ થયો કે, વેપાર યુદ્ધ હજુ સમાપ્ત થયું નથી અને વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ વચ્ચે વધતી જતી લડાઈ પુષ્કળ નુકસાન પહોંચાડી શકે છે. અમેરિકન બજારો ઉછાળા પછી પણ પાછલા અઠવાડિયા પહેલાની સપાટી સામે નીચા સ્તરે રહ્યા છે, જ્યારે ટ્રમ્પે લિબરેશન ડે તરીકે ઓળખાતા વિશ્વવ્યાપી ટેરિફની જાહેરાત કરી હતી અને તેમાં બીજા દિવસે વધુ ઘટાડો થયો છે. દરમિયાન બોન્ડ માર્કેટમાં યુએસ ટ્રેઝરી યીલ્ડમાં નોંધાયેલા ઉછાળાએ બજારને



હચમચાવી નાખ્યું હતું, જે તણાવના વધતા સ્તરને દર્શાવે છે. ટ્રમ્પે બુધવારે પોતે કહ્યું હતું કે તેઓ બોન્ડ માર્કેટને થોડું અસ્વસ્થ થતું જોઈ રહ્યા હતા.

વિશ્લેષકો કહે છે કે યીલ્ડમાં વધારો થવા પાછળ ઘણા કારણો હોઈ શકે છે, જેમાં હેજ ફંડ્સ અને અન્ય રોકાણકારોને શેરબજારમાં થયેલા નુકસાનને ભરપાઈ કરવા માટે રોકડ એકત્ર કરવા માટે તેમના ટ્રેઝરી બોન્ડ વેચવા પડે છે. વેપાર યુદ્ધને કારણે યુનાઇટેડ સ્ટેટ્સની બહારના રોકાણકારો પણ તેમના યુએસ ટ્રેઝરી વેચી રહ્યા હોઈ શકે છે. આવી પ્રવૃત્તિ ટ્રેઝરીના ભાવમાં ઘટાડો કરશે, જે બદલામાં તેમની ઉપજમાં વધારો કરશે. નિષ્ણાતો માને છે કે, કારણો ગમે તે હોય પરંતુ યુએસ ટ્રેઝરીની યિલ્ડના ઉછાળાને કારણે શેરબજાર પર દબાણ આવશે અને અમેરકામાં ઘરો અને વ્યવસાયો માટે મોર્ટગેજ અને અન્ય લોન માટેના દરોમાં વધારો કરશે. આ પગલાં ખાસ કરીને નોંધપાત્ર છે કારણ કે બજાર માટે ભયાનક સમય દરમિયાન યુએસ ટ્રેઝરી યીલ્ડ ઐતિહાસિક રીતે ઘટી ગયા છે, વધ્યા નથી, કારણ કે બોન્ડને સામાન્ય રીતે સૌથી સુરક્ષિત શક્ય રોકાણોમાંના એકત માધ્યમ તરીકે જોવામાં આવે છે. અમેરિકા દ્વારા ભારત પર વધારાના ૨૬ ટકા ટેરિફને ૯૦ દિવસ માટે સ્થગિત કરવાની જાહેરાતને કારણે સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે, વૈશ્વિક સ્તરની અનિશ્ચિતતા યથાવત્ રહી હોવા છતાં પાછલાં સપ્તાહના અંતિમ સત્રમાં સેન્સેકસ અને નિફ્ટીએ આગેકૂચ નોંધાવી હતી. સેન્સેક્સ ૧૬૦૦ પોઇન્ટ જેટલા ઉછાળા બાદ ૧૩૦૦ પોઇન્ટના વધારા સાથે સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૨,૮૦૦ની ઉપર બંધ રહ્યો હતો.

કોર્પોરેટ હલચલમાં ડચ જોબમાં કાપ મુકવાને કારણે ટાટા સ્ટીલના શેરમાં છ ટકા સુધીનો, યુએસ કોર્ટે ઓટોઇમ્યુન દવા પરના પ્રતિબંધો હટાવ્યા પછી સન ફાર્માના શેરમાં પાંચ ટકા સુધીનો, યુએસએફડીએ દ્વારા કેન્સર દવા માટે મંજૂરી મળ્યા પછી બાયોકોનના શેરમાં લગભગ છ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. સિપ્લાને જેનેરિક કેન્સર ડ્રગ્સ માટે યુએસએફડીએની મંજૂરી હોવાનું કંપનીએ એક્સચેન્જને જણાવ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઘણા વિવાદ પછી ટેરિફ વધારો ૯૦ દિવસ માટે મુલતવી રાખવાની જાહેરાત કર્યા બાદ ગુરુવારે વિશ્વભરના શેરબજારોમાં ભારે ઉછાળો આવ્યો હતો. જાપાન, કોરિયાથી લઈને ઓસ્ટ્રેલિયા સુધી એશિયાઇ અને યુરોપના શેરબજારમાં તેજી જોવા મળી હતી. ભારતીય શેરબજાર મહાવીર જયંતિને કારણે બંધ રહ્યું હોવાથી આ દિવસની રેલી ચૂકી ગયું હતું. જોકે, શુક્રવારે ભારતીય બજારમાં ઉછાળો નોંધાયો હતો.

વ્હાઇટ હાઉસના એક્ઝિક્યુટિવ ઓર્ડર મુજબ, અમેરિકાએ આ વર્ષે ૯ જુલાઈ સુધી ૯૦ દિવસ માટે ભારત પર વધારાના ટેરિફ સ્થગિત કરવાની જાહેરાત કરી છે. અગાઉ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બીજી એપ્રિલે અમેરિકામાં માલ નિકાસ કરતા લગભગ ૬૦ દેશો પર સાર્વત્રિક ડ્યુટી અને ભારત જેવા દેશો પર વધારાની ભારે જકાત લાદવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ચીની નિકાસ પર ૧૪૫ ટકા જકાત લાદવાના બદલામાં ચીને શુક્રવારે અમેરિકાથી આયાત પર વધારાના ટેરિફ વધારીને ૧૨૫ ટકા જાહેર કરી હતી. ખાતર ક્ષેત્રના પ્રોજેક્ટ્સ માટે નુવો પિગ્નોન સાથે ૧૦ વર્ષના એમઓયુ પર હસ્તાક્ષર કર્યા પછી ભેલના શેરમાં બે ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. યુરો ૫૦ મિલિયન કોસ્ટ ઑપ્ટિમાઇઝેશન ડ્રાઇવની જાહેરાત કર્યા પછી સંવર્ધન મધરસનના શેરમાં છ ટકા સુધીનો, નેધરલેન્ડ્સની નિષ્ક્રિય પેટાકંપનીના લિક્વિડેશન પછી ઝોમેટોના શેરમાં લગભગ ત્રણ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

ટીસીએસએ માર્ચ ક્વાર્ટરમાં ૧.૬૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૨,૨૨૪ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. કંપની બોર્ડે શેર દીઠ રૂ. ૩૦ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. આરબીઆઇની ટૂંક સમયમાં ગોલ્ડ-બેક્ડ લોન માટે વ્યાપક નિયમો રજૂ કરવાની જાહેરાત પછી મુથૂટ ફાઇનાન્સનો શેર શુક્રવારે બીએસઇ પર સત્ર દરમિયાન ૮.૨૦ ટકા જેટલા કડાકા સાથે રૂ. ૧,૯૬૪.૩૫ સુધી ગબડ્યો હતો. અજમેરા રિઅલ્ટીનું ચોથા ક્વાર્ટરનું સેલ્સ બુકિંગ ૧૩ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૫૦ કરોડ નોંધાયું છે. બજારના સાધનોએ જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા રેસિપ્રોકલ ટેરિફ પર અણધાર્યા વિરામથી રાહત મળી હતી, જોકે આઇટી મેજર ટીસીએસનું પરિણામ બજારના અંદાજો કરતાં નબળું રહ્યું હતું. પરંતુ ઓર્ડર બુકમાં વૃદ્ધિને કારણે નાણાકીય વર્ષ ૨૬ના ઉત્તરાર્ધમાં આશાવાદ દેખાય છે. દરમિયાન, નેશનલ સ્ટેટિસ્ટિક ઓર્ગેનાઇઝેશન (એનએસઓ)એ જાહેર કરેલા ડેટા અનુસાર ઉત્પાદન અને ખાણકામ ક્ષેત્રના નબળી કામગારીને કારણે ફેબ્રુઆરીમાં ઇન્ડેક્સ ઓફ ઇન્ડસ્ટ્રીઅલ પ્રોડકશન (આઇઆઇપી)ની વૃદ્ધિ ૨.૯ ટકાના સ્તરે નોંધાઇ છે, જે પાછલા છ મહિનાના નીચી સપાટી દર્શાવે છે.

## ટૅરિફના વાવાઝોડા વચ્ચે ભારતે એપલના ૫૦૦૦ કરોડ રૂપિયા બચાવ્યા

મુંબઇઃ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યારે ચીન પર ભારે ટેરિફ લાદવાની જાહેરાત કરી ત્યારે આખી દુનિયા મંદી વિશે ચિંતિત થઈ ગઈ અને આ સાથે એપલ કંપનીએ પણ પોતાના મગજનો ઉપયોગ કર્યો. એપલને ખ્યાલ આવ્યો કે જો સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો તેને ૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું સીધું નુકસાન થઈ શકે છે. તે મુશ્કેલ સમયમાં ભારત પાસેથી મદદ માંગવામાં આવી ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યો અને થોડી જ વારમાં ૬૦૦ ટન આઇફોન અમેરિકા મોકલવામાં આવ્યા.

અહીં સમજવા જેવી વાત એ છે કે અમેરિકાએ હાલમાં ચીન પર ૧૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. આવામાં જો ચીનથી આઇફોન સપ્લાય કરવામાં આવે તો કંપનીને ૧૨૫ ટકા ટેરિફનો સીધો ફટકો પડત. આવી સ્થિતિમાં એપલે ભારતમાં તેનો પુરવઠો વધારવાનો નિર્ણય લીધો. તે પણ એટલા માટે કે ટ્રમ્પે હાલમાં ભારત પર ફક્ત ૨૬ ટકા ટેરિફ લાદ્યો છે અને તે પણ હાલમાં ૯૦ દિવસ માટે પ્રતિબંધિત છે. આવામાં જો એપલ તેના આઇફોન ભારતમાંથી અમેરિકા મોકલે છે તો તેને કોઈ વધારાનો ટેક્સ ચૂકવવો પડશે નહીં.

બીજા શબ્દોમાં કહીએ તો, જો એપલ તેનો ૧,૫૯૯નો શવ્વજ્ઞક્ષય ૧૬ ઙ્જ્ઞિ ખફ્ફ્ઢ ચીનથી યુએસ મોકલે છે, તો ટેરિફને કારણે તેની કિંમત ૨,૩૦૦ સુધી પહોંચી જશે. પરંતુ એપલે પોતાના મગજનો ઉપયોગ કર્યો અને ભારત સરકાર પાસે મદદ માંગી. હવે તેનું પરિણામ એ છે કે માર્ચથી અત્યાર સુધીમાં ભારતમાંથી ૬ કાર્ગો ફ્લાઇટ્સ રવાના થઈ છે, દરેક કાર્ગોની ક્ષમતા પણ ૧૦૦ ટન હોવાનું કહેવાય છે. આ ઉપરાંત ચેન્નાઈ એરપોર્ટ પર કસ્ટમ ક્લિયરન્સનો સમય પણ ૩૦ કલાકથી ઘટાડીને ૬ કલાક કરવામાં આવ્યો. આને ગ્રીન કોરિડોર સિસ્ટમ કહેવામાં આવે છે. હવે ભારતની મદદથી એપલે દરેક આઇફોન પર સરેરાશ ૪૦૦ નો ટેક્સ બચાવ્યો છે, જો આપણે કુલ આંકડાઓ પર નજર કરીએ તો, ૫૧૦૦ કરોડ રૂપિયાની ટેક્સ બચત થઈ છે. નિષ્ણાતો માને છે કે એક સુનિયોજિત વ્યૂહરચનાના ભાગ રૂપે એપલ હવે ભારતને તેનું ઉત્પાદન કેન્દ્ર બનાવવા માંગે છે.

## નોન-લાઇફ ઇન્સ્યોરન્સ સેક્ટરની પ્રીમિયમ વૃદ્ધિમાં ત્રણ વર્ષનો સૌથી ઓછો વધારો

નવી દિલ્હીઃ એકાઉન્ટિંગ ધોરણોમાં ફેરફાર ઉપરાંત આરોગ્ય અને ઓટો વીમામાં સુસ્તીની અસરે બિન-જીવન વીમા ક્ષેત્રે પ્રીમિયમ વૃદ્ધિમાં ઝડપી ઘટાડો નોંધાઇ રહ્યો છે. ઉપલબ્ધ ડેટા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૫માં નોન-લાઇફ ઇન્સ્યોરન્સ સેક્ટરની પ્રીમિયમ વૃદ્ધિમાં છેલ્લા ત્રણ વર્ષમાં આ સૌથી ઓછો વધારો નોંધાયો છે. ઉદ્યોગના સાધનો અનુસાર વીમા નિયમનકાર દ્વારા પ્રીમિયમ એકાઉન્ટિંગ ધોરણોમાં ફેરફાર અને આરોગ્ય અને ઓટો વીમામાં સુસ્તીને કારણે આવું બન્યું છે. ઉદ્યોગના આંતરિક સૂત્રો અને નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે વીમા ક્ષેત્ર નાણાકીય વર્ષ ૨૦૨૬માં મજબૂત પુનરાગમન કરશે અને પ્રીમિયમ વૃદ્ધિ નવથી ૧૨ ટકા રહેવાની સંભાવના છે જે એકંદરે સુધરતી અર્થવ્યવસ્થા અને મોટર થર્ડ પાર્ટી દરોમાં ફેરફારને કારણે છે. નોન-લાઇફ ઇન્સ્યોરન્સનું પ્રીમિયમ નાણાકીય વર્ષ ૨૦૨૫માં વધીને રૂ. ૩.૦૮ લાખ કરોડ થયું હતું, જે અગાઉના નાણાકીય વર્ષની સરખામણીમાં ૬.૨ ટકા વધુ હતું.

## રિઅલ્ટી શૅરોના સૌથી વધુ ધોવાણ સાથે માર્કેટ કૅપમાં ₹ ૧.૬૭ લાખ કરોડનો ઘટાડો

મુંબઇઃ ટ્રમ્પના ટેરિફના ખેલને કારણે અફડાતફડી છતાં સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહમાં અંત સુધીમાં એકંદરે બધુ સરભર થઇ ગયું હતું. જોકે, રિઅલ્ટી શેરોના સૌથી વધુ ધોવાણ સાથે માર્કેટ કેપમાં રૂ. ૧.૬૭ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સપ્તાહમાં કેપિટલ ગુડ્સ અને એફએમસીજી ઈન્ડેક્સમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો હતો. ચાર સત્રના, ૧૧ એપ્રિલ, ૨૦૨૫એ પૂરા થયેલા ટ્રેડિંગ સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૫,૩૬૪.૬૯ના બંધથી ૨૦૭.૪૩ પોઈન્ટ્સ (૦.૨૮ ટકા) ઘટ્યો હતો. આ સપ્તાહે પણ સોમવારે અને શુક્રવારે જાહેર રજાને કારણે બજાર બંધ રહેતા ત્રણ સત્ર જ કામકાજ થશે. સેન્સેક્સ સાતમી એપ્રિલ અને સોમવારે ૭૧,૪૪૯.૯૪ ખૂલી અને એ જ દિવસે નીચામાં ૭૧,૪૨૫.૦૧ અને ૧૧ એપ્રિલ અને શુક્રવારે ઊંચામાં ૭૫,૪૬૭.૩૩ સુધી જઈ અંતે ૭૫,૧૫૭.૨૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૦૧.૬૭ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ. ૪૦૩.૩૪ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૧.૬૭ લાખ કરોડનો ઘટાડો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૦.૨૪ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૦.૨૮ ટકા અને બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૦.૨૩ ટકા ઘટ્યા હતા. બીએસઈ મિડકેપ ૦.૫૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૧૫ ટકા ઘટ્યા હતા. આઈપીઓ ૧.૩૩ ટકા અને એસએમઈ આઈપીઓ ૧.૭૭ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડેક્સમાં બીએસઈ કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૩.૪૯ ટકા, એફએમસીજી ૩.૩૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૨૫ ટકા, પાવર ૦.૭૩ ટકા, પીએસયુ ૦.૨૨ ટકા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૦.૦૭ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૪.૦૮ ટકા, મેટલ ૨.૪૩ ટકા, આઈટી ૨.૩૫ ટકા કેપિટલ ગુડ્સ ૧.૮૪ ટકા, પીએસયુ બેન્ક ૧.૫૭ ટકા, ટેક ૧.૩૪ ટકા, બેન્કેક્સ ૧.૨૭ ટકા, હેલ્થકેર ૦.૩૩ ટકા અને ઓટો ૦.૧૫ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં હિંદુસ્તાન યુનિલિવર ૫.૧૬ ટકા, ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૪.૯૧ ટકા, નેસ્લે ૪.૨૧ ટકા, પાવર ગ્રીડ ૩.૩૯ ટકા અને ઈટર્નલ ૨.૯૭ ટકા ઊછળ્યો હતો, જ્યારે સૌથી અધિક ઘટેલી પાંચ સ્ક્રિપ્સમાં ટાટા સ્ટીલમાં ૫.૨૫ ટકા, લાર્સનમાં ૪.૫૬ ટકા, ટાટા મોટર્સમાં ૩.૧૬ ટકા, ટેક મહિન્દ્રમાં ૨.૯૯ ટકા અને ઈન્ફોસિસમાં ૨.૯૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન એ ગ્રુપની ૭૧૭ કંપનીઓમાંથી ૩૩૭ કંપનીઓના ભાવ વધ્યા, ૩૭૮ કંપનીઓના ભાવ ઘટ્યા અને બે કંપનીઓના સ્થિર રહ્યા હતા. જ્યારે બી ગ્રુપની ૧,૨૯૯ કંપનીઓમાંથી ૪૯૯ કંપનીઓના ભાવ વધ્યા, ૭૯૪ કંપનીઓના ભાવ ઘટ્યા અને છનો સ્થિર રહ્યો હતો. બીએસઈ ૧૦૦માં બાવન કંપનીઓ વધી, ૪૮ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૨૦૦માં ૯૭ કંપનીઓ વધી, ૧૦૩ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૩૦માં ૧૬ કંપનીઓ વધી, ૧૪ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૪૦ કંપનીઓ વધી, ૨૫૯ કંપનીઓ ઘટી અને એક સ્થિર હતી. મિડકેપની ૬૨ કંપનીઓ વધી, ૭૫ કંપનીઓ ઘટી હતી. સ્મોલ કેપની ૪૦૫ કંપનીઓ વધી, ૫૭૦ કંપનીઓ ઘટી અને ત્રણ સ્થિર રહી હતી. સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ)ની રૂ. ૨૦,૨૩૫.૩૦ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૨૪,૩૯૫.૨૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

## ટ્રમ્પની વધુ એક ગુલાંટઃ અમુક ઇલેક્ટ્રોનિક આઇટમને ટેરિફમાં મુક્તિ

મુંબઈ: અમેરિકન પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે વધુ એક નિર્ણયમાં પાછીપાની જાહેર કરી છે. ડોનલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રે શનિવારે જાહેરાત કરી હતી કે સ્માર્ટફોન અને લેપટોપ જેવી ઇલેક્ટ્રોનિક આઇટમોને પારસ્પરિક (રેસિપ્રોકલ) ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવશે. આ નિર્ણય અમેરિકાના નાગરિતોને ધ્યાનમાં લઇને કરવામાં આવ્યો છે. ટેરિફની મોકૂફી અમરિકામાં એવા ઇલેક્ટ્રોનિક સામાનોના ભાવ ઓછા રાખવામાં મદદ કરશે, જેનું ઉત્પાદન સામાન્ય રીતે અમેરિકામાં નથી થતું. નવી જાહેરાતથી ઍપલ અને સેમસંગ જેવી મોટી ટેક કંપનીઓને પણ ફાયદો થશે. ઍપલ જેવી મોટી ટેક કંપનીઓનાં મોટા ભાગનાં ઉત્પાદનો ચીનમાં ઉત્પાદિત અને ઍસેમ્બલ થાય છે. અમેરિકન કસ્ટમ્સ ડ્યુટી અને બોર્ડર પ્રોટેક્શન ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે સ્માર્ટફોન, લેપટોપ, સેમિકન્ડકટર અને ફ્લેટ પેનલ મોનિટર બનાવવા માટે વપરાતા મશીનો જેવી વસ્તુઓને પણ મુક્તિ આપવામાં આવશે.

## એસઆઇપી ચાર મહિનાના તળિયે, ટૅરિફની ચિંતાને કારણે સેકટરલ અને થીમેટિક ફંડસમાં તીવ્ર રિડેમ્પશાન

નવી દિલ્હીઃ માર્ચમાં ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડનો આંતરપ્રવાહ ઘટીને રૂ. ૨૫,૦૮૨ કરોડના ૧૧ મહિનાના નીચલા સ્તરે પહોંચ્યો છે, જે મુખ્યત્વે ટેરિફ ચિંતાઓને કારણે બજારની અસ્થિરતા વચ્ચે ક્ષેત્રીય અને થીમેટિક ફંડ્સમાં તીવ્ર રિડેમ્પશનનું પરિણામ છે. એ જ રીતે, વધુમાં, સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઇપી)માં પ્રવાહ માર્ચમાં રૂ. ૨૫,૯૨૫ કરોડ નોંધાયો છે, જે ચાર મહિનાની સૌથી નીચી સપાટી દર્શાવે છે. આ પહેલા, ફેબ્રુઆરીમાં એસઆઇપી ઇન્ફ્લો રૂ. ૨૫,૯૯૯ કરોડ, જાન્યુઆરીમાં રૂ. ૨૬,૪૦૦ કરોડ અને ડિસેમ્બરમાં રૂ. ૨૬,૪૫૯ કરોડ નોંધાયો હતો. એ જ રીતે, ઇક્વિટી ફંડ્સમાં પ્રવાહમાં ઘટાડો થવાનો આ સતત ત્રીજો મહિનો હતો અને ફેબ્રુઆરીથી પ્રવાહમાં ૧૪ ટકાનો ઘટાડો પણ દર્શાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, સરેરાશ માસિક એસઆઇપી યોગદાન રૂ. ૨૪,૧૧૩ કરોડ પર પહોંચ્યું, જે પાછલા નાણાકીય વર્ષમાં જોવા મળેલા રૂ. ૧૬,૬૦૨ કરોડથી નોંધપાત્ર વધારો દર્શાવે છે. એમ્ફીના આંકડા અનુસાર, ઇક્વિટી-ઓરિએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડમાં માર્ચમાં રૂ. ૨૫,૦૮૨ કરોડનો ઇન્ફ્લો જોવા મળ્યો, જે ફેબ્રુઆરીમાં રૂ. ૨૯,૩૦૩ કરોડ કરતા ઘણો ઓછો છે. માર્ચમાં પ્રવાહ એપ્રિલ ૨૦૨૫ પછી સૌથી નીચા સ્તરે હતો, જ્યારે ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સે રૂ. ૧૮,૯૧૭ કરોડ આકર્ષ્યા હતા. અગ્રણી ફંડ વિશ્લેષકે આંતર પ્રવાહમાં ઘટાડા માટે ક્ષેત્રીય અને થીમેટિક ફંડ્સમાં વધુ રિડેમ્પશનને જવાબદાર ગણાવ્યું છે. એક અન્ય સિનિયર એનાલિસ્ટે પણ સમર્થન આપ્યું હતું કે, આ મંદી મુખ્યત્વે સેક્ટરલ અને થીમેટિક ફંડ્સમાં રોકાણમાં તીવ્ર ઘટાડાને કારણે હતી, જેમાં અગાઉ મજબૂત આકર્ષણ જોવા મળ્યું હતું. ઇક્વિટી ફંડ કેટેગરીમાં, ફ્લેક્સી કેપ ફંડ્સમાં માર્ચમાં સૌથી વધુ રોકાણ પ્રવાહ નોંધાયો હતો, જેમાં રૂ. ૫,૧૬૫ કરોડનો સમાવેશ થયો હતો. જોકે, સેક્ટરલ અથવા થિમેટિક ફંડ્સ, જેમાં ફેબ્રુઆરીમાં રૂ. ૫,૭૧૧ કરોડનો મજબૂત પ્રવાહ જોવા મળ્યો હતો, તેમાં માર્ચમાં તીવ્ર ઘટાડો થયો હતો, જેમાં માત્ર રૂ. ૭૩૫ કરોડનો ઘટાડો થયો હતો. આ નોંધપાત્ર ઘટાડો રોકાણકારોના સેન્ટિમેન્ટમાં પરિવર્તન સૂચવે છે, જેમાં રસ વિશિષ્ટ સેક્ટરલ બેટ્સથી વધુ વૈવિધ્યસભર અને લવચીક રોકાણ વ્યૂહરચના તરફ આગળ વધી રહ્યો છે. માર્ચમાં, મિડ-કેપ અને સ્મોલ-કેપ મ્યુચ્યુઅલ ફંડ્સે અનુક્રમે રૂ. ૩,૪૩૯ કરોડ અને રૂ. ૪,૦૯૨ કરોડના પ્રવાહ સાથે નોંધપાત્ર રોકાણકારોના રસને આકર્ષવાનું ચાલુ રાખ્યું હતું. આ આંકડા ફેબ્રુઆરીમાં મિડ-કેપ્સ માટે રૂ. ૩,૪૦૬ કરોડ અને સ્મોલ-કેપ્સ માટે રૂ. ૩,૭૨૨ કરોડના પ્રવાહ કરતાં થોડો વધારો દર્શાવે છે. તેનાથી વિપરીત, લાર્જ-કેપ ફંડ્સમાં પ્રવાહમાં ઘટાડો જોવા મળ્યો, ફેબ્રુઆરીમાં રૂ. ૨,૮૬૬ કરોડની સરખામણીમાં માર્ચમાં રૂ. ૨,૪૭૯ કરોડ પ્રાપ્ત થયા હતા. અગ્રણી ફંડ મેનેજરે રોકાણકારોના વર્તનને કારણે ઇક્વિટી પ્રવાહમાં ઘટાડો થયો હોવાનું સમજાવતાં કહ્યું હતું કે, રોકાણકારોને સમાચારોના પ્રવાહમાં અનિશ્ચિતતા પસંદ નથી અને તેથી તેઓ બઆવા સંજોગોમાં વાડ પર બેસી રહેવાનું વલણ ધરાવે છે. તેમણે કહ્યું હતું કે, પરંતુ રોકાણકારો ભૂલી રહ્યા છે કે સારા ભાવ અને સારા સમાચાર મોટાભાગે એકસાથે આવતા નથી. તે કાં તો સારા ભાવ હોય છે અથવા સારા સમાચાર. તેથી જ્યારે સમાચાર પ્રવાહ ખરાબ હોય છે, ત્યારે ભાવ સારા હોઈ શકે છે અને રોકાણકારોએ બરાબર ઊલટું કરવું જોઈએ અને તેમના સમય ક્ષિતિજ, સંપત્તિ ફાળવણી અને નાણાકીય પરિસ્થિતિ અનુસાર ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં ખરીદી કરવી જોઈએ.

## આરબીઆઇ લિક્વિડિટી વધારવા માટે સિસ્ટમમાં ₹ ૪૦ હજાર કરોડ ઠાલવશે

મુંબઇઃ આરબીઆઇ અર્થતંત્રમાં પ્રવાહિતા વધારવા માટે બેન્કિંગ સિસ્ટમમાં રૂ. ૪૦ હજાર કરોડ ઠાલવશે. ભારતીય રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે તે ૧૭ એપ્રિલના રોજ વિવિધ પાકતી મુદતની સરકારી સિક્યોરિટીઝ ખરીદશે, જેની કુલ કિંમત ૪૦,૦૦૦ કરોડ રૂપિયા છે. બેન્કિંગ સિસ્ટમમાં લિક્વિડિટી વધારવા માટે ચાલુ નાણાકીય વર્ષમાં રિઝર્વ બેન્ક દ્વારા સિક્યોરિટીઝની આ ત્રીજી ઓપન માર્કેટ ઓપરેશન (ઓએમસી) ખરીદી હશે.

નોંધવું રહ્યું કે, ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની પહેલી ખરીદી ૩ એપ્રિલે કરવામાં આવી હતી, જ્યારે એટલી જ રકમની બીજી ખરીદી આઠમી એપ્રિલે કરવામાં આવી હતી અને હવે ૧૭ એપ્રિલે ત્રીજી ખરીદી કરવામાં આવશે. સત્તાવાર આંકડા દર્શાવે છે કે જાન્યુઆરી ૨૦૨૫થી અત્યાર સુધીમાં, રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયાએ બેન્કિંગ સિસ્ટમમાં લગભગ સાત લાખ કરોડ રૂપિયા રોકેલા છે. આ સાથે જ લિક્વિડિટી વધારવા માટે આરબીઆઇએ આ વર્ષે ફેબ્રુઆરી અને એપ્રિલ મહિનામાં બે વખત રેપો રેટમાં ઘટાડો કર્યો છે. જેના કારણે બેન્કો અને એનબીએફસી તરફથી મળતી લોન પરના વ્યાજ દરમાં ઘટાડો થયો છે. બેન્કિંગ સિસ્ટમમાં લિક્વિડિટી વધારવા માટે, આરબીઆઇ ઓપન માર્કેટ ઓપરેશન, ડોલર રૂપિયા સ્વેપ અને વેરિયેબલ રેપો રેટ જેવી ઘણી પદ્ધતિઓ અપનાવે છે. ઓપન માર્કેટ ઓપરેશન એટલે આ પોલિસી હેઠળ મની સપ્લાય કંટ્રોલ માટે, બેન્કિંગ સિસ્ટમમાં લિક્વિડિટી વધારવા અને અર્થતંત્રને વેગ આપવા માટે, આરબીઆઇ સરકારી સિક્યોરિટીઝ ખરીદે છે, જેનાથી બેન્કમાં પૈસા આવે છે. જેના કારણે બેન્કને વધુ લોન આપી શકે છે અને આર્થિક વિકાસને વેગ મળે છે. તેવી જ રીતે, જો માર્કેટમાં વધુ લિક્વિડિટી જણાય તો તે ઘટાડવા માટે આરબીઆઇ સરકારી સિક્યોરિટીઝ વેચે છે, જેનાથી બેન્કની લોન આપવાની ક્ષમતા ઘટશે અને તેથી માર્કેટમાં ઓછા પૈસા પહોંચશે. ઓપન માર્કેટ ઓપરેશન્સ એ એક સાધન છે જેનો ઉપયોગ આરબીઆઇ ફુગાવો, વ્યાજ દર અને નાણાં પુરવઠાને નિયંત્રિત કરવા માટે કરે છે.

# ભાવનગરના ૨,૨૦૦ જરૂરિયાતમંદ રત્ન કલાકારોને કિટ વિતરણ કરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર અને જિલ્લામાં હીરા ઉદ્યોગમાં હાલ મંદીનું વમળ સર્જાયું છે જેના કારણે રત્નકલાકારોની મજૂરીમાં ઘડાડો થવાથી લઈ તેમને ઘરે બેસવાનો વારો આવ્યો છે ત્યારે આવા જરૂરિયાતમંદ રત્નકલાકારો અને તેના પરિવારનું ગુજરાન ચલાવવાની જવાબદારી ભાવનગર ડાયમંડ એસો.એ લીધી છે. એસો.એ ઘઉં સિવાયની જીવન જરૂરિયાતની ખાદ્યસામગ્રીની કિટ તૈયાર કરી ૨,૨૦૦ રત્નકલાકાર પરિવારને અન્નદાન કર્યું હતું.

મુંબઈ સ્થિત જેમ્સ એન્ડ જવેલરી નેશનલ રિલિફ ફાઉન્ડેશન(જીજેએનઆરએફ)ના સહયોગથી ભાવનગર ડાયમંડ એસોસિએશને આ અભિયાન ઉપાડ્યું છે, જેમાં એસોસિએશનના સભ્યો દ્વારા એસો.માં નોંધાયેલાં હીરા કારખાનેદારનો સંપર્ક કરી તેમની પાસેથી જરૂરિયાતમંદ રત્નકલાકારની વિગત એકત્રિત કરવામાં આવી રહી છે અને તે વિગતના આધારે એસો. દ્વારા વિવિધ માપદંડના આધારે ખરાઈ કરવામાં આવી રહી છે. તમામ માપદંડમાં રત્ન કલાકાર જરૂરિયાતમંદ હોવાનું જણાતાં તેના આધાર કાર્ડ, મોબાઈલ નંબર સહિતના પૂરાવા મેળવી દૈનિક જરૂરિયાતમાં ઉપયોગી એવી અલગ-અલગ અનાજ-કઠોળ અને તેલ સહિત દોઢ માસ સુધી ચાલે તેટલી ખાદ્ય સામગ્રીની ૨૦ કિલોની કિટ સહાય પેટે આપવામાં આવે છે. ડાયમંડ એસો.ના પ્રમુખ ઘનશ્યામ ગોરજીયાના જણાવ્યાનુસાર, હાલ અન્નદાન યોજના હેઠળ ભાવનગર શહેર અને જિલ્લાના ૨,૨૦૦ રત્નકલાકાર પરિવારને કિટ અપાઈ છે.મહિનાના અંત સુધીમાં વધુ ૮૦૦ પરિવારને કિટ આપવામાં આવશે. ■

# ગુજરાતની નગરપાલિકાઓને નગર સેવા સદન સ્થાપવા માટેની સહાયમાં વધારો: કેટેગરી વાઈઝ ત્રણ થી છ કરોડની સહાય અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે રાજ્યની નગરપાલિકાઓ પોતીકા નવા નગર સેવાસદનનું નિર્માણ કરી શકે તે માટે તેમને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી સહાયમાં માતબર વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. નગર સેવાસદનમાં પોતાના કામકાજ માટે આવતા નાગરિકોને વધુ સરળતા અને સુવિધા મળે તેવો જનસુખાકારીનો અભિગમ રાખી સરકારે આ નિર્ણય લીધો હતો.

મળતી વિગતો અનુસાર મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગર સેવાસદનનું નિર્માણ માટે આપવામા આવતી સહાયની રકમ વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. નગર સેવાસદનના નિર્માણમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો સહિતના લોકો માટે લિફ્ટની સુવિધા તથા ઊર્જા આત્મનિર્ભરતા અને વીજબિલમાં બચત માટે સોલાર સિસ્ટમ કાર્યરત કરવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપવા નવા નગર સેવાસદનના બાંધકામમાં વરસાદી પાણીના સંગ્રહની સિસ્ટમ પણ ઊભી કરવાના દિશાનિર્દેશો રાજ્ય સરકારે આપ્યા હતા. રાજ્ય સરકારના આ નિર્ણય અનુસાર રાજ્યની 'અ' વર્ગ તથા 'બ' વર્ગની નગરપાલિકાઓને હાલ નવું નગર સેવા સદન બનાવવા માટે આપવામાં આવતી રૂ. ૨ કરોડની સહાયમાં ત્રણ ગણા જેટલો વધારો કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત 'અ' વર્ગની નગરપાલિકાઓને હવે નવું નગર સેવાસદન બનાવવા માટે રૂ. છ કરોડ તથા 'બ' વર્ગની નગરપાલિકાઓને રૂ. પાંચ કરોડની સહાય રાજ્ય સરકાર આપશે. રાજ્યની 'ક' અને 'ડ' વર્ગની નગરપાલિકાઓને પ્રવર્તમાન સ્થિતિએ નવું નગર સેવાસદન બનાવવા માટે રૂ. ૧ કરોડની સહાય આપવામાં આવે છે તેમાં વધારો કરીને હવે 'ક' વર્ગની નગરપાલિકાઓને રૂ. ચાર કરોડ અને 'ડ' વર્ગની નગરપાલિકાઓને રૂ. ત્રણ કરોડ મળવાપાત્ર થશે.

આ સાથે જ રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો કે, નગરપાલિકાઓના હયાત નગર સેવાસદનમાં રિપેરિંગ કે એક્સપાન્શન કરવા માટે જે-તે નગરપાલિકાઓને નવા નગરસેવાસદન બનાવવા માટે મળવાપાત્ર રકમના ૨૫ ટકા રકમ આ હેતુસર અપાશે. હાલના ધોરણો અનુસાર અ વર્ગની ૩૪ નગરપાલિકાઓ, બ વર્ગ ની ૩૭, ક વર્ગ ની ૬૧ અને ડ વર્ગની ૧૭ નગર પાલિકા છે. ■

# સુરતના વિવિધ વિસ્તારમાં ૪૨ કરોડના ખર્ચે ૧૪ શાળા માટે નવ ભવન બનાવવા ખાત મુહૂર્ત કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે આશીર્વાદરૂપ બની રહેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં નવા વિસ્તારમાં નવી શાળા અને નવા ક્લાસ રૂમ બનાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં નવી ૧૪ શાળા માટે નવ ભવન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. રવિવારે ૪૨ કરોડના ખર્ચે બનનારી શાળા માટે કેન્દ્રીય પ્રધાનના હસ્તે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

સુરત નગર પ્રાથમિક શાળા નં.૧૧/૧૨, કાપડીયા હેલ્થ ક્લબ પાછળ, અંબાનગર ખાતે ૯ શાળાભવનોમાં ૨૪૧ ઓરડાઓનું નિર્માણ કરવા માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ૪૨.૦૬ કરોડના ખર્ચે નિર્માણ થનારી ૧૪ પ્રાથમિક શાળાઓના ૦૯ ભવનોનું ખાતમુહૂર્ત કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આગામી દિવસોમાં ૨૪૧ ઓરડાઓનું નિર્માણ થશે જેથી ૫૫૦૦ બાળકોને લાભ મળશે. અદ્યતન શાળા ભવનોના નિર્માણથી શહેરી વિસ્તારના બાળકોની શિક્ષણ સુવિધામાં વધારો થશે શાળાના નવા ભવનનું નિર્માણ થી શહેરી વિસ્તારના બાળકોની શિક્ષણ સુવિધા તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીમાં વધારો થશે. ઝોન વિસ્તારમાં સ્થાનિક બાળકોને ઘરઆંગણે મળશે, ખાત મુર્હૂત કરવામાં આવ્યું છે તે શાળાનું નિર્માણ દોઢ વર્ષમાં પૂરું કરવામાં આવશે. ■



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભૂજ)

# કચ્છના રાપરના આડેસરમાં હિસ્ટ્રીશીટરની અવૈધ હોટલ તોડી પડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ પોલીસ તંત્ર દ્વારા ગુનાહિત ઈતિહાસ ધરાવનારાઓ દ્વારા સરકારી જમીનો ઉપર કરવામાં આવેલાં દબાણને જમીનદોસ્ત કરવાની શરૂ કરેલી વિશેષ ઝુંબેશના ભાગરૂપે સીમાવર્તી રાપરના આડેસર ખાતે એક હિસ્ટ્રીશીટરની અવૈધ હોટલનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી અંગે મળતી વિગતો મુજબ કચ્છના પ્રવેશદ્વાર સમા આડેસર ખાતે સરકારી જમીન પર આરોપી હારૂન અયુબ હિંગોરજાએ આડેસર-સામખિયાળી ધોરીમાર્ગ પર ગેરકાયેદે ચણી દીધેલું ત્રણ માળનું આલીશાન મકાન તથા તેની બાજુમાં બે માળનું મકાન તથા પતરાના શેડ સાથે કુલ ૧૫ ચોરસ ફૂટ, સહારા હોટેલનું પાકું બાંધકામ ૧૦ ચોરસ ફૂટ સાથે કુલ ૨ સહારા હોટલ પર બુલડોઝર ફેરવી, ૨૫૦૦૦ ચોરસ ફુટ જેટલી સરકારી જમીનને દબાણમુક્ત કરી દીધી હતી. દબાણકર્તા એવા હારુન અયુબ હિંગોરજા સામે ગેરકાયેદે ખનીજ ખનન, જીવલેણ હુમલો, લૂંટ જેવા અનેક કેસો નોંધાયા હોવાનું આડેસર પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ.વાળાએ જણાવ્યું હતું. ■

# ૧૧૧ કરોડના કૌભાંડમાં સંડોવાયેલો સાયબર ફ્રોડનો આરોપી ભાવનગરથી ઝડપાયો, ૬૨૩ બેંક એકાઉન્ટનો દુરુપયોગ કર્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ પોલીસે ભરૂચ અને સુરત સાયબર ક્રાઇમમાં નોંધાયેલા ગંભીર છેતરપિંડીના કેસમાં નાસતા-ફરતા આરોપીની ધરપકડ કરી હતી. આરોપી દશરથ રામજીભાઇ ધાંધલીયા (ઉંમર-૩૧) ભાવનગરના આખલોલ જકાતનાકા વિસ્તારમાંથી ઝડપાયો છે. તે મૂળ સુરતના ઉમરા ફાટક વિસ્તારનો રહેવાસી છે. આરોપી વિરુદ્ધ ભરૂચ સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજો બનાવવા સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયેલો છે. સુરત સાયબર સેલમાં પણ તેની વિરુદ્ધ આઈટી એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ છે. તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. આરોપીએ વિવિધ બેંકોના એકાઉન્ટ્સ મેળવીને તેના મળતિયાઓ દ્વારા કરવામાં આવેલા સાયબર ફ્રોડની રકમ જમા કરાવી ઉપાડી લેતો હતો. સુરત સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસમાં ૬૨૩ બેંક એકાઉન્ટ દ્વારા કુલ રૂ.૧૧૧ કરોડ જેટલી મોટી રકમના ટ્રાન્ઝેક્શન કરી સાયબર ફ્રોડ આચરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આરોપીની ધરપકડ બાદ તેને બોરતળાવ પોલીસ સ્ટેશનને સોંપી દીધો હતો. આ અંગે ભરૂચ સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશન તથા સુરત શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનને પણ જાણ કરવામાં આવી છે. ■

# મુંદરાના ચકચારી ખંડણીકાંડમાં સામેલ આરોપીઓની બે ઑફિસમાંથી જમીન-મિલકતના ઢગલાબંધ દસ્તાવેજો મળી આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુંદરા તાલુકાના નાના કપાયા ખાતે એક ૩૭ વર્ષિય યુવક સામે એક યુવતીએ પોલીસ સમક્ષ કરેલી અરજી અન્વયે તેને ખોટાં બળાત્કારના કેસમાં ફસાઈ જવાનો અને પ્રસાર માધ્યમોમાં બદનામી થવાનો ડર બતાડીને સમાધાનના નામે બોલાવી કાર અને મકાનના દસ્તાવેજો પડાવી લેવાના ચકચારી બનાવની તપાસમાં ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા હતા.

સ્થાનિક પોલીસે યુવકની પાંચ લાખની સ્વીફ્ટ ડિઝાયર કાર અને ત્રીસ લાખના મકાનના દસ્તાવેજો પડાવનારાં ચાર પૈકીના બે આરોપીની ઑફિસમાં જડતી લેતાં જુદાં જુદાં વ્યક્તિઓની માલ મિલકત અંગેના દસ્તાવેજો, કોરાં સ્ટેમ્પ પેપર, જુદી જુદી બેન્કોના ૨૬ કોરાં ચેક વગેરે મળી આવ્યાં હતા.

યુવકને બીક બતાવી, જાળમાં ફસાવનારા કહેવાતા પત્રકાર મુસ્તાક અલ્લારખિયાએ સમાધાન કરવાના બહાને પાવાપુરી ચાર રસ્તા પાસે સહારા ફાયનાન્સ નામની નાણાં ધીરધારની પેઢી ચલાવતા મોહમ્મદ શકીલ યાકુબ ધુઈયા (રહે. બારોઈ, મુંદરા)ની ઑફિસે બોલાવ્યો હતો. અહીં અગાઉથી મુસ્તાક, શકીલ, મોહમ્મદ રફીક હાજી ખોજા અને હિમાંશુ મકવાણા નામના ચાર આરોપીઓ હાજર હતા.

પોલીસે શકીલ અને એમ.એચ. ખોજાની ઑફિસમાં જડતી કરતાં ૩.૨૩ લાખ રોકડાં રૂપિયા, ફરિયાદીની પાંચ લાખની સ્વિફ્ટ કાર, ખોજાની હ્યુન્ડાઇ ક્રેટા અને શકીલની મહિન્દ્રા સ્કોર્પિયો એન કાર મળી ૧૫ લાખની ત્રણ કાર, આરોપીઓના કબજામાં મળેલાં ૧.૨૫ લાખના મોબાઈલ ફોન, ૩૪૦૦ રૂપિયાની કિંમતના ૪૬ કોરાં સ્ટેમ્પ પેપર કબજે કર્યાં હતા.

આરોપીઓની ઑફિસમાંથી જમીન વેચાણ, પાવરનામા, લોકોને નાણાં ઉછીના આપ્યાં હોવાના લખાણના દસ્તાવેજો, વિલ વસિયતનામા, સોગંદનામા, સાટા કરાર, મરણના દાખલા, જમીન તથા રૂપિયા સોંપ્યાની પહોંચો, ધ્રબ ગામનું તગાવી રોજમેળ, સચિન ટોપણ નામના વ્યક્તિની સ્યૂસાઇડ નોટ, કેટલાક દસ્તાવેજોની કાળા રંગની ફાઈલ, મિલકત કબજો સોંપ્યા અંગેના લખાણ સહિતના ઢગલાબંધ વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યાં હતા. આ ટોળકીએ મિલકત સંબંધી અન્ય ગુનાઓ આચર્યાં હોવાની પ્રબળ આશંકાને પગલે પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. ■

# મુંબઈગરા વૃદ્ધના નિધન બાદ નકલી દસ્તાવેજોથી વરસામેડીની જમીન હડપ કરવા પ્રયાસ કરનારા છ વિરુદ્ધ ફરિયાદથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અંજાર શહેરના પરાં સમાન વરસામેડી ગામમાં કિંમતી જમીન ધરાવતાં મૃત વ્યક્તિના નામે બોગસ દસ્તાવેજો બનાવીને ફાવી ગયેલા જમીન માફિયાઓએ એ જમીનને હડપ કરવા પ્રયાસ કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બહાર આવતાં કચ્છ સહીત બૃહદ કચ્છમાં ભારે ચકચાર પ્રસરી હતી.

આ અંગે મૃતકના પુત્ર ધીરજ સવજીભાઈ મંજેરી (પટેલ)એ છ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી મૂળ રાપરના અયોધ્યાપુરીના વતની છે અને વર્ષોથી સપરિવાર નવી મુંબઈ વસવાટ કરે છે. તેમના સ્વર્ગસ્થ પિતા સવજીભાઈએ વરસામેડી સીમ સર્વે નંબર ૩૪૩, ૩૫૨ પૈકી ૧ અને ૨ની જમીન પોતાના નામે ખરીદી હતી.

વ્યવસાયે બિલ્ડર એવા ધીરજે પોલીસને જણાવ્યું હતું કે, ગત ૯-૦૧-૨૦૨૫ના રોજ તેમની વરસામેડીની જમીનના હક્કપત્રમાં નવી નોંધ પડતાં તેઓએ ખાનગી રાહે કરાવેલી તપાસમાં જણાયું હતું કે, મુંબઈના રમેશકુમાર સિંગ નામના વકીલ પાસે ચાર જણે પોતે સવજીભાઈના પત્ની, બે પુત્રો અને પુત્રી હોવાનો દાવો કરતું ખોટું સોગંદનામું બનાવડાવ્યું જેમાં સ્વર્ગવાસી પિતાનો ખોટો ફોટો અને ખોટી સહી કરેલી હતી. એટલું જ નહીં, તેની સાથે તૈયાર કરાયેલું બોગસ પેઢીનામું રજૂ કરાયું હતું જેમાં પંચો તરીકે મનીષ કરસનદાસ પારેખ, રાજેશ શશિકાંત કાંબલે અને કેવલ પ્રકાશ દેશમુખ (ત્રણે રહે. મુંબઈ)એ સહીઓ કરી હતી. આ ઉપરાંત ગત ૨૮-૦૫-૨૦૨૪ના રોજ તેમના પિતાની માલિકીની જમીનમાં વધુ એક નોંધ પડી હતી. ■

# ભુજમાં ૧૭ વર્ષની કિશોરીએ, જયારે મુંદરામાં યુવકે ગળેફાંસો ખાઇ જીવ દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજના જય નગરમાં રહેનારી રિદ્ધિ સંજય ચૌહાણ નામની ૧૭ વર્ષીય કિશોરી જયારે મુંદરામાં વિજય કાળુ રાવળ નામના ૨૦ વર્ષના યુવાને ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ભુજના જય નગરમાં રહેનારી રિદ્ધિ ચૌહાણે કોઇ અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખામાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લીધો હતો. હતભાગીના પિતા સંજય હરીશચંદ્ર ચૌહાણ કિશોરીને સારવાર અર્થે જી.કે. જનરલ હોસ્પિટલમાં લઇ આવતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. આ અંગે શહેરના એ-ડિવિઝન પોલીસ મથકે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, મુંદરા શહેરના ખારી વિસ્તારના હરસુખ નગરમાં રહેનારા વિજય રાવળે કોઇ અગમ્ય કારણે પોતાનો રૂમ બંધ કરી છતના પતરાંની નીચે એંગલમાં રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. મૃતક વિજય માનસિક રીતે અસ્થિર હોવાનું મુંદરા પોલીસે જણાવ્યું હતું. ■

# ભુજની જાણીતી ખાનગી શાળાનાં ખાતામાંથી ૫૦ હજાર રૂપિયા બારોબાર ઉપાડી હિસાબનીશ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરની એક ખાનગી શાળાના હિસાબનીશે કોરા ચેકમાં સહી લઇ બારોબાર ૫૦ હજાર રૂપિયા ઉપાડી લીધા બાદ ફરાર થઇ ગયાની ફરિયાદ નોંધાતા શિક્ષણિક આલમમાં ચકચાર પ્રસરી હતી. આ બનાવ અંગે ભુજની સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટની શાળાના મેનેજર નીલેશ ગોહિલે એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ચાર માસથી આ સંસ્થામાં હિસાબનીશ તરીકે નોકરી પર લાગેલા અને નર્સરી, શાળા તથા કોલેજનું એકાઉન્ટ સંભાળતો આરોપી દીપક શર્મા (રહે. મૂળ દિલ્હી, હાલે અક્ષર હોમ્સ, ગીતા કોટેજ-ભુજ)એ ગત ૫મી એપ્રિલના રોજ સંસ્થાના ડાયરેક્ટર પાસેથી સંસ્થાની બેન્કનો કોરો ચેક લઇ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ પાસે સહી લઇ ખાતામાંથી ૫૦ હજાર રૂપિયા ઉપાડી લીધા હતા. આ નાણાં ઉપડતાં ડાયરેક્ટર્સ પાસે મેસેજ જતાં આ બાબતે તપાસ કરતાં દીપકે નાણાં સંસ્થાના ખર્ચ પેટે ઉપાડયાનું જણાવ્યું હતું.

ડાયરેક્ટરે નાણાં પાછા સંસ્થામાં જમા કરાવી જવાની વાત કરતાં આરોપીએ પોતાનો ફોન બંધ કરી ઘરને તાળું મારી ફરાર થઇ ગયો છે. પોલીસે હિસાબનીશ વિરુદ્ધ ઉચાપત આચરી હોવાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરના તળાજાના એકજ પરિવારના સાત સભ્યો વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગની અલગ અલગ બે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજા પોલીસ મથકમાં એકજ પરિવારના ૭ સભ્યો વિરુદ્ધ જમીન પચાવી પાડવાના મામલે બે અલગ અલગ ફરિયાદીની ફરિયાદ નોંધી ને પોલીસે આરોપીઓની ધરપકડ કરી છે. લેન્ડગ્રેબિંગ જેવા ગંભીર મામલે કલેક્ટર કક્ષાએથી તપાસ થયા બાદ પણ પોલીસ એફ.આઈ.આર ન નોંધતી હોય ખેડૂતને ફરી કલેક્ટર સમક્ષ ફરિયાદ ન નોંધતા હોય તેવી રાવ લઈને જવું પડ્યું હતું.

જિલ્લા મેજિસ્ટ્રેટ સુધી પહોંચેલી રાવને લઈ તળાજા પોલીસ ને એક્શન મોડમાં આવવું પડ્યું હોય તેવા બનાવ ની મળતી વિગતો પ્રમાણે તળાજાના જાણીતા વેપારી હરજીભાઈ ઓઘાભાઈ ભૂત રે.મૂળ.લીલીવાવ તથા પરષોત્તભાઈ પાંચાભાઈ સેંતા રે.મહુવા.આ બંનેની જમીન તળાજા નજીકથી પસાર થતી શેત્રુંજી નદી કિનારે સોમનાથ જીનિંગની નજીક આવેલ હતી.જેમાં પરષોત્તભાઈ સેંતાની આશરે સાડાસાત વિઘા તથા હરજીભાઈ ભૂત ની આશરે તેર વિઘા જમીન પાદરી(ગો) ગામના એકજ પરિવારના સભ્યોને આપી હતી. જ્ઞાતિબંધુના કારણે આપેલ જમીન પચાવી પાડતા કલેક્ટર કચેરીમા લેન્ડગ્રેબિંગ અંગે કાયદેસરની કાર્યવાહી કરી હોવા છતાંય જમીન ખાલી ન કરતા તળાજા પોલીસે આરોપીઓ વિરુદ્ધ બે અલગ અલગ ગુન્હાઓ નોંધી અટકાયત કરી પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે બંને જમીનની કિંમત મળી લાખો રૂપિયાની કિંમતની થાય છે. ■

# જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ફલ્લા નજીક બે બાઈક વચ્ચેની ટક્કરમાં પત્નીનું પતિની નજર સમક્ષ કરુણ મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર જિલ્લાના જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ફલ્લા નજીક બે બાઈક વચ્ચે ધડાકાભેર ટકકર સર્જાઈ હતી, જે અકસ્માતમાં બાઈક્સવાર પરપ્રાંતિય શ્રમિક મહિલાનુ ગંભીર ઇજા થવાથી તેના પતિની નજર સમક્ષ જ કરુણ મૃત્યુ નિપજયુ હતુ. જયારે અકસ્માત સર્જી નાશી છૂટેલા બાઇકચાલક સામે પોલીસે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

ધ્રોલ પંથકના વાડી વિસ્તારમાં રહેતા અને ખેતમજૂરી કામ કરતા બદીયાભાઇ દિતીયાભાઈ માવી નામનો પરપ્રાંતીય શ્રમિક અને તેના પત્ની મીનાબેન બન્ને બાઈક પર ફલ્લા નજીક ધ્રોલ જતા માર્ગ ઉપરથી પસાર થઇ રહ્યાં હતાં, ત્યારે પુરપાટ દોડતા અન્ય એક બાઈકચાલકે આ ડબલસવારી બાઇકને પાછળથી ઠોકર મારતાં અકસ્માત સર્જાયો હતો.

આ બનાવ અંગે મૃતકના પતિ બદીયાભાઈ માવીની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી નાશી છુટેલા બાઈકચાલકની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે. મૃતક મહિલા મુળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની હોવાનું તેમ જ ખેતમજૂરી કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભાવનગરમાં મહિલાના બંધ મકાનમાંથી ૭૯ હજારની મતાની ચોરી

ભાવનગર: ભાવનગરના હાદાનગર, રામેશ્વરનગરમાં રહેતા મહિલાના બંધ મકાનમાંથી સોના-ચાંદીનાં ઘરેણાં અને રોકડ રકમ મળી કુલ રૂ.૭૯,૫૦૦/- ની મતાની ચોરી કરીને ફરાર થઈ જતા મહિલાએ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગત અનુસાર શહેરના હાદાનગર, રામેશ્વરનગરમાં આવેલ પ્લોટ નં. બાવીસમાં રાજુભાઈ ત્રિવેદીના મકાનમાં ભાડે રહેતા દક્ષાબેન જીવરાજભાઈ પંડ્યા અને તેમના માતા નિર્મળાબેન ગત તા.૨૮/૩ ના રોજ સુરત ગયા હતા અને તા.૩૧/૩ ના રોજ સવારે ભાવનગર પરત ફર્યા તે દરમિયાન તેમના બંધ મકાનના દરવાજાનું તાળું તોડી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા અને બેડરૂમના દરવાજાનો નકૂચો તોડી રૂમમાં રાખેલ લોખંડની તિજોરીમાં રાખેલ રૂ.૧૦,૦૦૦/- રોકડા, લાવા કંપનીનો ફોન,સોના-ચાંદીના ઘરેણાં અને એટીએમ કાર્ડ સહિતના ડોક્યુમેન્ટ સાથેનું પર્સ મળી કુલ રૂ. ૭૯,૫૦૦/- ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ચોરીની આ ઘટના અંગે દક્ષાબેન પંડ્યાએ અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વડોદરાની જીઆઈપીસીએલ કંપનીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેઈલ આવ્યો, પોલીસે તપાસ હાથ ધરી

અમદાવાદ: વડોદરામાં આવેલી જીઆઈપીસીએલ કંપનીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો મેઈલ આવ્યો હતો. નોંધનીય છે કે કંપનીના અધિકારીને મેઈલમાં ધમકી મળી હતી કે, કંપનીને બોમ્બથી ઉડાવી દઈશું. આ સમગ્ર બાબતને લઈને કંપનીએ પોલીસને જાણ કરી હતી જેથી એસઓજી, ક્રાઈમ બ્રાંચ, પીસીબી અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ દ્વારા અત્યારે બોમ્બ સ્કવોડની ટીમ પણ ઘટનાસ્થળે બોલવામાં આવી હતી અને તપાસ શરૂ કરવામાં આવી હતી. આ લખાય છે ત્યાં સુધી કોઈ શંકાસ્પદ મળ્યું ન હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. નોંધનીય છે કે, આ કંપની દ્વારા થર્મલ, રિન્યૂએબલ એનર્જી અને માઈન્સનું કામ કરવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ સૌથી મોટો સોલર પ્લાન્ટ પણ આ કંપની પાસે છે. જેથી આવી ધમકી મળતા કંપનીના અધિકારીઓ ગભરાઈ ગયા હતા અને સત્વરે પોલીસને જાણ કરી દીધી હતી. પોલીસે ઘટના સ્થળ પર આવીને તપાસ કરી પરંતુ શંકાસ્પદ કોઈ વસ્તુઓ મળી આવી નથી.

જેથી કંપનીના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મેઈલ ક્યાંથી આવ્યો તે અંગે તપાસ થઇ રહી છે. અગાઉ પણ આવા ધમકીભર્યા મેલ શૈક્ષણિક સંસ્થાઓને મળ્યા હોવાની ઘટના વડોદરા શહેરમાં બની છે. આ અંગે કંપનીનાં સૂત્રોનો સંપર્ક થઈ શક્યો નથી. ■

# ગાંધીનગર નજીક સાબરમતીમાં નહાવા પડેલા બે અમદાવાદી યુવક ડૂબ્યા, એકનું મોત, બીજો હજુ ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગરમાં રવિવારે (૧૩ એપ્રિલ)ના રોજ સાબરમતી નદીમાં નહાવા ગયેલા બે યુવકો ડૂબી ગયા હતા. જેમાંથી એકનો મૃતદેહ મળી ગયો હતો જ્યારે અન્ય એકની શોધખોળ થઈ રહી છે. બંને યુવકો અમદાવાદના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું.

અમદાવાદના ચાંદખેડાના રહેવાસી બે યુવકો વધતી ગરમીના પ્રકોપે ગાંધીનગરમાંથી પસાર થતી સાબરમતી નદીમાં નહાવા ગયા હતા. આ દરમિયાન બંને યુવકો નદીમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતા ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહ બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ૧૯ વર્ષીય આર્યન સિંહ રાજપૂતની લાશ મળી આવી આવી હતી. આ સિવાય બીજો યુવક અંશ પડિતનો મૃતદેહ મળી શક્યો ન હતો, તેથી તેની શોધખોળ યથાવત છે. યુવકોના મોતથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો હતો. ■